શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
એપ્રિલ : ૨૦૧૮ • અંક : ૧૦
પાના નં. : ૧ • (કુલ પેજ : ૫૦)

૧૫ એપ્રિલ, ૨૦૧૮ • પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૪-૨૦૧૮ • કિંમત : રૂા. ૧૮/-











## બેન્કિંગ ક્ષેત્રે કરોડો રૂપિયાની લોનનું કૌભાંડ

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

Manufacturers & Exporters of
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

**Girlie**™
Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com



**SILICON**®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**iolite**

SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material.

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@rediffmail.com, savlamukesh2002@gmail.com

FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)


**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031


www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL › 88 66 71 44 99 | 88 66 38 44 99

## દરેક પરિવારમાં એટલિસ્ટ આ પુસ્તકો હોવાં જ જોઈએ !


- **દીકરો વહાલનું આસમાન • નીલમ દોશી • રૂ. 280**
  દીકરી વહાલનો દરિયો છે તો દીકરો વહાલનું આસમાન છે એવું પુરવાર કરતા લેખો.
- **પિતા-પપ્પા-ડેડી • સંપા. રતિલાલ બોરીસાગર • રૂ. 250**
  માતાનો મહિમા ગાતાં પુસ્તકો અનેક છે, પિતાના મહત્ત્વની માર્મિક વાતો સમજાવતું પુસ્તક.
- **માય ડિયર સન • ડૉ. રેણુકા પટેલ • રૂ. 165**
  એક માતાએ દીકરાને લખેલા લાગણી નીતરતા પત્રો.
- **ઘરથી ઘર સુધી • હિતેન આનંદપરા • રૂ. 151**
  ઘર એટલે શું ? પારિવારિક સંબંધો, ઘરની સજાવટ, વિવિધ ઓરડાઓનું મહત્ત્વ વગેરે.
- **પુરુષ એક સેન્ડવીચ • રીકિન શાહ • રૂ. 100**
  પત્ની અને માતા વચ્ચે રહેંસાતા પુરુષની પીડા રજૂ કરતા લેખો.
- **મેરા જીવનસંગીત • ડૉ. કમલેશ આવસત્થી • રૂ. 200**
  'વોઈસ ઓફ મૂકેશ' તરીકે જાણીતા અને લોકપ્રિય ગાયક ડૉ. કમલેશ આવસત્થીની રસછલોછલ આત્મકથા.
- **અમિતાભ બચ્ચન • અનુ. બકુલ દવે • રૂ. 750**
  મહાનાયક અમિતાભ બચ્ચનની જીવનસફરની સચિત્ર રસભરી દાસ્તાન
- **અંતર્નાદ • અનુ. બકુલા ઘાસવાલા • રૂ. 475**
  વિશ્વવિખ્યાત નૃત્યાંગના મૃણાલિની સારાભાઈની સંઘર્ષ અને સંવેદનસભર આત્મકથા
- **મહાભારતના પ્રસંગો • રતિલાલ બોરીસાગર • રૂ. 250**
  બાળકો-કિશોરો માટે સમગ્ર મહાભારતનો સાર આવરી લેતા વિશિષ્ટ પ્રસંગો રંગીન અને સચિત્ર રૂપે.
- **બાળવાર્તાના ટહુકા (પુ. 5, પુરસ્કૃત) • વસંતલાલ પરમાર • રૂ. 200**
  બાળકોનું ઉત્કૃષ્ટ ચારિત્ર્યઘડતર કરતી મોજભરી બાળવાર્તાઓ
- **શિશુ અભિવાદન ગ્રંથાવલિ (પુ. ૫., પુરસ્કૃત) • કનૈયાલાલ જોશી • રૂ. 200**
  સાહસ અને પરાક્રમ દ્વારા રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરનાર બાળકો-કિશોરોની સાચી સાહસકથાઓ
- **કેન્સર મટી શકે છે • ડૉ. ચિરાગ શાહ • રૂ. 400**
  કેન્સરના જીવલેણ વ્યાધિ સામે સુરક્ષાકવચ રચતું આરોગ્યનું માર્ગદર્શન
- **દંપતી મેનોપોઝ : મૂંઝાવું શાને ? • ડૉ. કલા શાહ • રૂ. 100**
  સ્ત્રી અને પુરુષના મેનોપોઝ વિશે વૈજ્ઞાનિક અને સંવેદનાસભર માહિતી.
- **બાળકોની માવજત જાતે કરો • ડૉ. હર્ષદ કામદાર • રૂ. 340**
  બાળકોના વિવિધ રોગોના ઉપચાર અને તંદુરસ્તીની માવજત માટેના ઉપાયો સમજાવતું પુસ્તક.










## ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઈમેલ : gurjarprakashan@gmail.com

વર્ષ-૩૧ ● અંક - ૧૦
૧૫ એપ્રિલ, ૨૦૧૮

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
દિનેશ આર. મહેતા
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
ભોલાભાઈ ગોલીબાર
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
શ્રી ભરત ઓઝા - સભ્ય
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
શ્રી સુનીલ દાવડા - સભ્ય
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી લેખ**
- કચ્છમાં ઉદ્યોગોનો વિકાસ – ફેઝ ૨
- કચ્છમાં નર્મદા નદીના નિયમિત / વધારાના પાણીનો સિંચાઈ અર્થે વપરાશ .......... **અશોક મહેતા**....૭

**સાંપ્રત**
- બેંક લોન કૌભાંડોમાં કરોડો ગયા એટલે ખ-રે-ખ-ર કરોડો કોના (ગ–યા) .......... **પ્રવીણચંદ્ર શાહ**....૯
- ૫મી એપ્રિલ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને રાષ્ટ્રીય વહાણવટા દિવસનો સુભગ સંજોગ .......... **વી.જે. ઠાકર**....૧૨ **નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક**

**કચ્છ**
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત કચ્છના નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ .......... ...૧૫
- કચ્છનું ફોસિલ્સ પાર્ક .......... **અશ્વિન ઝિંઝુવાડિયા**....૨૧

**પ્રતિષ્ઠા**
- સુખ એટલે 'તમે' અને 'આપ' સાંભળી-સાંભળીને થાકી ગયા હોઈએ ત્યારે 'તું' કહેનાર દોસ્ત મળે – એ પળ એટલે સુખ! .......... **ભોલાભાઈ ગોલીબાર**....૨૩

**વાઇબ્રન્ટ હાસ્ય**
- લાફટર થેરેપી - લાફટર ઈસ ધી બેસ્ટ મેડિસિન – (૪) .......... **તુલસી કંસારા**....૨૫

**સ્વાસ્થ્ય**
- બાળકો અને માનસિક સ્ટ્રેસ – (૧) .......... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૨૭ **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**સંશોધન**
- ચીનના એક ગામમાં ઠીંગણા લોકો કેમ જન્મે છે? .......... **નજમા વાય. ગોલીબાર**.....૨૯

**જીવન વૃત્તાંત**
- ફર્સ્ટ ફીમેલ સુપરસ્ટાર ઓફ બોલીવુડ : શ્રીદેવી .......... **પાર્થ દવે, પત્રકાર**.....૩૦

**વિવિધતા**
- પ્રતિભાવ .......... ....૩૧
- અન્ય સંસ્થાઓના સમાચાર .......... .....૩૨
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : ગેમ : નારીના વિવિધ રૂપ .......... **ભાવના એ. ઝવેરી**....૩૫
- 'કલર્સ ઓફ રણ' પુસ્તકનું વિમોચન અને ભુજમાં વિજયરાજજી પુસ્તકાલયમાં 'સાહિત્ય રસિકોનું મિલન યોજાયું ....... **સંકલન : દિનેશ આર. મહેતા**....૩૬
- પુસ્તક સમીક્ષા .......... **બાબુલાલ ગોર**....૩૭
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૧ .......... **પ્રદીપ જોષી - આદિપુર**....૪૬

**મેઘ ધનુષ**
- કોમ્પ્યુટરને સવાલ : **'આરસી' શાહ** ● કંટક સાથે ગુલાબ : **અરવિંદ સોમૈયા**.... ....... ૩૮
- પાછી આવી છું : **રમીલા પી. મહેતા** ● બીજ ખીલે : **ખત્રી હુસેન ઇસ્માઇલ**......... ...૩૮
- કુડા માડુ : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ● મોકલું છું : **અતુલ ઉપાધ્યાય**............. ....૩૮

## વિભાગ-૨

- પરિવાર સમાચાર .......... ૩૯
- સમાજ સમાચાર .......... ૪૦
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ .......... ૪૪






# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.

શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.

નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.


બ્રાંચ કટર


પેટ્રોલ ચેઈન સો


ગ્રીન વેસ્ટ શ્રેડર

TRITON

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ, અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

તંત્રીલેખ

# કચ્છમાં ઉદ્યોગોનો વિકાસ – ફેઝ ૨



અશોક મહેતા

વર્ષ ૨૦૦૧માં કચ્છમાં ધરતીકંપ આવ્યો. ચારેબાજુ વિનાશના કેર વર્તાયા. કચ્છ તહસ નહસ થઈ ગયું. ત્યારબાદ એ સમયની સરકારે કચ્છને ઉભું કરવા ટેક્ષ હોલી ડેની યોજના જાહેર કરી. અનેક ઉદ્યોગો કચ્છમાં આવવા લાગ્યા. જોતજોતામાં ૧૫૦ મહાકાય ઉદ્યોગો કચ્છમાં સ્થાપિત થયા. કચ્છની સુરત પલટાઈ ગઈ. કચ્છની પ્રજાએ આબાદીની રાહે પગરણ માંડ્યા. મનીઓર્ડર ઈકોનોમિની હવે જરૂરિયાત ઓછી થવા લાગી. કચ્છમાં કેટલેક સ્થળે રી-માઈગ્રેશન પણ શરૂ થવા લાગ્યું. આ બધી વિગતો હવે આપણા માટે રૂટિન થઈ ગઈ. ગઈકાલની વાતોની ગાથા ગાઈએ તે તેની જગ્યાએ બરાબર છે પરંતુ હજુ પણ આપણે પ્રગતિશીલ દેશોની સરખામણીએ અનેકગણા પાછળ છીએ. "હવે પછી શું?" તેના પર આપણે નજર દોડાવવી જોઈએ. વધુ વિકાસની શક્યતા વિચારી તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન – ફોકીઆના મેનેજિંગ ડાયરેક્ટર **શ્રી નિમિષ ફડકે**ની વિચારસરણી મુજબ હવે આપણે **"કચ્છમાં ઉદ્યોગોનો વિકાસ – ફેઝ ૨"** પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેના પર ચર્ચા વિચારણા કરવી જોઈએ.

ધરતીકંપ પછી જે ઉદ્યોગો કચ્છમાં આવ્યા તેનું તે સમયે યોગ્ય પ્લાનિંગ થયેલ ન હોવાથી હજારો એકર ખેતીલાયક જમીન એન.એ. કરાવડાવી, જે તે ઉદ્યોગોના વપરાશમાં આવી ગઈ. કચ્છમાં આવનાર કોઈ પણ ઉદ્યોગકારને જ્યાં અનુકૂળ લાગ્યું, ત્યાંની જમીન સંપાદિત કરી પોતાના ઉદ્યોગો સ્થાપિત કરવાની શરૂઆત કરી દીધી. ટેક્ષ હોલી ડે – કર રાહતની યોજના માત્ર ૫ વર્ષ માટે હોવાથી તેઓએ ઉતાવળે પોતાના પ્લાન્ટ સ્થાપી પોતાનું પ્રોડક્શન એ સમયે ચાલુ કરી દીધેલ હતું. પરિણામે મોટાભાગના ઉદ્યોગો ભચાઉ - ગાંધીધામ - મુંદ્રા પટ્ટીમાં અથવા તો ભચાઉ - અંજાર - ભુજ પટ્ટીમાં સ્થાપિત થયા. કચ્છના પશ્ચિમ વિભાગના ત્રણ તાલુકા નખત્રાણા, અબડાસા અને લખપત તથા ઉત્તરના ભાગે ભુજથી બન્ની અને એ તરફના રણ વિસ્તાર સુધી તેમજ રાપર - ભચાઉ વિભાગમાં પ્રમાણમાં નહિંવત્ ઉદ્યોગો આવ્યા કે જેના પરિણામે કચ્છનો જે વિકાસ થયો તે અસમતોલ રહેવા પામ્યો.

ગુજરાત સરકારશ્રી પ્લાનિંગ મુજબના આયોજન કરી કચ્છના પશ્ચિમ વિભાગના તાલુકાઓમાં ત્યાંથી નીકળતા વિવિધ પ્રકારના મિનરલના અનુસંધાને મિનરલ બેઝ્ડ ઉદ્યોગોને આવકારી શકે છે. બન્નીથી આગળના રણ વિસ્તારમાં રાસાયણિક ઉદ્યોગો માટે આયોજન કરી શકે છે. કંડલા - મુંદ્રા બંદરની આસપાસ (એક્ષપોર્ટ માટે બંદરનો ઉપયોગ થઈ શકે એ રીતે) સ્ટીલ પ્લાન્ટના આયોજન કરી આ પ્રકારના ઉદ્યોગોને આવકારી શકે છે. રાપર - ભચાઉ વગેરે સ્થળે નર્મદા નદીના પાણીથી ખેતી થવાની શરૂઆત થઈ ગયેલ હોવાથી આ વિભાગમાં એગ્રો બેઝ ઈન્ડસ્ટ્રીઝના પ્લાનિંગ થઈ શકે છે. એ જ રીતે કંડલા - મુંદ્રા બંદરની આસપાસ ગ્રેડિંગ સેન્ટર, રેડિયેશન પ્લાન્ટ વગેરેની સ્થાપના કરાવી કચ્છમાં પાકતા અને હવે પછી પણ વધુ વિકાસ પામનાર બાગાયતી પાકો માટે એક્ષપોર્ટરના દ્વાર ખુલ્લા કરાવી શકે છે.

આ બધા ઉદ્યોગોને જોઈતા પાણીની વ્યવસ્થા ભદ્રેશ્વરની આસપાસ અથવા તો લખપતની આસપાસ ૧૦૦ MLD કેપેસિટીના ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપિત કરાવડાવી, આ ઉદ્યોગોને જોઈતા પાણીનો પુરવઠો પૂરો પાડી શકે છે. આપણે ઇચ્છીએ કે હવે પછી તરતમાં આયોજન મુજબ **"કચ્છમાં ઉદ્યોગોનો વિકાસ – ફેઝ ૨"** પર લાગતા વળગતા સહુ કોઈ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી આયોજન વિચારશે તો તે કચ્છના હિતમાં રહેશે.

# કચ્છમાં નર્મદા નદીના નિયમિત / વધારાના પાણીનો સિંચાઇ અર્થે વપરાશ

*નર્મદા નદી પર સરદાર સરોવર બંધની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલ હોવાથી તેનું વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે થોડા સમય અગાઉ લોકાર્પણ કરવામાં આવેલ હતું. પરંતુ નર્મદા નદીના પાણી આધારિત સિંચાઈ યોજનાની કેનાલોના કામો પૂર્ણ થયેલ ન હોવાથી આ પાણીનો લાભ ગુજરાતની જનતાને હજુ આયોજન મુજબ મળવા પામેલ નથી.*

*સરદાર સરોવર નર્મદા નિગમની મૂળ યોજના પ્રમાણે જે - તે વિભાગના ૧૦-૧૨ ગામોના ખેડૂતો કે જેમને નર્મદા નદીના સિંચાઈના પાણીનો લાભ મળનાર છે તેઓ પોતાની પાણી મંડળી બનાવી એક તરફથી નક્કી કરેલ પોઈન્ટ પર નર્મદા નિગમ પાસેથી પાણી મેળવે અને ત્યારબાદ આ ખેડૂતોના ખેતરમાં પાણી આપવાનું આયોજન ગોઠવે. નિગમ મંડળીને મીટર રીડિંગના ધોરણે વોલ્યુમેટ્રિક પદ્ધતિથી બીલ બનાવી તે બીલની રકમ વસુલ કરે અને પાણી મંડળી જે તે ખેડૂતોને મીટર રીડિંગના હિસાબે બીલ આપી તે બીલની રકમ જે-તે ખેડૂત પાસેથી વસુલ કરે. મીટર રીડિંગના ધોરણે વોલ્યુમેટ્રિક પદ્ધતિથી ખેડૂતને પાણી મળતું હોવાથી જે તે ખેડૂત જરૂરિયાત જેટલા જ પાણીનો વપરાશ કરે અને તેથી પાણીનો વ્યય થતો અટકી જાય.*

*હજુ સુધી આ રીતે બધા જ પ્રકારની (માઈનોર, સબ માઈનોર વગેરે) કેનાલો બનાવવામાં આવી શકેલ ન હોવાથી અને મોટાભાગના કિસ્સામાં પાણી મંડળીની રચના પણ થયેલ ન હોવાથી આ યોજનાના અત્યારના છેલ્લા તબક્કે ખૂબ જ અંધાધૂંધી પ્રવર્તે છે. ખેડૂતોને કોઈ પણ પદ્ધતિથી ખેતરે ખેતરે પાણી પહોંચાડી શકાતું ન હોવાથી જે તે વિભાગના ખેડૂતો ડીઝલ પંપ મૂકી પોતાને મન ફાવે તે રીતે પાણી લઈ જાય છે અને તેના કોઈ પૈસા ચૂકવવાના ન હોવાથી જોઈએ તેના કરતા અનેકગણા પાણીનો વ્યય થાય છે. પરિણામે નિર્ધારીત એકરોની જમીનને આ પાણીનો લાભ મળી શકતો નથી. નર્મદા નિગમ મીટર રીડિંગના ધોરણે પાણી પહોંચાડી શકતી ન હોવાથી ખેડૂતો દ્વારા ખેતી કરવામાં આવતી જમીનના એકરના ધોરણે પાણીના બીલો બનાવે છે કે જેનું ન તો ખેડૂતો પેમેન્ટ કરે છે કે ન તો નિગમને કોઈ આવક થાય છે. પરિણામે એક તરફ ખૂબ જ અંધાધૂંધી પ્રવર્તી રહેલ છે અને બીજી તરફ પાણીનો પુષ્કળ પ્રમાણમાં વ્યય થાય છે.*

*કચ્છને નર્મદા નદીના ૦.૫ M.A.F. નિયમિત પાણી અને ૧.૦૦ M.A.F. વધારાના પાણી ફાળવવામાં આવેલ છે. આવતા બે વર્ષમાં નિયમિત પાણીની કેનાલના કાર્યો પૂરા થાય તેવી શક્યતા દેખાઈ રહેલ છે જ્યારે વધારાના પાણી ખેડૂતો વાપરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થતાં હજુ સારો એવો સમય નીકળી જાય એવી શક્યતા રહેલ છે.*


*જ્યારે નિયમિત પાણી કચ્છમાં એક છેડે પહોંચી આવેલ છે ત્યારે કચ્છમાં પણ આ પાણીની અંધાધૂંધીભરી પરિસ્થિતિ પેદા ન થાય તે માટે જે તે વિભાગમાં લાભાન્વિત ખેડૂતોની પાણી મંડળીની રચના કરાવડાવી ખેડૂતોને વોલ્યુમેટ્રિક પદ્ધતિથી પાણીનું વિતરણ કરવામાં આવશે તો પાણીનો વ્યય થતાં સારા એવા પ્રમાણમાં રોકી શકાશે અને આ પાણીનો વેડફાટ અટકાવી શકાશે. વોલ્યુમેટ્રિક પદ્ધતિથી ખેડૂતોને પાણી મળતા થશે તો જે - તે ખેડૂત પણ પોતાની જરૂરિયાત મુજબનું જ પાણી મેળવવા પ્રયાસ કરશે. પરિણામે આયોજન મુજબના નિર્ધારીત વિસ્તારમાં આ પાણી દ્વારા પાકો મેળવી શકાશે.*

*વિશેષમાં અગર આ લાભાન્વિત ખેડૂતો પોતાના ખેતરમાં ડ્રીપ પદ્ધતિ દાખલ કરી પાણીનો વપરાશ કરશે તો તેને ખૂબ જ ઓછું પાણી જોઈશે અને આ પાણીના બચાવના કારણે તેનું પાણીના વપરાશનું બીલ પણ નાનું થઈ શકશે. પાણીના ઓછા વપરાશથી વધુ જમીનમાં ખેતી થઈ શકશે. પરિણામે અન્ય અનેક ખેડૂતોને પણ આ પાણીનો લાભ મળતાં તેઓ પણ આબાદ થઈ શકશે. વધુને વધુ ખેડૂતોની આવકમાં વધારો થઈ શકશે. સરકારશ્રીના અત્યારના નીતિ નિયમો પ્રમાણે ખેડૂતોને ડ્રીપ સિસ્ટમની ખરીદીમાં ૭૦ ટકા સબસીડી મળવાપાત્ર છે. પરિણામ સ્વરૂપે ડ્રીપ સિસ્ટમની ખરીદી મોટાભાગના ખેડૂતોના ગજવાને પરવડી શકે તેવી છે. અગર આ ડ્રીપ સિસ્ટમ માટે વિધિસરનું એક અભિયાન કચ્છના લાભાન્વિત વિસ્તારમાં કોઈપણ એન.જી.ઓ. દ્વારા ચલાવવામાં આવે તો તે ખેડૂતોને ખૂબ જ ઉપકારી થઈ શકે તેમ છે. જાણકારી મુજબ કચ્છ ભાજપની કિસાન સેલના પ્રમુખ **શ્રી મહેન્દ્રભાઈ ગઢવી**એ આ ઝુંબેશ શરૂ કરવા પોતાની સહમતિ જાહેર કરેલ છે. અગર આવતા દિવસોમાં આ શક્ય બની શકશે તો તેના પરિણામો ખૂબ જ ઉત્સાહજનક આવી શકશે અને કચ્છ નંદનવન બનવા તરફ પ્રયાણ કરી શકશે.*

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

સાંપ્રત


# બેંક લોન કૌભાંડોમાં કરોડો ગયા, એટલે ખ-રે-ખ-ર કરોડો કો-ના ગ-યા?



પ્રવીણચંદ્ર શાહ

દેશભરમાં અનેકાનેક અભિયાનો ચાલી રહ્યા છે. 'નિર્મલ ગંગા અભિયાન', 'બેટી બચાઓ અભિયાન', 'સ્વચ્છતા અભિયાન', 'ઘર ઘર ટોઇલેટ અભિયાન' – વગેરે વગેરે. આ બધા અભિયાનોની સફળતાની તો આપણને જ્યારે ખબર પડે ત્યારે ખરું. પણ એક મહાઅભિયાન તો પૂરબહાર જોશ અને જોમથી અમલી બની રહ્યું છે, તે આપણે, આપણી સગી આંખે જોઈ રહ્યા છીએ અને જાણી રહ્યા છીએ, તે છે : 'બેંક લોન કૌભાંડ અભિયાન.' બીજા કોઈ પણ અભિયાનને શરમાવી શકે તેવી અનન્ય સફળતા આ અભિયાનને સાંપડી રહી છે. તેના દૃષ્ટાંતો તો અનેકાનેક છે, જે બધાને આ લેખમાં સમાવવાનું શક્ય નથી; પણ થોડાં દૃષ્ટાંતોની ટૂંકી વિગતો જાણવાનું રસપ્રદ છે.

**૧.** પંજાબ નેશનલ બેંક (ટૂંકમાં પીએનબી બેંક) સાથેના **નીરવ મોદી** અને **મેહુલ ચોક્સી**ના રૂપિયા ૧૭ હજાર કરોડના લોન કૌભાંડનો આંકડો લગભગ ૨૦ હજાર કરોડે પહોંચશે તેમ પીએનબીના વરિષ્ઠ અધિકારીઓની હાલ પૂરતી કાચી ગણતરી છે. પીએનબી ને ૧૭ હજાર કરોડનો સફાઈદાર ચૂનો લગાડી, વિદેશ ભાગી જનાર નીરવ મોદીએ પીએનબીને સાફ જણાવી દીધું છે કે તમે મારો ભાંડો જાહેરમાં કેમ ફોડ્યો? – માટે હવે પૈસા નહીં આપું. નીરવ મોદી - મેહુલ ચોક્સી કૌભાંડનો




પરદાફાસ થયા પછી સરકાર, સીઆઈડી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી), ઈકોનોમિક ક્રાઈમ બ્યુરો, ઈન્કમટેક્ષ વગેરે જેવી અનેક એજન્સીઓ ભારે કામમાં લાગી ગઈ છે. અને ભાણેજ - મામાની જેટલી મિલ્કતો, પ્રોપર્ટી, હીરા-માણેકના સ્ટોક, બેંક એકાઉન્ટો વગેરે પર સીલ માર્યા છે, જપ્ત કર્યા છે, જેનો આંકડો આ લખાય છે ત્યાં સુધીમાં ૬૦૦ કરોડની આસપાસ હોવાનું બતાવાય છે. ૧૭ હજાર કરોડ ક્યારે વસુલ થશે તે માત્ર ઉપરવાળો જ જાણે છે!

**૨.** મેહુલ ચોક્સી, નીરવ મોદીના મામા થાય છે. ચોક્સી વીસ-બાવીસ વર્ષોથી પણ વધારે સમયથી હીરા-માણેક-મોતી જડિત સુવર્ણ અલંકારોના વ્યવસાયમાં છે. ભાણેજ નીરવ મોદીએ (ગોરખ) ધંધાની તાલીમ મેહુલ મામા પાસે રહીને લીધેલી છે (૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના 'ગુજરાત સમાચાર'માં જણાવાયું હતું કે) 'મામા ભાણેજના કરતૂતથી બેંકોને આશ્ચર્ય થયું હશે પણ ડાયમંડ ટ્રેડરોને કોઈ નવાઈ નથી.' મેહુલ ચોક્સી હીરા બજારમાં પપ્પુભાઈના નામથી ઓળખાય છે. તે ઘણા મહત્ત્વાકાંક્ષી છે. કેટલીક કંપનીઓ મેહુલ ચોક્સીની પોતાની છે, કેટલીક કંપનીઓ નીરવ મોદીના એકલાની છે. કેટલીક કંપનીઓ બંનેની ભાગીદારીની છે. મામા-ભાણેજ બંનેએ પીએનબી બેંકને ૧૧ હજાર કરોડનો ચૂનો લગાડ્યો છે. ચોક્સી પણ નીરવ મોદીની જેમ વિદેશ ભાગી ગયા છે. સરકારે એ બંનેના



મેહુલ ચોક્સી

પાસપોર્ટ કેન્સલ કર્યા છે. હવે મેહુલ ચોક્સી વિદેશથી સરકારને અંગૂઠો બતાવીને કહે છે કે, 'તમે મારો પાસપોર્ટ કેન્સલ કર્યો છે. હું પાછો કેમ આવું?' ચોક્સી અને મોદીની ફેક્ટરીઓ, ઑફિસો મુંબઈ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન - 'SEZ' અને સુરતમાં છે. એમના ૨૨૦૦ જેટલા સ્ટાફને એમણે કહી દીધું છે કે, 'બીજી નોકરી શોધી લેજો. (અ)મારી પાસે પૈસા નથી એટલે પગાર ચૂકવી નહીં શકીએ.' મેહુલ ચોક્સી સામે દિલ્હીના વૈભવ ખુરાનીઆ, માયસોરના અમિત, કૈલાસ ગોલ્ડ, જોધપુરના એસ.કે. જૈન, બેંગ્લોરના હરિપ્રસાદ, મુંબઈના એસ.જી.એસ. ઈન્ફ્રાટેક, એમ.બી. સોફ્ટવેર, આઈ.ડી.બી.આઈ. કેપીટલ, ગ્રુએર એન્ડ વેઈલ – વગેરે કંપનીઓએ ઠગાઈની પોલીસ ફરિયાદો કરેલી છે. માત્ર પીએનબીને જ નહીં, બીજી સાત બેંકોને મેહુલ ચોક્સીએ ચુનો લગાડ્યાની ફરિયાદો થઈ છે. એમની પાસેથી ૧૫-૧૭ હજાર કરોડ કેમ અને ક્યારે વસુલ થશે, તે માત્ર ઉપરવાળો જ જાણે છે!

- **ચેતવણીનું દુર્લક્ષ્ય :**

અત્યંત નોંધપાત્ર બાબત એ છે કે મેહુલ ચોક્સી / નીરવ મોદી જેવા ડાયમંડના વેપારીઓની સંભવિત ગેરરીતિઓ સંબંધે બે વર્ષ પહેલાં, ૨૦૧૬માં, જુદા જુદા ૩ જાણકારો દ્વારા અગાઉથી ચેતવવામાં આવ્યા છતાં તેના તરફ દુર્લક્ષ્ય કરાતું રહ્યું હતું. ૨૦૧૬માં બેંગ્લોરના હીરા-મોતીના આભૂષણોના વેપારી એસ.વી. હરિપ્રસાદ સાથે ગીતાંજલી ગ્રુપ કંપનીના માલીક મેહુલ ચોક્સીએ રૂપિયા ૧૩ કરોડનું ચીટિંગ (ઠગાઈ) કરેલ હતું. તેની બધી વિગતો - પુરાવાઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઓફિસને ફરિયાદ કરી હતી.



**મેહુલ ચોક્સીની વિવિધ કંપનીઓમાંની એક 'ગીતાંજલી' સુવર્ણ-હીરા અલંકારની એક જાહેરાતનો ફોટો**

પણ કોઈ જ પગલા લેવાયા નહોતા. આથીય ૩ વર્ષ પહેલાં, એટલે ૨૦૧૩માં અલ્હાબાદ બેંકના માજી ડાયરેક્ટર દિનેશ દૂબેએ અલ્હાબાદ બેંક, ગીતાંજલી ગ્રુપ (ચોક્સી)ને મોટી લોન મંજૂર કરતી હતી તે વખતે ડાયરેક્ટર તરીકે તેનો સખત વિરોધ, કારણો સાથે, કર્યો હતો. છતાં અલ્હાબાદ બેંકે કોઈ કાળજી લીધી નહોતી અને લોન મંજૂર કરી હતી. દિનેશ દૂબેએ વિગતવાર જાણ રીઝર્વ બેંકને પણ કરી હતી. પણ કોઈ પગલા લેવાયા નહોતા. છેક ૨૦૧૩માં હીરા-મોતીની એક્ષપોર્ટ-ઈમ્પોર્ટ કરતી કંપનીઓ પર કરડી નજર રાખતી સરકારની ડાયમંડ ડિટેક્શન એજન્સીએ, મોદી / ચોક્સીની કંપનીઓ 'SEZ' (સ્પેશિયલ ઇકોનોમિક ઝોન)માં ડાયમંડ અને મોતીની આયાત કર્યા બાદ, ડ્યુટીની ચૂકવણી કર્યા વગર જ ગેરકાયદેસર રીતે સ્થાનિક બજારમાં વેચાણ કરતી હતી, તેની જાણ અને ફરિયાદ રીઝર્વ બેંકને કરી હતી – પણ કોઈ જ પગલા લેવાયા નહોતા. મોદી / ચોક્સી / પીએનબીના રૂપિયા ૧૧ હજાર ૪૦૦ કરોડના કૌભાંડનો ભાંડો ફુટ્યા પછી, રીઝર્વ બેંકે એક નિવેદનથી કહ્યું છે કે ૨૦૧૬ પછી, ત્રણ વખત બેંકોને ખાનગી ચેતવણીઓ તેના તરફથી અપાઈ હતી. પીએનબી એક એવી બેંક છે જેમાં કામકાજની પદ્ધતિ ક્યારેય સખત રહી નથી. આ બેંક સાથે અનેક વખત છેતરપિંડી થતી રહી છે. અગાઉ એક ડાયમંડ કંપનીએ રૂપિયા ૭૦ અબજનો અને એક રીઅલ એસ્ટેટ (ઘર બાંધકામ કરતી) કંપનીએ રૂપિયા ૩૦ અબજનો ચુનો લગાડ્યો હતો. આ બંને કિસ્સાઓમાં બીલ ડિસ્કાઉન્ટ પદ્ધતિનો દુરુપયોગ કરીને નાણાંની ઉચાપત કરાઈ હતી.

**૩.** કાનપુર ખાતે ફાઉન્ટન પેન બનાવતી રોટોમેક કંપનીના માલિક **વિક્રમ કોઠારી** અને તેના પુત્ર **મેહુલ કોઠારી**એ જુદી જુદી ૭ સરકારી બેંકો સાથે છેતરપિંડી કરીને રૂપિયા ૩,૬૯૫ કરોડનો ચુનો લગાડ્યાથી એમને ગીરફતાર કરવામાં આવ્યા છે. આ સાડા ત્રણ હજાર કરોડ રૂપિયા પણ જનતાના ખાતેદારોના, એટલે કે, તમારા - મારા - આપણા જેવા લોકોના જ છે.



**વિક્રમ કોઠારી**

**૪. જતીન મહેતા** નામના હીરાના વેપારીની સાત કંપનીઓ હતી, જે 'વિનસમ ગ્રુપ ઓફ કંપનીઝ'ના નામે ઓળખાય છે. આ ગ્રુપ 'ફોરએવર પ્રેસીઅસ જ્વેલરી'ના ગ્રુપ તરીકે પણ ઓળખાય છે. આ ગ્રુપે છ હજાર એકસો કરોડનો ચુનો સાત બેંકોને લગાડ્યો છે. જતીન મહેતા દેશ છોડીને ભાગી જઈ, કેરેબિયન ટાપુવાળા દેશ સેન્ટ કિટ્સ એન્ડ નેવીસમાં સ્થાયી થઈ ગયા છે, જે દેશ સાથે ભારત સરકારના એક્સ્ટ્રાડિશન અંગેના કોઈ કરાર ન હોવાના કારણે સરકાર જતીન મહેતાનો વાળ પણ વાંકો કરી શકે તેમ નથી. સરેરાશ તમારા - મારા - આપણા જેવા બેંક ખાતાધારીઓના રૂપિયા છ હજાર એકસો કરોડ અદૃશ્ય થઈ ગયા છે.

**૫.** હિમાચલ પ્રદેશના સીમલા ખાતે ફેક્ટરી ધરાવતી **ઇન્ડિયન ટેક્નોમેક કંપની**, નોબલ એલોયઝ એટલે કે ગોલ્ડ, પેલાડિઅમ અને સીલ્વરના મિશ્રણથી કિંમતી ધાતુનું મેન્યુફેક્ચરિંગ કરે છે, તેણે બેંકોના જૂથ (કોન્સોર્ટીઅમ) અને સરકાર સાથે ઠગાઈ કરીને છ હજાર કરોડ રૂપિયાનો ચુનો લગાડ્યો છે.

**૬. પારેખ એલ્યુમિનેક્સ લિમિટેડ** નામની કંપનીએ ૨૨ બેંકો સાથે છેતરપિંડી કરીને રૂપિયા ચાર હજાર કરોડનો ચુનો લગાડ્યો છે. તેના ૩ ડાયરેક્ટરો **ભંવરલાલ ભંડારી, પ્રેમલ ગોરાગાંધી** અને **કમલેશ કાનુન્ગો**ની ધરપકડ કરાઇ છે અને હવે આગળ ઉપર રાબેતા મુજબની કાર્યવાહી કરાશે. એ તો બરાબર, પણ ૨૨ બેંકોના ખાતેદારોના રૂપિયા ચાર હજાર કરોડ પાછા આવશે?

**૭. વીડિયોકોન** કંપનીનું નામ દેશમાં જાણીતું છે. આ કંપનીના વડા **વેણુ ગોપાલ ધુત** છે. આ કંપની ઉપર કુલ તેંતાલીસ હજાર એકસો કરોડનું દેવું છે. તેમાં બાવીસ હજાર એકસો કરોડ ભારતની બેંકોના – એટલે કે તમારા, મારા, આપણા જેવા ખાતેદારોના – અને એકવીસ હજાર કરોડ બેંક ઓફ અમેરિકા અને સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ જેવી વિદેશી બેંકોની છે. (વિદેશી બેંકોમાં પણ આપણે ખાતેદારો - એકાઉન્ટ હોલ્ડર્સ – હોઈએ જ છીએ). વીડિયોકોન અને એની શાખા વીડિયોકોન હાઈડ્રોકાર્બન હોલ્ડિંગ નામની છે. આ બાવીસ હજાર એકસો કરોડ અને એકવીસ હજાર કરોડનું દેવું વીડિયોકોન ઉપર છે. કંપની આટલી જંગી રકમ હમણા પાછી વાળી શકતી નથી અને પાછી વાળવા પાંચ વર્ષનો સમય માંગ્યો છે. આ રકમો પાછી આવશે કે નહીં આવે, તે માત્ર ઉપરવાળો જ જાણે છે!

**૮.** દિલ્હીની જ્વેલરી કંપની **દ્વારકાદાસ ઇન્ટરનેશનલે** ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ પાસેથી ત્રણસો નેવું કરોડ રૂપિયા લીધેલા છે. હવે એ કંપનીના માલિક દ્વારકાદાસ છૂ થઈ ગયા છે અને દુબઈમાં શ્રેયા ટ્રેડિંગ કંપનીના નામથી ધંધો કરે છે. આ ૩૯૦ કરોડ પણ બેંકના ખાતેદારોના જ છે. એ પાછા મળશે ખરા?

**૯. સીંભાઓલી સ્યુગર્સ લિમિટેડ** નામની કંપની આખા દેશમાં ખાંડ બનાવનારી સૌથી મોટી કંપની છે. શેરડીમાંથી ખાંડ બનાવાય છે એ જાણીતું છે. શેરડીનું વાવેતર કરનારા ખેડૂતોને આર્થિક ટેકો આપવાનું કારણ બતાવીને ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ પાસેથી એકસો નવ કરોડ રૂપિયા કંપનીએ લીધેલા છે. આ કંપનીએ બેંક સામે હાથ ઊંચા કરી દીધા છે.

**૧૦.** કલકત્તાની **આસ્પી ઇન્ફોસિસ્ટમ્સ** નામની કંપનીએ જુદી જુદી ૧૦ બેંકોના ગ્રુપ પાસેથી પાંચસો પંદર કરોડ રૂપિયા લીધા છે. ૧૦ બેંકોના ગ્રુપ (કોન્સોર્ટીઅમ)માં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, પંજાબ નેશનલ બેંક, કેનેરા બેંક, ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ, સેન્ટ્રલ બેંક, અલ્હાબાદ બેંક અને ફેડરલ બેંકનો સમાવેશ છે. કંપની ડેસ્કટોપ અને લેપટોપ કોમ્પ્યુટરો બનાવે છે. લીધેલી રકમો પાછી વાળવાની કંપનીએ અશક્તિ જાહેર કરી છે. પરિણામે બેંક ખાતેદારોના નાણાં અદૃશ્ય થઈ ગયા છે.

આ લખનાર પાસે બેંકો સાથેની ઠગાઇ, બેઇમાની અને છેતરપિંડીના છેલ્લા છ મહિના દરમિયા પોલીસ સમક્ષ નોંધાવાયેલી ફરિયાદો અને એફ.આઈ.આર.ના ઉપર લખ્યા ઉપરાંતના બીજા ૨૦ કેસોની વિગતો છે. પરંતુ એ બધાનો સમાવેશ અહીં કરવાનું શક્ય નથી.

મૂળ પ્રશ્ન એ છે કે જ્યારે એમ બોલાય કે ફલાણી બેંકને આટલા કરોડનો ચુનો લાગ્યો, – ત્યારે ખ-રે-ખ-ર એ કરોડો રૂપિયા કોના ગયા? ખાતેદારોના, તમારા, મારા, આપણા જેવાના જ જાય છે, તેનું શું?


''બેંક લોન કૌભાંડ અભિયાન'' પૂરા જોશ અને જોમથી ચાલી રહ્યું છે અને દેશની આમજનતા ગરીબ, કંગાલ અને સ્વાભિમાન વગરની બનતી જાય છે.

*૭, ડફોડીલ બિલ્ડિંગ,*
*ગોદરેજ સ્કાય ગાર્ડન, તક્કા - સ્ટેશન રોડ,*
*તક્કા, પનવેલ-૪૧૦ ૨૦૬.*
*મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫, ૯૯૩૦૬ ૬૦૨૪૨*

*તમે તમારી જાતની બીજા સાથે સરખામણી ના કરો. તમારા આજને ગઈકાલ સાથે સરખાવો. જો તમને સુધારો જણાય તો તમે કંઈક મેળવ્યું તેવું કહેવાશે.*

પ્રાસંગિક

# ૫ મી એપ્રિલ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને રાષ્ટ્રીય વહાણવટા દિવસનો સુભગ સંજોગ



વી. જે. ઠાકર
નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક

આમ તો ગુજરાતનો ૧૬૬૩ કિ.મી.નો દરિયા કિનારો ઉત્તરમાં લખપતથી દક્ષિણમાં ઉમરગામ સુધી એવી કુદરતી અનુકૂળતા ધરાવે છે કે દેશ વિદેશ સાથે વહાણવટા દ્વારા વિદેશ વેપારની તકોનો લાભ યુગોથી આપણા રાજયને મળી રહેલ છે. અરબી સમુદ્રમાં વિદેશથી આવતાં જહાજો ઓમનની ખાડી પસાર કરી ભારતના પશ્ચિમ કિનારે સિંધ - કચ્છનાં વિસ્તારમાં પ્રવેશે છે. એટલે ગુજરાતને ભારતના વિદેશ વેપારનું પ્રવેશદ્વાર ગણવામાં આવે છે. આજે પણ દરરોજ સેંકડો જહાજો દ્વારકાની દીવાદાંડીને પ્રમાણ ગણી ભારતના કિનારામાં પ્રવેશ કરતા હોઈ પુરાણકાળથી આને દ્વારિકા (પ્રવેશદ્વાર) તરીકે ઓળખ અપાયેલ છે. આવી કુદરતી ભૌગોલિક અનુકૂળતાને કારણે ભૂતકાળથી દેશી વહાણો દ્વારા થતા વિદેશ વેપારમાં કચ્છ - સૌરાષ્ટ્રનાં બંદરો અગ્રિમ સ્થાન ધરાવતા આવ્યા છે. આની સાથોસાથ વિદેશી સાથે સાંસ્કૃતિક આદાન પ્રદાનનો મોટો લાભ કાંઠાળ પ્રજાને મળતો રહેતો હોવાથી આર્થિક અને સામાજિક વિકાસનું સ્તર પણ અન્ય અંદરના પ્રદેશો કરતાં ઘણું ઊંચું રહેતું આવ્યું છે. વહાણોનાં બાંધકામ, તેનું સંચાલન તથા વિદેશ વેપારમાં તેનો ઉપયોગ કરનારા સાહસિક વેપારીઓએ આપણા વહાણવટાને ગૌરવ અપાવ્યું છે. દેશી વહાણોનો યુગ પૂરો થતાં નવા જમાનામાં મહાકાય યાંત્રિક કાર્ગો વેસલ ટેન્કરો તથા પેસેન્જર્સ સ્ટીમર વગેરેનો જમાનો આવતાં આપણાં ગુજરાતનાં સાહસિક વેપારીઓએ તેમાં ઝંપલાવ્યું અને આંતરરાષ્ટ્રીય વેપારમાં પણ નામના હાંસલ કરી.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને રાષ્ટ્રીય વહાણવટા દિવસનો સુભગ સંજોગ

રાષ્ટ્રીય વહાણવટા દિવસ તથા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના વર્ષના સુભગ સંયોગોમાં આપણા ગુજરાતીઓએ ગૌરવ લેવા જેવી વાત તો એ છે કે આધુનિક વહાણવટા ક્ષેત્રે ખ્યાતનામ ભારતની ધી સિંધિયા સ્ટીમ નેવિગેશન કું.ના ચેરપર્સન તરીકે આપણી ગુજરાતની મહિલાએ વર્ષો સુધી સફળ સુકાન સંભાળી ભારતના વહાણવટાને આંતરરાષ્ટ્રીય દરજ્જે ઉચ્ચ સ્થાન અપાવ્યું છે. દેશ વિદેશ સાથે વહાણવટા વ્યવસાય સાથે યુગોથી જોડાયેલ ગર્ભશ્રીમંત સૌરાષ્ટ્ર - કચ્છના ભાટિયા પરિવારો પૈકી શ્રી નરોત્તમ મોરારજીએ આધુનિક વહાણવટાના વિકાસ સાથે કદમ મિલાવી ભારતના વહાણવટાને આધુનિક કરણની ઊંચાઈએ પહોંચાડેલ અને ધી સિંધિયા સ્ટીમ નેવિગેશન કું.ની સ્થાપના કરી. છેક ૫મી એપ્રિલ, ૧૯૧૯માં તેમની કંપનીનું જહાજ એસ.એસ. લોયાલિટી માલ ભરી પ્રથમ વખત મુંબઈથી લંડન રવાના કર્યું. આ દિવસ એટલે કે ૫મી એપ્રિલને રાષ્ટ્રીય વહાણવટા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આઝાદી બાદ ૫૦-૬૦ના દાયકામાં તેમના પુત્રવધૂ શ્રીમતી સુમતિ મોરારજીએ કંપનીનું સુકાન સંભાળી કુશળ વહીવટકર્તા તથા આધુનિકરણના સ્વપ્નદૃષ્ટા તરીકે પોતાની સુઝબુઝનો ઉપયોગ કરી કંપનીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના અપાવી. એટલું જ નહીં, ભારતના વહાણવટા ઉદ્યોગને ઊંચાઈ પર લઈ ગયા. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના વર્ષના પ્રસંગે ગુજરાતની સુપુત્રીને એક અનોખા દરિયાઈ સાહસિક વ્યવસાયમાં આંતરરાષ્ટ્રીય નામના કમાનાર મહિલાને કેમ ભૂલી શકીએ?

આઝાદી બાદ કચ્છમાં કંડલા બંદરના વિકાસે તથા ત્યારબાદ ખાનગી બંદર મુંદ્રાના વિકાસે કચ્છની કાયાપલટમાં મુખ્ય ભાગ ભજવ્યો. ઉજ્જડ વેરાન કચ્છમાં નાના-મોટા ઉદ્યોગોની હારમાળા સર્જાઇ. ઈમારતી લાકડાંની આયાત તથા રાજસ્થાન, મધ્યપ્રદેશ તથા ઉત્તર પ્રદેશના માલ સામાનની આયાત નિકાસમાં મુખ્ય કેન્દ્ર તરીકે આ પ્રદેશના વિકાસની સીકલ બદલાઈ ગઈ. સમગ્ર કચ્છથી મોરબી અને બામણબોર સુધીનો પ્રદેશ નાના-મોટા ઉદ્યોગોથી ધમધમી ઉઠ્યો છે. આ જ રીતે સૌરાષ્ટ્રનાં વાડીનાર, એસ્સારની રીફાઈનરી અને સિક્કા ખાતે રિલાયન્સનું તેલ સંકુલ, પોરબંદર, પીપાવાવ, દહેજ, હજીરા વગેરે છે. બંદરોનો વિકાસ તથા આયાત નિકાસની પ્રવૃત્તિઓ તેમજ રાસાયણિક ઉદ્યોગોની સ્થાપના અને રોજગારની વધેલ તકો પ્રાપ્ત થયેલ છે.

(અનુ. : જુઓ પાના નં.-૨૩ ઉપર)

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *દ્વારા આયોજિત*

# કચ્છના નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ

**બુધવાર, તા. ૨૧-૩-૨૦૧૮**

**કાર્યક્રમની તસવીરી ઝલક**


















# ડૉ. તિવેન મરવાહનાં આરોગ્યલક્ષી પુસ્તકો




- કૂદકે ને ભૂસકે વધી રહેલા ડાયાબિટીસ વિશેની સાચી સમજણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી વિષમતાઓ વિશે સરળ ભાષામાં વિવરણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી તકલીફો અટકાવવા માટેના સચોટ ઉપાયો
- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- દિવ્ય ભાસ્કર વર્તમાનપત્રની 'કળશ' પૂર્તિની 'પહેલું સુખ' કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત

## ડાયાબિટીસની કડવી-મીઠી વાતો




- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- "દિવ્ય ભાસ્કર" વર્તમાનપત્રની "કળશ" પૂર્તિની "પહેલું સુખ" કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત
- ગોળ, ખાંડ, મધ અને સૅકરીન વિશેની સાચી સમજણ
- કુદરતી અને કૃત્રિમ મીઠાશ આપનાર તત્ત્વોની વૈજ્ઞાનિક છણાવટ
- મીઠા પદાર્થોની ડાયાબિટીસ અને ઓબેસિટી ઉપરની અસરોનું તલસ્પર્શી વિશ્લેષણ
- મીઠાશ અને મીઠા પદાર્થો વિશેની સાચી-ખોટી માન્યતાઓની સુસ્પષ્ટતા

## ગોળ, ખાંડ, મધ અને સૅકરીન – કેટલાં મીઠાં, કેટલાં કડવાં?

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

NAVNEET®

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત

# કચ્છના નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ

### બુધવાર, તા. ૨૧-૩-૨૦૧૮

કચ્છમાંથી ચૂંટાયેલ નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ યોજવાની પ્રથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અંદાજિત છેલ્લા ૩૦ વર્ષથી ચાલી રહેલ છે. આ નાતે ગત વિધાનસભાની ચૂંટણીમાં કચ્છમાંથી ચૂંટાયેલા બધા જ એટલે કે છ ધારાસભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ બુધવાર, તા. ૨૧-૩-૨૦૧૮ના રોજ સરકિટ હાઉસ, એનેક્ષી, અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં રાજ્યકક્ષાના મંત્રી શ્રી તથા અંજાર વિભાગના ધારાસભ્ય શ્રી વાસણભાઈ આહીર, ભુજ વિભાગના ધારાસભ્યશ્રી ડૉ. નીમાબેન આચાર્ય, અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા તથા રાપર વિભાગના ધારાસભ્ય શ્રીમતી સંતોકબેન આરેઠિયા ઉપસ્થિત રહેવા પામેલ હતા. સાથે સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, આમંત્રિતો તથા અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓ / મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેવા પામેલ હતા.

ધારાસભ્યશ્રીઓના સન્માનના કાર્યક્રમની સાથે સાથે એક ચિંતન શિબિરનું આયોજન પણ ગોઠવવામાં આવેલ હતું કે જેમાં કચ્છીઓને લગતા અમદાવાદના પ્રશ્નો તથા કચ્છના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવેલ હતી.

ચિંતન શિબિરના અંતે ઉપસ્થિત કચ્છી અગ્રણીઓશ્રી દ્વારા ઉપસ્થિત ધારાસભ્યશ્રીઓને નીચે મુજબના સૂચનો કરી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી હતી.

પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના શ્રી મેઘજીભાઈ પટેલનું સૂચન હતું કે ગુજરાતમાં પ્રાઈવેટ બસો પર અત્યારનું ટેક્ષેશન માળખું ખૂબ જ મોટા પ્રમાણમાં હોવાથી કચ્છ આવતા ટૂરિસ્ટોને બસ ખૂબ જ મોંઘી પડે છે. જેની અસર કચ્છના ટૂરિઝમ પર પડે છે. કચ્છના પ્રવાસનો ખર્ચ લગભગ દુબઈ પ્રવાસ જેટલો પડતો હોવાથી આ ટેક્ષનું ભારણ ઓછું થાય તેવા પગલા લેવા જરૂરી છે. કચ્છના ટૂરિઝમનો હજુ પણ વધુ વિકાસ સાધવા આ પ્રકારના કોમર્શિયલ વાહનો પર ટેક્ષનું ભારણ ઓછું કરવું ખૂબ જ જરૂરી છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલે જણાવેલ કે કચ્છના પશ્ચિમ વિભાગ નખત્રાણામાં આવેલ એકમાત્ર કૉલેજ "જી.એમ.ડી.સી. આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ" કે જેની રચના ધરતીકંપ પછી વર્ષ ૨૦૦૨ની આસપાસ કરવામાં આવેલ હતી કે જેની હજુ લગી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ નથી. કચ્છના પાટીદારો દ્વારા ચલાવાતી આ શિક્ષણ સંસ્થાની આર્થિક પરિસ્થિતિ બરાબર ન હોવાથી આ પ્રકારની સરકારશ્રીની ગ્રાન્ટ મંજૂર થાય તેવા પ્રયાસો ધારાસભ્યશ્રીઓએ આદરી દેવા જોઈએ કે જેથી શિક્ષણનું કાર્ય કચ્છના પછાત અને અંતરિયાળ વિસ્તારમાં સ્થગિત ના થઈ જવા પામે.

અમમ માર્કેટિંગવાળા શ્રી કમલેશ મનુભાઈ શાહનું સૂચન હતું કે દરરોજ સાંજના સમયે અમદાવાદથી કચ્છ તરફ ૬૦થી ૭૦ જેટલી પ્રાઈવેટ બસો તેમજ એસ.ટી. તરફથી વધારાની બસો જાય છે. તેથી અમદાવાદ કચ્છ વચ્ચે પૂરતો ટ્રાફિક હોવાથી અમદાવાદ - ભુજ સાંજના સમયે એક ટ્રેઈન જવી જોઈએ અને એ જ રીતે ભુજ - અમદાવાદ પણ સાંજની ટ્રેઈન ચાલુ થવી જોઈએ.

બોનાફાઈડ બ્રોકર્સના શ્રી હીરેનભાઈ પલણ કે જેઓ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની નવા પ્રોજેક્ટ સમિતિના કન્વીનરશ્રી પણ છે, તેઓનું સૂચન હતું કે દર વર્ષે કચ્છથી અમદાવાદ અનેક વિદ્યાર્થીઓ પોતાના વિવિધ અભ્યાસાર્થે આવે છે કે જેઓને પી.જી. તરીકે રહી પોતાના જીવનનો આ સોનેરી સમય કોઈ પણ રીતે પસાર કરવો પડે છે. અગર સરકારશ્રી દ્વારા હોસ્ટેલ બનાવવા અમદાવાદમાં કોઈ યોગ્ય સ્થળે જમીન ફાળવવામાં આવે અને જી.એમ.ડી.સી. અથવા કચ્છમાં સ્થાપિત ઉદ્યોગકારો પાસેથી યોગ્ય ફંડ મેળવવા માટે ધારાસભ્યશ્રીઓ મદદરૂપ થાય તો આપણા સહુના પ્રયાસથી આપણે અમદાવાદ ખાતે કચ્છના વિદ્યાર્થીઓ માટે એક સુવર્ણરૂપ સંકુલ ઊભું કરી શકીશું.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ખજાનચી શ્રી અતુલભાઈ સોનીએ શ્રી હીરેન પલણના સૂચનને સ્વીકારવા ધારાસભ્યશ્રીઓને અપીલ કરી હતી.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ઓઝાનું પણ સરકારશ્રી પાસેથી હોસ્ટેલ પ્રોજેક્ટ માટે અમદાવાદ કે ગાંધીનગરમાં યોગ્ય સ્થળે જમીન ફાળવાય તેમાં મદદરૂપ બનવા ધારાસભ્યશ્રીઓને સૂચન હતું.

ઉપરોક્ત પ્રશ્નોના અનુસંધાને ઉપસ્થિત ધારાસભ્યશ્રીઓ વતી ડૉ. નીમાબેન આચાર્યએ જણાવેલ કે ઉપરોક્ત દરેક બાબત અમને લેખિત સ્વરૂપે મોકલી આપવામાં આવે કે જેથી અમે આગળની કાર્યવાહી પૂરી કરી શકીએ. સાથે સાથે આ બાબતે મદદરૂપ થવા અમે અમારાથી બનતા પ્રયાસો જરૂરથી કરીશું કે જેની અમે ખાતરી આપીએ છીએ.

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત ધારાસભ્યશ્રીઓનું સન્માન સૂતરની આંટી, શાલ તથા પુસ્તકોના સેટથી કરવામાં આવેલ હતું. જેમના પીઠબળથી આ કાર્યક્રમ યોજવામાં આવેલ, તેવા શ્રી ચીમનભાઈ પલણે રાજ્યકક્ષાના મંત્રી શ્રી વાસણભાઈ આહીરનું સન્માન કરેલ હતું. ત્યારબાદ ડૉ. નીમાબેન આચાર્ય, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રીમતી સંતોકબેન આરેઠિયા તથા શ્રી ભચુભાઈ આરેઠિયાનું સન્માન શ્રી મનુભાઈ શાહ, શ્રી મેઘજીભાઈ પટેલ, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી મનુભાઇ કોટડિયા વગેરે અગ્રણીઓના વરદ્ હસ્તે કરવામાં આવેલ. ગૂર્જર પ્રકાશનના શ્રી મનુભાઈ શાહે પણ આ કાર્યક્રમને સફળ બનાવવા સારું એવું પીઠબળ પૂરું પાડ્યું હતું.

સન્માનના કાર્યક્રમ બાદ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ચિંતન શિબિરની શરૂઆત કરતા શ્રી કચ્છી સમાજ - અમદાવાદની હાલની પ્રવૃત્તિઓની વિગતે માહિતી આપેલ હતી અને ત્યારબાદ ભવિષ્યની પ્રવૃત્તિઓ માટે જણાવેલ કે અમદાવાદમાં અભ્યાસાર્થે કચ્છથી આવતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ, કચ્છની તથા અન્યત્રથી અમદાવાદની મુલાકાતે આવતા કચ્છી પ્રવાસીઓ માટે અતિથિ ભવન, સ્વાસ્થ્ય કેન્દ્ર તથા કચ્છ ઈન્ફોર્મેશન સેન્ટર સ્થાપવાની ખાસ જરૂરત છે કે જે માટે જરૂરી જમીન ફાળવવા ગુજરાત સરકારશ્રી પાસે કચ્છના ધારાસભ્યશ્રીઓ પોતાની વગ વાપરી આ જમીન શ્રી કચ્છી સમાજ - અમદાવાદને અપાવે તેવી વિનંતી કરી હતી.

આ ચિંતન શિબિરમાં ભાગ લેતા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ કચ્છના હાલના પ્રશ્નોની રજૂઆત કરેલ હતી કે જેમાં ફોસીલ પાર્ક, રણ સરોવર, ડી-સેલિનેશન પ્લાન્ટ, નર્મદાના નિયમિત પાણી, નર્મદા નદીના વધારાના પાણી વગેરે મુદ્દાઓ મુખ્યત્વે હતા.

**ફોસીલ પાર્ક :** શ્રી અશોકભાઈ મહેતાએ ફોસીલ પાર્ક અંગે બોલતા જણાવેલ કે જુરાસિક એટલે કે ૧૪ કરોડ વર્ષ અગાઉ સમુદ્રમાં કચ્છની ઉત્પત્તિ થઈ. ધરતીકંપના કારણે ક્રિટેશિયસ સમય એટલે કે ૬.૫ કરોડ વર્ષ અગાઉ તે સમુદ્રની સપાટીથી બહાર આવ્યું. આ રીતે કચ્છ, એ જળકૃત ખડકોનો બનેલો પ્રદેશ છે કે જેના વિવિધ સ્તરોમાં અનેક જળચર પ્રાણીઓ, પક્ષીઓ કે વનસ્પતિના અવશેષો ધરબાયેલા છે. તેનો અભ્યાસ કરવાથી કચ્છની ભૂસ્તરશાસ્ત્રીય, પ્રાણીશાસ્ત્રીય, વનસ્પતિ શાસ્ત્રીય વગેરે વિગતોનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. આ પ્રકારના અનેક અશ્મિઓ કે જેને અંગ્રેજીમાં ફોસીલ્સ કહે છે તે કચ્છમાં ઠેરઠેરથી પ્રાપ્ત થઈ શકે છે. કચ્છના નખત્રાણા તાલુકાના ગોંધીયાર (નીરોણા) ગામના મોહનસિંહ સોઢાએ છેક ૧૯૭૨થી કચ્છમાં ઠેર ઠેર (ખડીર, બન્ની, ધોળાવીરા, ભુજ, અબડાસા, નખત્રાણા વગેરે સ્થળે) ફરીને આવા ૧૦,૦૦૦ અશ્મિઓ આજ સુધી એકત્રિત કરેલ છે કે જે કચ્છની મોંઘેરી મૂડી છે. તેનો અભ્યાસ કરીને અત્યાર સુધી ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડિગ્રી પણ પ્રાપ્ત કરેલ છે. શ્રી મોહનસિંહ સોઢાની ઈચ્છા છે કે ભુજમાં કોઈ યોગ્ય સ્થળે ફોસીલ પાર્ક બનાવવામાં આવે તો તે પણ ટુરિઝમનું એક સ્થાન તો બની જ શકે પરંતુ તેનાથી કચ્છના ઈતિહાસ, ભૂગોળ વગેરેનું જ્ઞાન પણ આવતી પેઢીઓને પ્રાપ્ત થઈ શકે. અત્રે ઉપસ્થિત કચ્છના આદરણીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કે તેઓ પોતાની વગનો ઉપયોગ કરી ભુજમાં ફોસીલ પાર્કનું નિર્માણ કરાવડાવે.

**રણ સરોવર :** રણ સરોવર વિશેની માહિતી આપતા તેમણે જણાવેલ કે હાલે કચ્છમાં જ્યાં રણ છે ત્યાંથી સિંધુ નદી વહી અરબી સમુદ્રને મળતી હતી. મે, જૂન, જુલાઈમાં જ્યારે નૈઋત્ય દિશાના ભેજવાળા પવનો આ નદી પરથી પસાર થતા ત્યારે નીચે સપાટી પર વિશાળ જળરાશિના કારણે ભેજવાળા વાદળોનું વરસાદમાં રૂપાંતર થઈ કચ્છમાં સારો એવો વરસાદ પડતો હતો. એ સમયે કચ્છમાં દુષ્કાળનું નામ ન હતું. પરંતુ બારમી સદીમાં ધરતીકંપ આવવાથી સિંધુ નદી પશ્ચિમમાં ખસી ગઈ. સિંધુ નદીના વહેણનો પ્રદેશ રેતીવાળો એટલે કે રણ બની ગયું. નૈઋત્યના પવનો ત્યાંથી પસાર થાય ત્યારે વાતાવરણમાંનો ભેજ વરસાદ સ્વરૂપે વરસવાનો બંધ થયો. પરિણામે કચ્છમાં સમગ્ર સીઝનનો માત્ર ૧૨થી ૧૪ ઈંચ વરસાદ થવા લાગ્યો. જેના કારણે કચ્છ છેલ્લા ૮૦૦ વર્ષથી દુષ્કાળનો સામનો કરી રહેલ છે. ભેજવાળા વાદળોને વરસવા નીચે જમીન પર વૃક્ષોના જંગલો જોઈએ અથવા વિશાળ જળરાશિ જોઈએ અથવા આડી પર્વતમાળા જોઈએ કે જેમાંનું

એક પણ કારણ કચ્છમાં વરસાદ વરસવા રહ્યું નહીં. હાલે મે, જૂન, જુલાઈમાં જ્યારે નૈઋત્યના ભેજવાળા પવનો કચ્છમાંથી પસાર થાય છે ત્યારે ત્યાં માત્ર ૧૨-૧૪ ઈંચ વરસાદ પડે છે. પાલનપુર-ડીસા વગેરે જગ્યાએ ૨૦-૨૨ ઈંચ વરસાદ પડે છે પરંતુ જ્યાં આબુની ગિરીમાળા આવેલ છે ત્યાં સીઝનમાં ઓછામાં ઓછો ૬૦ ઈંચ અને ક્યારેક તો ૧૦૦ ઈંચ વરસાદ પડે છે. તેથી કચ્છને તથા ત્યારબાદના પ્રદેશને દુષ્કાળમાંથી ઉગારવાનો હોય તો હાલના રણને વિશાળ જળરાશિથી ભરી દેવામાં આવે તો યોગ્ય માત્રામાં વરસાદ વરસી શકે. તે માટે સૂરજબારી પાસે એક આડો બંધ બાંધી દેવામાં આવે તો રણના પાણી દરિયામાં જતા અટકે. સાથે સાથે સીરક્રીક પાસે એક બંધ બાંધવામાં આવે તો દરિયાના ખારા પાણી આ રણમાં આવતા અટકે. હાલે આ રણમાં ઉત્તર ગુજરાતની પાંચ નદી અને સૌરાષ્ટ્રની ત્રણ નદીના પાણી ચોમાસામાં ઠલવાય છે કે જે આ રણ પ્રદેશમાં ભરી વિશાળ જળરાશિ ઉત્પન્ન કરી શકાય. પરિણામ સ્વરૂપે આ પ્રદેશમાંથી કાયમી ધોરણે દુષ્કાળને વિદાય આપી શકાય. આ યોજનાનો ખર્ચ હાલે માત્ર રૂા. ૧૦૦ કરોડનો અંદાજવામાં આવેલ છે. ૧૯૭૦માં આ યોજનાની રજૂઆત અમૃત વસંત પંડ્યાએ એક લેખ દ્વારા કરેલ હતી. ત્યારબાદ માધાપરના શ્રી શશીકાંતભાઈ ઠક્કરે પણ પોતાના લેખ દ્વારા તેનો સારો એવો પ્રચાર કરેલ હતો અને હાલે મોરબીના ઓરેવા ગ્રૂપના ડાયરેક્ટરશ્રીએ તેનો પ્રોજેક્ટ બનાવી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સમક્ષ રજૂ કરેલ છે કે જે અંગે યોગ્ય રીસર્ચ કરાવવા વડાપ્રધાનશ્રીએ મંજૂરી પણ આપી દીધેલ છે. શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે કચ્છના ધારાસભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ યોજનામાં રસ દાખવી તેને કાર્યાન્વિત કરાય તો કચ્છમાંથી આપણે દુષ્કાળને કાયમ માટે દેશવટો આપી શકીશું.

**ડી-સેલિનેશન પ્લાન્ટ :** આ વિષય પર બોલતા શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે ધરતીકંપ બાદ કચ્છમાં મોટા ગજાના ૧૫૦ ઉદ્યોગો આવેલ છે કે જેમની પાણીની દૈનિક જરૂરિયાત ૨૫૦થી ૩૦૦ MLD ની છે. નર્મદા નદીના પીવાના પાણીમાંથી આ ઉદ્યોગોને વધુમાં વધુ ૫૦ MLD પાણી ફાળવવામાં આવેલ છે જ્યારે બાકીનું પાણી તેઓ કચ્છના ભૂગર્ભનું વાપરે છે. આ રીતે કચ્છમાં પાણીના તળ નીચા ને નીચા ઉતરતા જાય છે. કચ્છમાં જો ૧૦૦ MLD નો એક એવા બે-ત્રણ ડી-સેલિનેશન પ્લાન્ટ (દરિયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવાના પ્લાન્ટ) ભદ્રેશ્વરની આજુબાજુના વિસ્તારમાં (અનેક અભ્યાસો પછી આ પટ્ટાની જગ્યા યોગ્ય ઠેરવવામાં આવેલ છે) સ્થાપિત કરવામાં આવે તો તે પાણી ઉદ્યોગો વાપરી શકે અને તેટલા પ્રમાણમાં નર્મદાનું પીવાનું પાણી ફાજલ કરી શકાય તેમજ કચ્છની જમીનના તળ નીચે જતા અટકે. આ કાર્ય અનેક વર્ષોથી GWIL સંભાળી રહેલ છે. હાલે તેઓએ મોરબી બાજુ ૧૦૦ MLD કેપેસિટીનો પ્લાન્ટ સ્થાપિત કરવાની ઘોષણા કરેલ છે. કચ્છના ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે તેઓ કચ્છમાં શક્ય ત્વરાએ ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થપાય તેવા પ્રયાસો કરે કે જેમાં કચ્છના સ્થાપિત ઉદ્યોગોનો પણ પૂરતો સહકાર મળી રહેશે.

**નર્મદા નદીના નિયમિત પાણી :** આ વિષય પર બોલતા શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે જળપંચ દ્વારા ગુજરાતને નર્મદા નદીના પાણીના જથ્થામાંથી ૯ M.A.F. પાણી ફાળવવામાં આવેલ છે કે જેના કારણે ૪૫ લાખ એકર જમીન પર સિંચાઈ થઈ શકે. નર્મદા નિગમની આ યોજના અનુસાર દરેક ૧૦-૧૨ ગામના ખેડૂતો કે જેમને આ પાણીનો લાભ મળવાનો છે તેઓ એકત્રિત થઈ પાણી મંડળી બનાવે. નિગમ આ મંડળીને પાણી આપે અને મંડળી દરેક ખેડૂતને ખેતરે ખેતરે પાણી પહોંચાડે કે જે સિસ્ટમ ઊભી કરવાનો ખર્ચ નિગમ ચૂકવી દે. રૂા. ૬૦૦૦ કરોડની આ યોજના પાછળ અત્યાર સુધી રૂા. ૬૦,૦૦૦ કરોડ ખર્ચાઇ ગયા પછી પણ આવી મંડળીઓ બનાવી શકાઈ નથી. પરિણામે છેક છેવાડે આવેલ આ યોજના દ્વારા ન તો મંડળીઓ દ્વારા ખેડૂતોને પાણી પહોંચે છે કે ન તો નિગમ તેઓને ખેતરે ખેતરે પાણી પહોંચાડે છે. પરિણામે કેટલાક ખેડૂતો કેનાલ પર ડીઝલ પંપ મૂકી પોતાના ખેતર સુધી પાણી લઈ જાય છે અથવા એ પાણી ખેંચે છે. જેનાથી પાણીનો પુષ્કળ વેડફાટ થાય છે અને નક્કી કરેલ વિસ્તારને આ પાણીનો લાભ મળી શકતો નથી. નિગમ પણ પાણીનું બીલ જથ્થામાં બનાવવાના બદલે પાકના વિસ્તાર પ્રમાણે બનાવે છે. પરંતુ તેનું પેમેન્ટ નિગમને કોઈ ખેડૂત ભરતું નથી. પરિણામે યોજનાને અંતે ખૂબ જ અંધાધૂંધી પ્રવર્તી રહેલ છે. હાલે કચ્છમાં રાપર - ભચાઉ વિસ્તારમાં કેટલીક કેનાલો બની ગયેલ છે. ત્યાં પણ આ ડીઝલ પંપની સિસ્ટમથી ખેડૂતો પાણી લઈ જાય છે. આવતી કાલે માંડવીના મોડકુવા સુધી આ કેનાલો બનવાથી ત્યાં પણ આ પરિસ્થિતિ ઊભી થશે. પરિણામે નિર્ધારીત ૨,૮૫,૦૦૦ એકરમાં આ પાણીથી ખેતી થઈ શકશે નહીં. ધારાસભ્યશ્રીઓને વિનંતી કે કચ્છમાં ઠેર ઠેર પાણી મંડળીઓ બનાવી નિગમની મૂળ યોજના પ્રમાણે કચ્છમાં પાણીની વહેંચણી થાય તેના પર ધ્યાન આપવામાં આવે તો કચ્છની ૨,૮૫,૦૦૦ એકર જમીન પર આ પાણીથી પાકો

મેળવી શકાશે. નહીં તો કચ્છની પરિસ્થિતિ પણ ગુજરાતના અન્ય ભાગ જેવી બનવા પામશે.

**નર્મદા નદીના વધારાના પાણી :** આ વિષય પર બોલતા શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે નર્મદા નદીના વધારાના ૩ M.A.F. પાણીમાંથી વર્ષ ૨૦૦૬માં કચ્છને ૧ M.A.F., સૌરાષ્ટ્રને ૧ M.A.F. અને ઉત્તર ગુજરાતને ૧ M.A.F. પાણી ફાળવવામાં આવ્યા. ઉત્તર ગુજરાતની અંદાજિત રૂા. ૫૦૦૦ કરોડની આ યોજના વર્ષ ૨૦૧૦માં પૂરી કરી દેવામાં આવી. સૌરાષ્ટ્રની મૂળ રૂા. ૧૦,૦૦૦ કરોડની આ યોજના કે જે હાલે કદાચ વીસ હજાર કરોડે પહોંચશે તેની પાછળ રૂા. ૬૭૦૦ કરોડ ખર્ચાઈ ચૂકેલ છે અને વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં બીજા રૂા. ૧૭૬૫ કરોડ ફાળવવામાં આવ્યા છે કે જ્યારે કચ્છની મૂળ રૂા. ૪૮૦૦ કરોડની આ યોજના પાછળ વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં માત્ર રૂા. ૭૨ કરોડ અને વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષના બજેટમાં તેનાથી પણ ઓછા એટલે કે રૂા. ૧૫.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. દેખીતી રીતે કચ્છને ગુજરાત સરકારશ્રી દ્વારા અન્યાય કરવામાં આવી રહેલ છે. વિશેષમાં ગુજરાત વિધાનસભામાં કચ્છના ૬ ધારાસભ્યો, ઉત્તર ગુજરાતના ૩૫ ધારાસભ્યો અને સૌરાષ્ટ્રના ૪૮ ધારાસભ્યો હોવાથી ગુજરાત સરકારશ્રી દ્વારા કચ્છ, કે જે ગુજરાતનો વધુમાં વધુ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ હોવા છતાં લઘુમતીના ધોરણે અન્યાય કરવામાં આવી રહેલ છે. આ પ્રશ્ને બધાએ સાથે રહીને યોગ્ય કાર્યવાહી કરવી ઘટે છે.

શ્રી અશોક મહેતાએ અંતમાં જણાવેલ કે હજુ પણ કચ્છના અન્ય પ્રશ્નો – ક્ષાર નિવારણ, બંધારા, ચેક ડેમો જેવા વિશાળ માત્રામાં છે પરંતુ તેની રજૂઆત ભવિષ્યમાં ક્યારેક કરવામાં આવશે.

ત્યારબાદ રાપર વિભાગના શ્રી ભચુભાઈ આરેઠિયાએ જણાવેલ કે નર્મદા નદીના પાણીના કારણે રાપર - ભચાઉ વિભાગમાં ખેતી કરતા ખેડૂતોની આવકમાં પાંચ ગણો વધારો થયેલ છે પરંતુ આ વિભાગના અન્ય પડતર પ્રશ્ને રાજકારણ છોડી બધાએ સાથે રહીને વિકાસના કાર્યો કરવા જોઈએ.

અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવેલ કે તેમના મત વિસ્તાર અબડાસાના પ્રશ્નો આજે પણ ઊભા છે. અહીંના ઉદ્યોગોમાં સ્થાનિકોને નોકરી મળતી નથી. આ વિભાગના ત્રણે તાલુકામાં પાણીની અછત આજે પણ અગાઉ જેવી જ છે. ખેડૂતોએ લીધેલ લોન ભરપાઈ કરી શકાતી નથી. નર્મદા નદીના સિંચાઈના કે પીવાના પાણી આજે પણ આ તાલુકાઓમાં પહોંચ્યા નથી. આ વિભાગમાં બંધારા કામ ન આવી શકે. દર ૧૦૦ ફૂટે કે ૨૦૦ ફૂટે નદી પર માટીના બંધ બાંધવામાં આવે તો વરસાદી પાણી રોકી શકાય અને તેનો લાભ લઈ શકાય. કચ્છના પશ્ચિમ વિભાગના આ તાલુકાઓનો વિકાસ સાધવા સવિશેષ માવજતની જરૂરત છે.

ભુજના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્યએ જણાવેલ કે હું છેલ્લા ૪૮ વર્ષથી કચ્છમાં છું અને રાજકીય તથા સેવાકીય ક્ષેત્રે મેં ઘણો અનુભવ મેળવેલ છે. ભૂકંપ બાદ કચ્છનો સિનેરિયો જ બદલાઈ ગયેલ છે. કચ્છનું નવસર્જન થવા પામેલ છે. કચ્છનો અપ્રતિમ વિકાસ થયેલ છે. કચ્છમાં પાણી, વીજળી વગેરેની જે સમસ્યા હતી તેનું નિવારણ કરી આજે કચ્છમાં ભૂકંપ બાદ મોટા ગજાના ૧૫૦ ઉદ્યોગો સ્થપાયેલ છે. મુંદ્રા બંદરનો વિકાસ પણ અપ્રતિમ થયેલ છે. કચ્છનો જે રીતે પ્રવાસન ધામ તરીકે વિકાસ થયેલ છે એ રીતે ઉદ્યોગધામ તરીકે પણ થયેલ વિકાસનો પ્રચાર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. કચ્છના એક ઉદ્યોગને જોવા - સમજવા આખા દિવસ જેટલો સમય લાગી જાય. તેથી કચ્છના બધા ઉદ્યોગોને જોવા - સમજવા લોકોએ એક મહિના જેટલો સમય કચ્છમાં રોકાવું પડે. કચ્છમાં રૂા. ૫-૭ કરોડના ખર્ચવાળા રમતગમતના મેદાનો પણ બની ગયેલ છે. અત્યારે નર્મદા નદીના સિંચાઈના પાણી રાપર - ભચાઉ તાલુકા સુધી પહોંચ્યા છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં તે માંડવીના મોડકુવા સુધીના ગામોના ખેતરોમાં પહોંચી જશે, ત્યારે કચ્છની આબાદી સારી એવી વધી જશે. ચાલુ વર્ષ દરમિયાન નર્મદા નદીના પાણી ઓછા પ્રાપ્ત થયા કેમ કે મધ્ય પ્રદેશમાં વરસાદ ઓછો પડ્યો તેનું તે પરિણામ છે. નર્મદા નદીના પાણી કચ્છ માટે જીવાદોરી છે અને પૈસાના અભાવે તેના કામો અટકશે નહીં તેની અમે ખાતરી આપીએ છીએ. હવેથી માઈક્રો કેનાલો પણ સરકાર બનાવી આપશે.

રાજ્યકક્ષાના મંત્રી તથા અંજાર વિભાગના ધારાસભ્ય શ્રી વાસણભાઈ આહીરે જણાવેલ હતું કે કચ્છની ભૂમિ દિલેરી, ભક્તિ, શ્રદ્ધા અને વતનપ્રેમ માટે જાણીતી છે. જ્યાં એક કચ્છી વસે ત્યાં કચ્છનું વાતાવરણ ઊભું થઈ જાય છે, પછી ચાહે તે દક્ષિણ આફ્રિકા હોય, અમેરિકા હોય, ભારતના અન્ય શહેરો હોય, અમદાવાદ હોય કે ગાંધીનગર હોય. અમદાવાદનું શ્રી કચ્છી સમાજ જે કાર્યો કરે છે તે ધન્યવાદને પાત્ર છે. પોતાની સેવાકીય કારકિર્દી વિશે તેમણે જણાવેલ કે તેઓએ સળંગ ૨૦ વર્ષ સુધી તેમના ગામ રતનાલમાં સરપંચ તરીકે સેવા આપેલ છે અને ત્યારબાદ પાંચ ટર્મથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવેલ છે. અગાઉ પણ તેઓએ રાજ્યકક્ષાના મંત્રી તરીકે ફરજ બજાવેલ છે અને હાલે પણ તેઓ રાજ્યકક્ષાના

મંત્રી તરીકે ફરજ બજાવી રહેલ છે. ભૂકંપ પછી કચ્છમાં અગણિત વિકાસ થયેલ છે. ભૂકંપ પછી કચ્છમાં અનેક ઉદ્યોગો આવેલ છે. ભૂકંપ અગાઉ કચ્છમાં જમીનના ભાવ એકરે રૂા. ૫,૦૦૦/- હતા, ત્યાં આજે કેટલેક સ્થળે રૂા. ૫ કરોડ બોલાય છે. સરકારે ખૂબ જ માર્કેટિંગ કરીને કચ્છને ટૂરિઝમ સેન્ટર બનાવી દીધેલ છે. કચ્છ માટે પાણી, ખૂબ જ જરૂરિયાતની અને અગત્યની બાબત છે. નર્મદા નદીના પીવાના પાણી કચ્છના મોટાભાગના ગામોમાં પહોંચતા થયેલ છે અને સિંચાઈના પાણી અત્યારે રાપર - ભચાઉ તાલુકામાં પહોંચતા થયેલ હોવાથી આ તાલુકાના ખેડૂતોની હાલત ખૂબ જ સારી થવા પામી છે. જ્યારે નજદીકના ભવિષ્યમાં કચ્છના અન્ય તાલુકાઓમાં પણ આ પાણી પહોંચતા થશે ત્યારે ત્યાંના ખેડૂતોની પરિસ્થિતિ પણ સુધરી જવા પામશે. સરકારને કચ્છ માટે ખૂબ જ પ્રેમ છે અને કચ્છનો હજુ પણ વધુ વિકાસ કરાવવાના તેના આયોજનો છે. કચ્છમાં પાકતા ખારેક, કેરી, દાડમ, ચીકુ વગેરે આજે દુબઇ જેવા દેશોમાં નિકાસ કરવામાં આવે છે અને તેનો લાભ કચ્છના ખેડૂતોને મળે છે. વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધીમાં રૂા. ૨૭૦૦ કરોડના વિકાસના કાર્યો કચ્છમાં કરવામાં આવ્યા છે કે જેમાં હું નિમિત્ત બન્યો છું તેમ તેમણે જણાવેલ હતું. ભવિષ્યના કચ્છના પ્રશ્નો અંગે અમારું ધ્યાન દોરતા રહેશો. કચ્છના દરેક પ્રશ્ને અમે તમારી સાથે રહેવા કટીબદ્ધતા વ્યક્ત કરીએ છીએ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરેલ હતું. આ કાર્યક્રમમાં શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી મેઘજીભાઈ પટેલ, શ્રી મનુભાઈ શાહ, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલ સોની, શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી જેન્તીભાઈ લાકડાવાલા, શ્રી ચીમનભાઈ પલણ, શ્રી હીરેન પલણ, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી ગિરીશભાઈ સંઘવી, શ્રી અશોકભાઈ ધોળકિયા, શ્રી ભૂપેન્દ્રભાઈ ચૌહાણ, શ્રી ભોલાભાઈ ગોલીબાર, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હસમુખભાઈ મહેતા, શ્રી દીપકભાઈ ચૌહાણ, શ્રી સંજયભાઈ રાઠોડ, શ્રી લખમશીભાઈ સેંધાણી, શ્રી બી.કે. પટેલ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી વૈકુંઠભાઈ ગોપાણી, શ્રી તુલસીભાઈ ભગત વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. આભારવિધિ શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરેલ હતી. કાર્યક્રમના અંતે સહુએ સમૂહ ભોજન કરેલ હતું. ભોજન વ્યવસ્થા શ્રી મનુભાઈ કોટડિયાએ સંભાળેલ હતી.

આ કાર્યક્રમ **શ્રી ચીમનભાઈ પલણ** તથા **શ્રી મનુભાઈ શાહ**ના પીઠબળથી સફળતાને વરેલ હતો. ■


WITH BEST WISHES FROM
MORBIA GROUP OF COMPANIES

SOFA WALA
WORLD Link

furniture mall

SUKHLAL MORBIA & FAMILY

112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
M. : 98252 36494, 98252 27499



Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599

KARMA
CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather

• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com


NUTS MASTI
आईये,
खुशियाँ बाटें...
काजू बादाम भरी
MICHI'S
Candies & Toffees
₹ 2/-
PER PIECE
MICHI'S
Badam
Nuts Masti
MICHI'S
Kaju
Nuts Masti
सब मस्त है!
JRJ FOODS
PVT. LTD.
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

કચ્છ

# કચ્છનું ફોસિલ્સ પાર્ક

• અશ્વિન ઝિંઝુવાડિયા •

ભૂસ્તરશાસ્ત્રીઓનું માનવું છે કે પૃથ્વીની ઉત્પત્તિ ૪૬૦ કરોડ વર્ષ પહેલાં થઈ. પૃથ્વી નામનો ધગધગતો ગોળો સમયાંતરે શાંત અને ઠંડો પડ્યા બાદ જીવસૃષ્ટિ અસ્તિત્વમાં આવી. જ્યારે જીવસૃષ્ટિ અસ્તિત્વ ધરાવતી હતી પરંતુ આદિમાનવના પગરણ નહોતા થયા એ સમયના વિવિધ જીવનાં અશ્મિઓ કચ્છમાંથી મળી આવ્યા છે. કશ્યપ એટલે કાચબાની પીઠ જેવો વિસ્તાર ધરાવતો કચ્છ પ્રદેશ જુરાસિક યુગથી અસ્તિત્વ ધરાવતો પ્રદેશ છે, તેના નક્કર પુરાવા ફોસિલ્સના સ્વરૂપમાં મળી આવ્યા છે.

નખત્રાણા તાલુકાના ગોધિયાર ગામ સ્થિત આવેલા ફોસિલ પાર્કમાં ૭૫ વર્ષીય જવાંમર્દ મોહનસિંહ સોઢાની સતત ૪૫ વર્ષની થકવી નાખતી જહેમત અને ધીરજનાં પરિણામ સ્વરૂપે જીવાશ્મિઓનો જે સંગ્રહ કરવામાં આવ્યો છે એને પ્રત્યક્ષ જોયા બાદ માદરે વતન કચ્છ વિશેની લાગણીમાં-માન્યતામાં અને પ્રાચીનતા વિશેના આપણા ખ્યાલમાં ગૌરવ સાથે વધારો થાય છે. પણ કમનસીબી એ છે કે કચ્છના એક વિશાળ વર્ગે કચ્છના સંદર્ભની કાળ ગણનામાં જેનું મહત્ત્વનું યોગદાન છે અને અશ્મિનાં સ્વરૂપમાં જેના નક્કર આધાર-પુરાવાઓ છે એ ફોસિલ પાર્ક તરફ ભાગ્યે જ ધ્યાન આપ્યું છે.

**ફોસિલ એટલે જીવાશ્મિ. જળકૃત પથ્થરોથી બનેલા જીવ-અશ્મિ.** ફોસિલ પાર્કના પાયામાં જેમણે પોતાની યુવાની સમર્પિત કરી દીધી છે એ મોહનસિંહ સોઢા એ મળવા જેવા માણસ છે. સિંધ યુનિવર્સિટી (પાકિસ્તાન) થી ઈતિહાસના વિષય સાથે બી.એ. કરનાર શ્રી સોઢા ૧૯૬૭માં ભારત આવી ગયા. અનેક આરોહ-અવરોહ સાથેની જિંદગી જીવતા શ્રી સોઢાએ ૧૯૭૨ થી ફોસિલ શોધવાનું અને એકત્ર કરવા કચ્છની નદીઓના પટ્ટ, ડુંગરોની કંદરા અને વગડાને ખુંદી વળ્યા. **ઇતિહાસના આ જિજ્ઞાસુએ જે શોધ્યું છે એનો સંગ્રહ જોતાં એમને સલામ કરવાનું મન થાય.**

ફોસિલ્સ પાર્કની મુલાકાતે આર્મિ, નેવી, એરફોર્સના ઉચ્ચ અધિકારીઓ સહિત અનેક મહાનુભાવો આવી ચૂક્યા છે. સંખ્યાબંધ સ્થળોએ જઈને પોતાના ફોસિલ સંગ્રહને પ્રદર્શિત કર્યા છે. સંખ્યાબંધ માન-સન્માન મેળવ્યા છે, પરંતુ દરિયાઈ ગાય (સી-કાઉ) નું ફોસિલ જે ૬૫ મિલિયન વર્ષ પહેલાંનુ છે જે શ્રી સોઢાના સંગ્રહમાં સામિલ છે તેને આઈ.આઈ.ટી. રૂડકી યુનિ. એ ડોમનીમ જી.વાય. સોડે (SODHAE) નું નામ આપી તેની વિશિષ્ટ કદર કરી. કોઈ ફોસિલને કોઈ વ્યક્તિ (શોધનાર) નું નામ આપવામાં આવ્યું હોય એવું ભારતના ભૂસ્તરશાસ્ત્રના ઈતિહાસની પ્રથમ ઘટના બની ગઈ.

મોહનસિંહ સોઢાના પુત્ર વિક્રમસિંહ સોઢા પણ ફોસિલને મુદ્દે પિતાજીનાં પગલે ચાલે છે. પક્ષી નિરીક્ષક અને તસવીરકાર એવા એમના પુત્ર પણ ફોસિલ્સની સાથે ગેલેક્સી (બ્રહ્માંડ) ની ઉત્પત્તિ સાથે ફોસિલ્સ વિશે પણ ઊંડું જ્ઞાન ધરાવે છે. ‘કાળ’ શબ્દનો સંદુક ખોલતાં તેમણે જણાવ્યું કે, ૧૩૬ મિલિયન વર્ષથી ૨૦૬ મિલિયન વર્ષ પહેલાંના ગાળાને જુરાસિક યુગ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે ક્રેટેશિયસ યુગ એટલે ૬૫ મિલિયન વર્ષથી ૧૩૬ મિલિયન વર્ષ સુધીનો સમયગાળો અને ટ્રેસિયરી યુગ એટલે બે મિલિયન વર્ષથી ૬૫ મિલિયન વર્ષનો સમયગાળો. જ્યારે અત્યારે ક્વાર્ટનરી યુગ એટલે કે બે મિલિયન વર્ષ પહેલાંનો સમયગાળો ચાલી રહ્યો છે. વિક્રમસિંહે જણાવ્યું કે, જુરાસિક, ક્રેટેશિયસ અને ટ્રેસિયરી યુગ એમ ત્રણેય યુગના અસ્મિઓ અમારા સંગ્રહાલયમાં છે. તેમણે મહત્ત્વની વાત કરતાં જણાવ્યું કે, કચ્છમાં જ્યારે જીવસૃષ્ટિ હતી પરંતુ આદિમાનવ પણ કચ્છમાં ન હતા એ સમયના જીવાશ્મિ અમારા ફોસિલ પાર્કમાં છે.

**તેમણે આગળ જણાવ્યું કે, કચ્છના ફોસિલ ઉપર દેશ અને દુનિયાના ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ પીએચ.ડી. ની ડિગ્રી મેળવી ચૂક્યા છે.** ફોસિલ પાર્કમાં જે કલેક્શન છે એ કચ્છના અલગ અલગ વિસ્તારોમાં ૪૫ વર્ષ રખડી રખડીને એકઠું કરાયેલું છે. કચ્છની કુંડળીને દોરવા માટે આ ફોસિલ સિવાય નક્કર આધારો આપણી પાસે નથી તેવું ઉમેરતાં શ્રી સોઢા જણાવે છે કે, વિવિધ યુનિ.ના વિદ્યાર્થીઓ કચ્છમાંથી ફોસિલ્સ લઈ જાય છે. જેથી એક સમયે કચ્છની ઓળખ ગુમાવવાનો સમય પણ આવી શકે.

કચ્છમાં અતિપ્રાચીન એવા ત્રણે સમયખંડના ફોસિલ મળે છે એનું કારણ સમયાંતરે આવેલા ભૂકંપો છે, જે

ભારતમાં ભાગ્યે જ જોવા મળે છે. કચ્છની પર્વતમાળા સિસ્મોલોજીકલ પ્લેટ સિસ્ટમના કારણે કશ્યપ જેવી છે. જે સમય જતાં અપભ્રંશ થઈ કચ્છ બન્યું. કાચબાની પીઠ જેવો પ્રદેશ એટલે કચ્છ. કચ્છનો મધ્ય ભાગ ઊંચકાઈ જવાથી પ્રદેશ કાચબાની પીઠ જેવો બન્યો.

ફોસિલ પાર્કમાં સૌથી જૂનું ફોસિલ એમોનાઈટ (ગોકળગાય) (દરિયાઈ ગાય-સી-કાઉ) નું છે. કરોડો નહીં પણ કરોડોના કરોડો વર્ષ પહેલાંની કચ્છની લાઈફ સ્ટાઈલના આ પુરાવા છે. એક સમયે કચ્છમાં ૨૦૦ પ્રકારની ગોકળગાય (એમોનાઈટ) હતી. ફોસિલ પાર્કમાં આ ગોકળગાયનું જીવાશ્મિ પ્રત્યક્ષ જોયું ત્યારે આપણી વર્તમાન ગોકળગાયની કલ્પનાથી અનેકગણું મોટું ફોસિલ્સ છે. ફોસિલ પાર્ક એ માત્ર કચ્છની કુંડળી બનાવવા માટે જ નહીં પણ સંખ્યાબંધ સ્થળચર અને જળચર જીવોનાં જીવન પરિવર્તન ઉપરથી પડદો ઊંચકવા માટે પણ સક્ષમ છે.

જળકૃત પથ્થરોથી બનેલા જીવાશ્મિ અતિ દૂરદૂરના અતીતના અંધારા ઉલેચવા સક્ષમ છે. અંકોડા કે કડીઓ અત્યારે પણ કચ્છમાં સર્વત્ર ક્યાંકને ક્યાંક પધરી કે ધરબાયેલી પડી છે. બસ આ અંકોડા ભીડવવાનું ભગીરથ કામ જિજ્ઞાસુઓની રાહ જુએ છે. આ કામ માટે સંપૂર્ણ સમર્પિત પેઢીઓએ ધીરજથી કામ કરવું પડે. ફોસિલ પાર્કમાં કેટલાક જીવાશ્મિ એવા છે જેમણે આજથી કરોડો વર્ષ પહેલાં પૃથ્વીના આ ગોળા ઉપરથી કાયમના માટે વિદાય લઈ લીધી છે. જે શોધાયું છે એથી અનેકગણું તો શોધવાનું બાકી છે. મોહનસિંહે પોતાના ટાંચા આર્થિક સાધનો અને અનેક વિડંબણાઓ વચ્ચે ફોસિલ પાર્ક તૈયાર કર્યું છે એ તો કાબિલેદાદ છે. વ્યક્તિ ઉપર ઝનૂન જ્યારે સવાર થઈ જાય છે ત્યારે કેટલી હદે કામ કરી શકાય તેનો ઉત્તમ નમૂનો છે.

## મધદરિયેથી કિનારે પહોંચાયું, હવે ભરતીનું મોજું તાણી જશે...

ફોસિલ્સ પાર્કની મૂછાળી મા અને પાલક પિતા એટલે મોહનસિંહ સોઢા...૪૫ વર્ષની જહેમત...અત્યારે સ્થિતિ ગ્લાનિ ઉપજાવે...અંગ્રેજી સહિત સંખ્યાબંધ ભાષાનાં પુસ્તકોનાં સતત વાંચનના ગાંડા શોખના કારણે આંખો જતી રહી છે, નહિંવત દૃષ્ટિ શેષ છે. કીરો ડુંગર (તા. નખત્રાણા) ફોસિલ્સના સંશોધન અર્થે નીકળેલા સોઢાનો ડુંગર ઉપરથી પગ લપસ્યો અને ધારદાર પથ્થર પગમાં ખૂંચી ગયો. સારવારના અંતે ડાબો અડધો પગ કાપી નાખવામાં આવ્યો. જીવન લાચાર બની ગયું છે.

તેમના ઘેર વાતચીતના દોર દરમ્યાન એક તબક્કે ફોસિલની વાત કરતાં કરતાં મૌન બની ગયા. 'બાપુ, બોલો શું કહેવા માગો છો'? મૌન ભંગ કરાવવા પૂછ્યું, 'મેં શોધી શોધીને એકત્ર કરેલા ફોસિલને લોકો પાણા કહે છે. આ વાતનું દુઃખ હું સહન કરી શકતો નથી...' અને ન દેખતી આંખના ખૂણા ભીના થઈ ગયા. અત્યાર સુધી પકડી રાખેલી વ્યથાનો બંધ તૂટી ગયો. ત્યાર પછી એ જે કાંઈ બોલ્યા એ શબ્દો વલોપાતના વમળમાં ક્યાંય ફંગોળાઈ ગયા. જીવનસંધ્યાએ પહોંચેલા આ જવાંમર્દ એટલું બોલ્યા કે મધદરિયાથી કિનારા સુધી પહોંચી આવ્યો છું. ભરતીનું મોજું ક્યારે પરત લઈ જશે કાંઈ નક્કી નથી. કચ્છના અલભ્ય...અતૂલ્ય અને અનન્ય ફોસિલ્સના વારસાને સાચવનારું કોઈ મળી જાય...

ફોસિલ પાર્ક જોયા પછી એવું સહેજ લાગ્યું કે વિશાળ સંગ્રહની સામે સંગ્રહાલય નાનું છે. વૈજ્ઞાનિક ઢબે આધુનિક બનેલું નથી તેમ મુખ્ય ત્રણે ભાષામાં ફોસિલની ઓળખ પરિચય આપતું લખાણ નથી. સુ-રક્ષિત પણ નથી. પણ મહત્ત્વની વાત તો એ છે કે જ્યાં ફોસિલ પાર્ક આવેલો છે એ ગોધિયાર ગામ અંતરિયાળ ગામ છે. કચ્છમાં આવતા પ્રવાસીથી અજાણ અને દૂર છે. ઉપરાંત ફોસિલ એ માત્ર ભૂસ્તરશાસ્ત્રીઓનો વિષય છે તેવી ગેરમાન્યતા પ્રવર્તે છે.

સમયની માંગ તો એ છે કે ફોસિલ્સ પાર્કને ભુજની નજીક સ્થળાંતર કરવામાં આવે. કાયમી અને અદ્યતન ફોસિલ્સ પાર્કની સાથે શ્રી સોઢાએ જ્યાં કામને અલ્પવિરામ આપ્યું છે ત્યાંથી સંશોધનની દોરને આગળ ચલાવે. શ્રી સોઢાના જ્ઞાનના ખોજની જિજ્ઞાસાના અને વિષય પ્રત્યેની સમર્પિતતાના વારસાને આવનારી પેઢીને પહોંચતા કરવાનું કામ પણ કોઈકે તો કરવું જ જોઈશે ને?

કચ્છ એક યુનિક છે. અનેક રહસ્યો ઉપરથી ધૂળ ખંખેરવાનું કે પડદો ઊંચકવાનું કામ બાકી છે. ઘણું થયુ છે ને ખૂબ બાકી છે. **કચ્છને અનેક મોહનસિંહ સોઢાની જરૂર છે...સાથે ભામાશાની પણ.** ■

*ચોખા જો કંકુ સાથે ભળે તો કોઈકના મસ્તક સુધી પહોંચી જાય અને જો મગ ભેગા મળે તો ખીચડીમાં ખપી જાય. તમે કોણ છો તેની મહત્ત્વતા કરતાં તમે કોની સાથે ભળેલા છો તે મહત્ત્વનું છે.*

પ્રતિષ્ઠા

# સુખ એટલે 'તમે' અને 'આપ' સાંભળી સાંભળીને થાકી ગયા હોઈએ ત્યારે 'તું' કહેનાર દોસ્ત મળે એ પળ એટલે સુખ!



ભોલાભાઈ ગોલીબાર

મિત્રો, આપણે જિંદગીમાં ઘણી વખત ગેરસમજનો શિકાર થઈએ છીએ. ગેરસમજનો શિકાર થઈએ એ તો ઠીક પણ એના સવાલ-જવાબ પણ જાતે જ શોધી લઈએ છીએ. એક વાત તો કોમન છે કે આપણે બધા ક્યારેક ને ક્યારેક ગેરસમજનો શિકાર થઈએ છીએ. આવું એટલા માટે પણ થાય છે કે આપણે આપણા વિચારોને સાચા ઠેરવી સામેવાળાને જવાબદાર ગણીએ છીએ. જ્યારે કે હકીકતમાં સામેવાળો એટલો જવાબદાર હોતો નથી. આપણે જો કોઈ વાતના પરિણામ પર પહોંચી જઈએ એ પહેલા જો એ વિશે થોડું વિચારી લઈએ તો આપણા જીવનમાં એ પરિસ્થિતિ ક્યારેય ઉદ્‌ભવશે નહીં.

જશવંતભાઈ નામના શિક્ષકનો દીકરો ગૌરવ ભણવામાં ખૂબ હોંશિયાર હતો. જ્યારે પણ ગૌરવને કોઈ પૂછતું કે, 'દીકરા, મોટો થઈને શું બનીશ?' ત્યારે ગૌરવ કહેતો કે, 'હું મોટો થઈને આઈપીએસ અધિકારી બનીને દેશની સેવા કરીશ.'

જશવંતભાઈ પણ ગૌરવના અભ્યાસ પર પૂરેપૂરું ધ્યાન આપતા. જશવંતભાઈએ ડગલે ને પગલે ઘણા ત્યાગ કર્યા, જેના કારણે દીકરાનું સપનું પૂરું થઈ શકે. ગૌરવે આઈપીએસ ઓફિસરની પરીક્ષા પાસ કરી લીધી. ટ્રેનિંગ પછી નસીબજોગે ગૌરવ આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે એના ગામમાં આવે છે. આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે પહેલા દિવસે એ એના પિતાને પોતાની ઓફિસમાં બોલાવે છે. જશવંતભાઈ દીકરાની ઓફિસે પહોંચે છે. દીકરાને કલેક્ટરની ખુરશી પર બેઠેલો જોઈ એમની ખુશીનો પાર ન રહ્યો. પિતાએ દીકરા ગૌરવના ખભા પર હાથ મૂકી પૂછયું, 'બોલ દીકરા, વધારે સમૃદ્ધ કોણ છે?' શિક્ષક જશવંતભાઈના મનમાં તો એમ જ હતું કે એમના ત્યાગના પરિણામે જ ગૌરવ કલેક્ટર બની શક્યો છે. જોકે, આ અંગે એ દીકરાના મોઢે કંઈ સારી વાત સાંભળવા માંગતા હતા. પિતાનો સવાલ સાંભળી દીકરા ગૌરવે કહ્યું, 'પિતાજી, સૌથી સમૃદ્ધ હું છું.'

દીકરાની વાત સાંભળી પિતા જશવંતભાઈ નિરાશ થઈ ગયા. દુઃખી થયેલા પિતાએ વિચાર્યું કે દીકરાને પદ, પ્રતિષ્ઠાનો પાવર મળતાં એના મનમાં અહંકાર આવી ગયો. પિતા કંઈ પણ બોલ્યા વગર દરવાજા તરફ પાછા વળ્યા. દરવાજા પાસે પહોંચી એમણે ફરી દીકરાને સવાલ પૂછ્યો કે, 'દીકરા, તે શું કહ્યું, સૌથી સમૃદ્ધ કોણ છે?' દીકરાએ કહ્યું, 'પિતાજી, હવે સૌથી સમૃદ્ધ તમે છો!' દીકરાનો જવાબ સાંભળી પિતા રોકાઈ ગયા. એમણે દીકરાને કહ્યું, 'બેટા, હમણાં તો તેં કંઈક જુદું જ કહ્યું હતું.' ગૌરવે પિતાની નજીક જઈ કહ્યું, 'જે દીકરાના ખભા પર આપના જેવા મહાન પિતાના હાથ હોય એનાથી વધુ સમૃદ્ધ સંસારમાં કોઈ હોઈ જ ન શકે.'

જવાબ સાંભળી પિતાની આંખમાં આંસુ આવી ગયા અને દીકરાને ભેટી પડ્યા.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઈન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

---

**આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને રાષ્ટ્રીય વહાણવટા દિવસનો સુભગ સંજોગ**

**(અનુ. : પાના નં.-૧૨ ઉપરથી ચાલુ)**

- **તાઇવાન દ્વારા ગુજરાતમાં પેટ્રોકેમિકલ પાર્ક માટે પ્રાથમિક સર્વે:**

તાજેતરમાં તાઇવાન સરકાર દ્વારા પોતાના પેટ્રોકેમિકલ પાર્કની સ્થાપના માટે ગુજરાતનાં કિનારે પ્રાથમિક સર્વે ચાલી રહેલ છે. જેમાં તેલ શુદ્ધિકરણ માટે રિફાઇનરી, નેપ્થા ક્રેકર પ્લાન્ટ તથા ઈથિલીન અને અન્ય પેટ્રોકેમિકલ પ્લાન્ટ સ્થાપવા સંભવતઃ કચ્છના દરિયા કિનારે આવો પ્લાન્ટ સ્થાપવા વિચારણા હેઠળ છે. જે એકાદ માસમાં ફાઇનલ થવા સંભાવના છે. જો આ પ્રોજેક્ટ ફાઇનલ થશે તો આ વિસ્તારના તથા ગુજરાતનાં યુવાનો માટે મોટી રોજગારીની તકો ઉત્પન્ન થશે.

ઈરાન સાથે ચાહબાહ બંદરના વિકાસના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના કરાર થયા. ઈરાન-ભારત સાથે ચાહબાહ બંદરના વિકાસના કરારો થઈ ગયા છે. આને કારણે રાજકીય તથા વિદેશ વેપારમાં ભારતને મહત્ત્વનો લાભ થશે. એટલું જ નહીં, સૌરાષ્ટ્ર કચ્છનાં નાના બંદરો માટે વિકાસની મોટી તકો પ્રાપ્ત થશે. આ થઇ આપણા વહાણવટાના વિકાસ સાથે ઉદ્યોગ રોજગારીની વિકાસ ગાથા.

*૧૭, નટવર પાર્ક, મોરબી-૨.*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*


S.S.C. - H.S.C.
પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?
એન્જીનીયરીંગ ક્ષેત્રે કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...
ડીપ્લોમાં એન્જી. થઈ શકો છો.
100% નોકરી
તાલીમ પ્રાપ્ત કરનારને પ્રમાણપત્ર...
ઈલેક્ટ્રોનિક્સ એન્જી. કોમ્પ્યુટર સોફ્ટવેર એન્ડ હાર્ડવેર નેટવર્કીંગ એન્જી.
રેફ્રીજરેશન એન્ડ એસી. એન્જી.
સિવિલ - મીકેનીકલ એન્જી.
ટી.વી. - ડી.વી.ડી. - મોબાઈલ રીપેરીંગ
મોટર રીવાઈન્ડીંગ • ટર્નર • ફીટર
સરનામું : મોરલીધર નો વહેરો, રાયપુર દરવાજા પાસે. Ph.: 079-22149765
એપરલ (ગારમેન્ટ) ટ્રેનીંગ સેન્ટર
બેઝીક સોઈંગ મશીન ઓપરેટર
ગારમેન્ટ કટર
લેડીઝ ટેલર
સ્પે. સોઈંગ મશીન ઓપરેટર
સરકાર માન્ય પ્રમાણપત્ર
દિકરીને આપો.. શિક્ષાનું દાન..
બ્યુટી કલ્ચર એન્ડ હેર ડ્રેસીંગ ટ્રેનીંગ
બ્યુટી થેરાપી એન્ડ હેર સ્ટાઈલ
બ્રાઈડલ મેકઅપ આર્ટીસ્ટ


ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...
ડી. એન. પોલીટેકનીક
સંચાલિત
આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?
You can be a Fashion Designer
ફેશન ડીઝાઈનીંગ ક્ષેત્રે
કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક
ડિપ્લોમાં ઈન ફેશન ડીઝાઈનીંગ ટેકનોલોજી સાથે
બ્યુટી પાર્લર ફ્રી
સંસ્થાની વિશિષ્ટતાઓ :
ફેશન ડીઝાઈન તજજ્ઞ મહેમાન દ્વારા વિશેષ વાર્તાલાપ અને માર્ગદર્શન.
તાલીમ દરમિયાન વિવિધ ગાર્મેન્ટ ઈન્ડસ્ટ્રીઝ અને સેમીનાર એક્ઝીબિશનની મુલાકાત.
નીચેના ડોક્યુમેન્ટની પાંચ નકલ સાથે આજે જ પ્રવેશ મેળવો.
માર્કશીટ
સ્કુલ લીવીંગ
આધાર કાર્ડ
:: સંપર્ક ::
બાપુનગર : પટેલ વાડી, ઘંટી સ્ટેન્ડ પાસે, બાપુનગર. Ph.: xxxxxxxx
દહેગામ : B/401-404, નીલકંઠ આર્કેડ, S.T. બસ સ્ટોપ પાસે, દહેગામ. Ph.: xxxxxxxx
મણીનગર : હિમાની એપાર્ટમેન્ટ, હિરાભાઈ ટાવરની પાછળ, મણીનગર. Ph.: 25462436
મેઘાણીનગર : સાવોના સ્કુલ કેમ્પસ, રામેશ્વર પોલીસ ચોકી સામે. Ph.: 22685333
નરોડા : દિપજ્યોત કોમ્પ્લેક્ષ, દેવી સિનેમા સામે, નરોડા. Ph.: 22814235
રાયપુર : મોરલીધર ની પોળ, રાયપુર દરવાજા પાસે. Ph.: 22161403
રાયપુર : મોરલીધર નો વહેરો, રાયપુર દરવાજા પાસે. Ph.: 22149765
વાપી : ઝંડા ચોક, બેંક ઓફ ઈન્ડીયાની સામે, જી. વલસાડ. Ph.: 0260 2462588

વાયબ્રન્ટ હાસ્ય

# લાફ્ટર થેરાપી

## લાફ્ટર ઇસ ધી બેસ્ટ મેડિસિન – (૪)

• તુલસી કંસારા •

આપણે અત્યાર સુધીના ત્રણ હપ્તાઓમાં ખાસ કરીને ૩૦ વરસની ઉંમર બાદ કસરતોની અગત્યતા, લાફિંગ ક્લબમાં કરવામાં આવતી વોર્મિંગ અપ અને હોલ બોડીની કસરતો અને તે બાબતની સૂચનાઓ વિશે જાણ્યું. હવે આ હપ્તામાં આપણે વાત કરીશું વધારાની કસરતો વિશે. આ કસરતોને વધારાની એટલા માટે કહેવામાં આવે છે કે લાફિંગ ક્લબના પ્રણેતા ડૉ. મહેતાએ માત્ર વોર્મિંગ અને અને હોલ બોડીની કસરતોની જ વાત કરેલ છે અને મોટા ભાગની ક્લબોમાં આ બે કસરતો ત્રીસથી પીસ્તાળીસ મિનિટ સુધી અથવા તો સાંજે કરવામાં આવે છે. પરંતુ અમે સમર્પણ લાફિંગ ક્લબમાં આ વધારાની કસરતો કરીએ છીએ. અને તે કસરતોના ફાયદાઓ પણ તમે આગળ વાંચશો. જે અગાઉ જણાવેલ વોર્મિંગ અપ અને હોલ બોડીની કસરતોના બે રાઉન્ડ પૂરા થતાં નિયામક ગ્રુપ મેમ્બર્સને બેસી જવાની સલાહ આપશે અને ત્યારબાદ બેસીને કરવાની કસરતોનો રાઉન્ડ શરૂ થશે, જે નીચે મુજબ છે.

**(૧) બટર ફ્લાય :**

આ કસરતમાં પગના તળીયા સામસામા ટેકવી બંને હાથના આંગળાથી તેમને લોક કરીને લગભગ સાંઇઠથી પંચોતેરની ગણતરી થાય ત્યાં સુધી બંને પગને ગુડાથી અધ્ધર કરીને પરત જમીન તરફ લઇ જવાના રહે છે. આ કસરત એકાદ મિનિટ કરવાની છે. આ કસરતમાં પગ પતંગિયાની પાંખોની જેમ ચાલતા હોવાથી તેનું નામ બટર ફલાય રાખેલ છે.

**(૨) ડાબો પગ :**

ડાબા પગના પંજાને જમણી સાથળ પર રાખી, તેને જમણા હાથથી પકડી, ડાબા હાથ વડે ડાબા ગુડાને ઉપર-નીચે લગભગ પિસ્તાળીસથી પચાસ વખત હલાવશું.

*આદેશ કે કમાન્ડ :*

ડાબા પગને કસરત આપીશું.... શરૂ...

**(૩) જમણો પગ :**

જમણા પગના પંજાને ડાબી સાથળ પર રાખી, તેને ડાબા હાથથી પકડી, જમણા હાથ વડે જમણા ગુડાને ઉપર-નીચે લગભગ પિસ્તાળીસથી પચાસ વખત હલાવશું.

*આદેશ કે કમાન્ડ :*

જમણા પગને કસરત આપીશું.... શરૂ...

**(૪) ઘંટી :**

બંને પગને પહોળા કરીને બંને હાથ વડે લોટ દળવાની ઘંટી પીસતા હોઈએ તે મુદ્રામાં પ્રથમ ડાબેથી જમણી તરફ સાત વખત ગોળ ગોળ ફેરવીશું અને રીવર્સનો આદેશ મળતાં વિરૂધ્ધ દિશામાં તે જ રીતે બંને હાથને ગોળ ગોળ ફેરવીશું.

*આદેશ કે કમાન્ડ :*

ઘંટી.... શરૂ...

**(૫) ડાબો - જમણો :**

બંને પગને પહોળા રાખીને ડાબા હાથથી જમણા પગના અંગુઠા અને જમણા હાથથી ડાબા પગના અંગુઠાને પકડીશું. આ કસરત સાત વખત કરીશું.

*આદેશ કે કમાન્ડ :*

ડાબો - જમણો શરૂ...

**(૬) હલેસા :**

બંને પગને સાથે લાંબા રાખીને બંને હાથથી જાણે હોડી ચલાવવા માટે હલેસા મારતા હોઈએ તેવી રીતે હાથને ગોળ ગોળ આગળથી પાછળ અને ત્યારબાદ વિરૂદ્ધ દિશામાં ચલાવવાના. આ કસરત સાત વખત કરીશું.

*આદેશ કે કમાન્ડ :*

હલેસા... શરૂ...

**(૭) આકાશ દર્શન :**

બંને હથેળી પર પીઠથી ઊંચા થઇને આકાશ તરફ જોવું. આ ક્રિયા લગભગ એકાદ મિનિટ સુધી કરવી.

*આદેશ કે કમાન્ડ :*

આકાશ દર્શન... શરૂ...

(૮) આ કસરતો પછી તાવરિયાજી નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય (શારીરિક, માનસિક, આધ્યાત્મિક) માટે નિર્દેશિત રીફાઈનિંગ પ્રાણાયામની સાત કસરતો શરૂ કરવામાં આવશે, જે નીચે મુજબ છે :

૮.૧ છાતીથી શ્વાસ લઈને જોશથી નાક વાટે શ્વાસ પાછો કાઢવાનો છે. એક મિનિટમાં છત્રીસ વખત આ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરીશું. આને ભસ્ત્રિકા પ્રાણાયામ પણ કહેવામાં આવે છે. આ ક્રિયા પૂરી થયા બાદ તેના પછીની ક્રિયા કરીશું.

૮.૨ પેટથી શ્વાસ લઈને જોશથી નાક વાટે શ્વાસ પાછો કાઢવાનો છે. એક મિનિટમાં છત્રીસ વખત આ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરીશું.

૮.૩ બંને પગને સાથે લાંબા રાખીને પગના અંગુઠાને હાથથી પકડીને નજર ઊંચે રાખી, છાતી તેમજ પેટથી શ્વાસ લઇને નાક વાટે શ્વાસ પાછો કાઢવાનો છે. આ શ્વાસોચ્છ્વાસની ક્રિયા એક મિનિટમાં છત્રીસ વખત કરીશું. આ ક્રિયા પૂરી થયા બાદ તેના પછીની ક્રિયા કરીશું.

૮.૪ નાકથી પાંચ વખત શ્વાસ લઈ મોઢેથી જોરથી બહાર કાઢવાનો છે. આ ક્રિયા એક મિનિટમાં અઢાર વખત કરીશું.

૮.૫ છાતી અને પેટથી પાંચ વખત અંદર શ્વાસ લેવાનો છે. પાંચ સેકન્ડ સુધી રોકવાનો છે, પાંચ સેકન્ડમાં બહાર કાઢવાનો છે અને છેલ્લી પાંચ સેકન્ડ ખાલી પેટ રાખવાનો છે. આ ક્રિયા એક મિનિટમાં ત્રણ વખત કરવાની છે.

૮.૬ ઊંડો શ્વાસ લઈ, એક હાથ વડે નાક બંધ કરી, બીજો હાથ માથા પર રાખી, દાઢી છાતી સાથે ચીપકાવી, પાણીના ઘુંટડા ભરતા હોઈએ તેમ એક, બે અને ત્રણ બોલાય ત્યારે શ્વાસ ટુકડે ટુકડે બહાર કાઢવાનો છે. હવા કાનમાંથી બહાર નીકળતી અનુભવી શકાશે. વીસ સેકન્ડમાં પાંચ વખત આવી રીતે ૩, ૬, ૯, ૧૨ અને ૧૫ બોલાશે ત્યારે શ્વાસ બહાર નીકળશે. આ ક્રિયા એક મિનિટમાં ત્રણ વખત કરવાની છે.

૮.૭ અને છેલ્લે ગોલ્ડન નગેટ, એટલે કે સોનાની લગડી જેવી આ શ્વાસ રોકવાની ક્રિયા છે. ઊંડો શ્વાસ લઈ, ધીમે ધીમે બહાર કાઢી, પેટ અંદરની તરફ ખેંચતા, લગભગ ૨૫ સેકન્ડ સુધી, એકથી પચીસ બોલાય ત્યાં સુધી, શ્વાસ રોકીને સ્થિર બેસવાનું છે. આ ક્રિયા એક જ વખત કરવાની છે.

**૯. કૂલિંગ ડાઉન :**

આ રીલેક્ષ થવાની, કૂલિંગ ડાઉન કસરત, એક મિનિટમાં બાર વખત કરવાની છે. એક, બે, ત્રણ બોલાય ત્યારે છાતી અને પેટ બંનેથી શ્વાસ અંદર લેવાનો છે, એક સેકન્ડ રોકવાનો છે અને પાંચ અને છ બોલાય ત્યારે બહાર કાઢવાનો છે.

**૧૦.** પાંચ વખત ૐ કારનો નાદ કરવાનો છે.

**૧૧.** એક મિનિટ માટે મૌન રહીને ધ્યાન કરવાનું છે અને ત્યારબાદ દિવસની શુભ શરૂઆત કરવા માટે છૂટા પડવાનું છે.

ધ્યાન કરવા માટે નિયામકને ફાવે તો આ આદેશ આપી શકે છે.

આંખો બંધ, ધ્યાન બે આંખોની વચ્ચે જે લાગણી અને સંવેદનાનું કેન્દ્ર છે, પોતાના શરીરનો વિચાર કરો અને મનમાં બોલો : હું શાંત સ્વરૂપ આત્મા છું, હું જ્ઞાન સ્વરૂપ આત્મા છું, હું આનંદ સ્વરૂપ આત્મા છું, હું પ્રેમ સ્વરૂપ આત્મા છું, હું શક્તિ સ્વરૂપ આત્મા છું. ૐ શાંતિ, ૐ શાંતિ, ૐ શાંતિ....

- **લાસ્ટ એન્ડ ફર્સ્ટ :**

શરીરની કુદરતી રીતે તાણથી મુક્ત થવાની પ્રતિક્રિયા છે હાસ્ય. તે આંતરિક જોગિંગ જેવું છે, જે અંદરના દરેક અવયવને માલિશ કરે છે અને પેટના સ્નાયુઓનું ટોનિંગ કરે છે.

Laughter activates the body's natural relaxation response. It's like internal jogging, providing a good massage to all internal organs while also toning abdominal muscles.

***feedback : tulsi_66@yahoo.in***

## બાળકો અને માનસિક સ્ટ્રેસ

**(અનુ. : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)**

**(ડ) પરિવારજનો :**

પરિવારના સભ્યોમાં પ્રવર્તતી તંગ તથા સ્ટ્રેસનું વાતાવરણ બાળકમાં સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે.

- **બાળકોમાં સ્ટ્રેસના લક્ષણો :**

બાળકોમાં સ્ટ્રેસના લક્ષણો શારીરિક ચિહ્નોમાં વધારે જોવા મળે છે. બાળકો શારીરિક લક્ષણો દ્વારા પોતે માનસિક સ્ટ્રેસમાં છે એ સંદેશો આડકતરી રીતે માતા-પિતાને આપે છે.

બાળકમાં શારીરિક લક્ષણો હોય અને શારીરિક તપાસ નોર્મલ હોય ત્યારે બાળ મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાનું અગત્યનું છે.

**(અ) શારીરિક લક્ષણો :** (૧) વારંવાર પેટનો દુઃખાવો. (૨) વારંવાર માથાનો દુઃખાવો. (૩) ઉબકા આવવા, ઉલટી થવી. (૪) નબળાઈ લાગવી. (૫) રાત્રે ઊંઘમાં પથારીમાં પેશાબ થવો.

**(બ) માનસિક લક્ષણો :** (૧) અભ્યાસમાં મન ન લાગવું. (૨) ક્ષમતા કરતા ઓછા ગુણાંક મળવા. (૩) અભ્યાસ અને / અથવા રમતમાં એકાગ્રતા ઓછી થવી. (૪) ચીડિયાપણું. (૫) રડવું આવવું. (૬) અચાનક શાંત થઈ જવું. (૭) આત્મવિશ્વાસનો અભાવ. (૮) ડર લાગવો.

માતા-પિતા બાળકને કેવી રીતે મદદરૂપ થઈ શકે એ વિશે આવતા અંકમાં જાણકારી મેળવીશું. ***(ક્રમશઃ)***

સ્વાસ્થ્ય

# બાળકો અને માનસિક સ્ટ્રેસ




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આજની ૨૧મી સદીમાં જ્યાં જીવનધોરણ બદલાયું છે, સમાજ વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થામાં ધરખમ ફેરફારો થયા છે ત્યારે શું નાના બાળકો માનસિક સ્ટ્રેસ અનુભવે છે? શું એમનામાં માનસિક તાણ ઉદ્‌ભવતી હોય છે?

"તમારા જીવનનો 'બેસ્ટ' સમય કયો?" એ સવાલના પ્રત્યુત્તરમાં આજે પણ મોટાભાગે સાંભળવા મળશે કે સ્કૂલમાં હતો ત્યારનો... સ્કૂલમાં ભણતા હતા ત્યારે તો બસ મજા જ... મજા હતી...

છેલ્લા બે દાયકામાં પરિસ્થિતિ બદલાઈ છે. હાયર ક્લાસ (સેકન્ડરી સ્કૂલ)માં ધોરણ ૮ માંથી ભણતા વિદ્યાર્થીઓ પર સારા ટકા માર્કસ લાવવાના દબાણ અને ટેન્શન વિશે આપણને સૌને જાણકારી છે. આ સ્ટ્રેસ થોડા કિસ્સાઓમાં વિદ્યાર્થીઓને આત્મહત્યા કરવા મજબૂર કરે છે.

સમાજમાં મોટાભાગના લોકો માને છે કે બાળકોને વળી શાનું સ્ટ્રેસ? એમને તો કોઈ ચિંતા હોય જ નહીં. દિલગીરી સાથે જણાવવું પડે છે કે આ લોકો ચાઈલ્ડ સાઈકોલોજીથી અજાણ છે. બાળકો પણ અનેક કારણોસર વત્તાઓછા પ્રમાણમાં માનસિક સ્ટ્રેસ અનુભવતા હોય છે. માનસિક સ્ટ્રેસ વ્યક્ત કરવાની પદ્ધતિ પુખ્ત ઉંમરની વ્યક્તિઓ કરતાં બાળકોમાં અલગ હોય છે.

માનસિક સ્ટ્રેસને કારણે બાળકોનો વિકાસ મંદ પડી જાય છે. વ્યક્તિત્વનો વિકાસ (Personality Development) મંદ પડી જાય છે, સામાજિક વિકાસ (Social Development - Socialisation) ધીમો પડી જાય છે, આત્મવિશ્વાસ (Self confidence) ઓછો થઈ જાય છે, ગ્રહણ શક્તિ (Grasping Power), સમજણ શક્તિ (Understanding), એકાગ્રતા (Concentration), યાદ શક્તિ (Memory) વગેરે પર નકારાત્મક અસર થાય છે. પરિપક્વતા (Maturity)ના વિકાસમાં બાધા આવે છે, સર્વાંગી વિકાસ ધીમો પડી જાય છે. બાળકની અંદરની શક્તિનો વિકાસ અટકી જાય છે. માનસિક સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતામાં ઘટાડો થાય છે. આ બધી નકારાત્મક અસરો પુખ્તવયે જોવા મળે છે.

- **બાળકમાં સ્ટ્રેસ ઉત્પન્ન કરનારા પરિબળો :**

**(અ) માતા-પિતાનો સ્વભાવ, વર્તણૂક તથા ઉછેરની પદ્ધતિ :**

*નીચેના મુદ્દાઓ બાળકમાં સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે :*

૧. માતા-પિતાની વધારે પડતી અપેક્ષાઓ.
૨. નકારાત્મક વલણ.
૩. અન્ય બાળકો જોડે અયોગ્ય સરખામણી.
૪. બાળક માટે ગુણવત્તાભર્યા સમયનો અભાવ.
૫. બાળકની ભૂલો શોધવાની વૃત્તિ.
૬. બાળકની નકારાત્મક વર્તણૂક અન્યને કહેવાની ટેવ. જેથી બાળકને પોતાનું અપમાન લાગે.
૭. બાળકને અન્યની હાજરીમાં ઉતારી પાડવાની વૃત્તિ.
૮. માતા અને પિતા વચ્ચે વિચારોનો મતભેદ બાળકની હાજરીમાં વ્યક્ત કરવો.
૯. બાળકની હાજરીમાં માતા અને પિતા વચ્ચે ઝઘડા થવા. આથી બાળક અસલામતી અનુભવે છે.

**(બ) શાળા (SCHOOL) :**

૧. ક્ષમતા કરતા ભણવામાં અપેક્ષા વધારે.
૨. સ્કૂલમાં ટીચરનું વલણ ખાસ કરીને બાળક પ્રત્યે નકારાત્મક વલણ.
૩. ટીચર દ્વારા બીજા વિદ્યાર્થીઓ જોડે અયોગ્ય સરખામણી.
૪. સ્કૂલ બદલવી. જેથી નવા વાતાવરણમાં એડજસ્ટ થવાનું.
૫. સ્કૂલમાં મિત્રો જોડે પરસ્પરના નકારાત્મક સંબંધો.
૬. સ્કૂલ પ્રત્યે માતા-પિતાનું વલણ. ખાસ કરીને નકારાત્મક વલણ.

**(ક) મિત્રો (Peer Group)**

૧. મિત્રો જોડે એડજસ્ટ થવું.
૨. પોતાના વલણમાં યોગ્ય ફેરફારો કરવા. જેથી મિત્રતા જળવાઈ રહે. વલણમાં ફેરફાર કરવાની અસમર્થતા સ્ટ્રેસ પેદા કરે.
૩. રમતમાં પોતાના ટર્ન પ્રમાણે ધીરજતા ન જાળવવી.
૪. રમતમાં પરિણામ ધાર્યા પ્રમાણે ન આવે તો અપસેટ થવું.

(અનુ. : જુઓ પાના નં.-૨૬ ઉપર)

*With Best Compliments From*

***Exclusive Business Partner***

Lyson® DIGITAL INKJET INKS

aryan™

Aryan Trade World Pvt. Ltd.

**Mahesh Majithiya**
**+91 98 79 65 34 32**

**Vinit Majithiya**
**+91 98 25 72 11 43**

imagem

PRINT YOUR IMAGINATIONS...

# Imagem Print Solutions

**Ink, Toner Powder, Blades & Other Cartridge Parts,**
**Teflon Sleeves, Pressure Roller & Other Printer Parts,**
**Wide range of Compatible Toner & Ink Cartridges**

B/907, Fairdeal House, Opp. Jain Dairy,
Swastik Cross Road, Navnragpura, Ahmedabad-380 009.
**Ph. : (079) 66314291 ● E-mail : mailtoimagem@gmail.com**

સંશોધન

# ચીનના એક ગામમાં ઠીંગણા લોકો કેમ જન્મે છે?



નજમા વાય. ગોલીબાર

ચીનના સિચુઆન પ્રાંતમાં વસેલા યાંગ્સી ગામની વિચિત્રતા એ છે કે અહીં રહેનારા કુલ ૮૦ રહેવાસીઓમાંથી ૩૬ ઠીંગણા - ઠીંગુજી છે. આમાંથી કેટલાકની ઊંચાઈ ત્રણ ફૂટ દસ ઇંચ તો કેટલાકની ઊંચાઈ ફક્ત બે ફૂટ એક ઇંચ સુધીની જ છે.

આ ગામમાં ઠીંગણા લોકોના પેદા થવાના રહસ્યને સુલઝાવવા માટે વરસોથી વૈજ્ઞાનિકો લાગેલા છે, પણ સફળ થઈ શક્યા નથી.

અહીં ઠીંગણા લોકો જન્મે છે એની પાછળ અહીંના લોકો એવું માને છે કે, સાઇઠ-સિત્તેર વરસ પહેલાં આ નાનકડા ગામમાં કોઈ રહસ્યમય બીમારીનો પ્રકોપ થયો હતો. એ દરમિયાન પાંચથી છ વરસના બાળકો સૌથી વધુ પ્રભાવિત થયા અને એ બીમારીને કારણે જ એ બાળકોનો વિકાસ રોકાઈ ગયો અને તેઓ આટલા નાના કદના રહી ગયા.

સંશોધકોનું માનવું છે કે, આ જાતનું વિકાસનું અટકી જવું ૨૦,૦૦૦ લોકોમાંથી એકમાં જ જોવા મળે છે. તો પછી યાંગ્સી ગામમાં એવું તો શું થયું હશે? કદાચ કંઈક અસાધારણ હશે. વૈજ્ઞાનિક અને વિશેષજ્ઞોએ પાણી, માટી અને આ વિસ્તારના અનાજની તપાસ માટે યાંગ્સીની મુલાકાત પણ લીધી. અને એ વિશ્વાસ સાથે કે, આ લોકો ઠીંગણા હોવાના રહસ્યનું કારણ મળશે. એમણે બધા ઠીંગણાઓનું પરીક્ષણ કર્યું. જો કે, બધા પરીક્ષણો પછી પણ તેઓ આનું કારણ જાણવામાં નિષ્ફળ રહ્યા.

અહીંના જિલ્લા અધિકારીના એક રિપોર્ટ મુજબ ઠીંગણાઓની એ રહસ્યભરી બીમારીની ઓળખ ૧૯૫૧માં થઈ હતી. એ વખતે આ બીમારીના ભરડામાં આવનારા લોકોના અંગોનો વિકાસ થયો નહોતો. ૧૯૮૫માં એક વસતિ ગણતરીમાં ઠીંગણા લોકોના ૧૧૯ મામલા જોવામાં આવ્યા.

સામાન્ય રીતે અહીંના રહેવાસીઓ એવું માનતા થઈ ગયા છે કે, અહીંની આવી પરિસ્થિતિ માટે કોઈ શયતાની શક્તિ જવાબદાર છે. કેટલાક લોકો આ વિસ્તારની ફેંગશુઈની ખરાબ સ્થિતિને આને માટે જવાબદાર માને છે.

અહીંના ઠીંગણા લોકો સાથે જોડાયેલી સૌથી અનોખી કહાણી એ છે કે, ઘણા સમય પહેલા એક વ્યક્તિ, કે જેનું નામ વાંગ હતું, એ કાળા કાચબા પર બેઠેલી હાલતમાં આ ગામમાં જોવા મળ્યો હતો. ગામના કેટલાક લોકો એવું ઇચ્છતા હતા કે, વાંગને ત્યાંથી જવા દેવામાં આવે. પણ અમુક લોકોએ એ કાચબાને મારી નાખ્યો અને એને શેકીને ખાઈ ગયા. જ્યારે એમની પર આ બીમારીનો હુમલો થયો ત્યારે એમને એ ખ્યાલ આવ્યો કે, જો તેઓ એ કાચબાને જીવતો જવા દેત, તો આવું ન થાત. અમુક વર્ષો પહેલાં અહીંના કેટલાય રહેવાસી આ વિસ્તારને છોડીને એટલા માટે ચાલ્યા ગયા કે, ક્યાંક એમની આવનારી પેઢી આની અસરમાં આવીને ઠીંગણી ન થાય કારણકે, અહીં ઠીંગણા થવાનું રહસ્ય હજુ ખૂલ્યું નથી - અકબંધ છે.

Splendid
P & G Enterprise
*Kitchenware, Household Products & Corporate Gifts*
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

જીવન વૃતાંત

# ફર્સ્ટ ફીમેલ સુપરસ્ટાર ઓફ બોલીવુડ : શ્રીદેવી



પાર્થ દવે - પત્રકાર

***૨૪ ફેબ્રુઆરીની મોડી રાત્રિએ સમાચાર મળ્યા કે હિંદી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની દિગ્ગજ અભિનેત્રી શ્રીદેવીનું નિધન થયું છે. તે કોઈ લગ્ન પ્રસંગે હાજરી આપવા દુબઈ ગયા હતા. શ્રીદેવીની જીવન ઝરમર તથા ચંદ ઈન્ટરવ્યુ અહીં પ્રસ્તુત છે.***

થોડા દિવસો પહેલા રીલીઝ થયેલી ફિલ્મ 'મોમ'માં વિલનનો રોલ ભજવનાર અક્ષય ખન્નાએ કહ્યું કે 'શ્રીદેવી અતિશય ઓછું બોલે છે. તે અલ્ટ્રા નોન-કમ્યુનિકેટર છે! તેની સાથે વાત કરવી અતિમુશ્કેલ છે.' કમાલની વાત એ છે કે અક્ષય ખન્નાનો સ્વભાવ પણ એવો જ – એકાંતપ્રિય છે! શ્રીદેવીને 'મોમ' ફિલ્મની સાથે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૫૦ વર્ષ પૂરા થયા. પાંચ દાયકા ઈન્ડસ્ટ્રીમાં પસાર કરનાર શ્રીદેવીએ તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, 'મને હજુ એવું જ ફીલ થાય છે કે જાણે મારી આ પહેલી ફિલ્મ હોય. હું પોતાને ન્યુ કમર જ માનું છું. કારણ કે જો હું એમ વિચારતી થઈ જઈશ કે મેં ઘણી બધી ફિલ્મો કરી છે અને આટલા બધા વર્ષો પસાર કર્યા છે તો હું વધારે કામ નહીં કરી શકું. ઈવન, કોઈપણ કલાકારે પોતાની નેક્સ્ટ ફિલ્મમાં જાણે પહેલી ફિલ્મ હોય એ રીતે જ કામ કરવું જોઈએ. હું મારા ભૂતકાળ તરફ જોતી નથી. મારી નજર નેક્સ્ટ શું છે એના પર જ હોય છે.'

શ્રીદેવીનો જન્મ ૧૩ ઓગસ્ટ, ૧૯૬૩ના રોજ તમિલનાડુમાં થયો હતો. તેનું મૂળ નામ શ્રીઅમ્મા યંગર છે. પિતાનું નામ અય્યપ્પન અને માતાનું નામ રાજેશ્વરી છે. શ્રીદેવીના પિતા વકીલ હતા. તેની એક બહેન અને બે ઓરમાન ભાઈઓ છે. બહેનનું નામ શ્રીલતા અને ભાઈઓના નામ આનંદ અને સતીષ છે. શ્રીદેવીએ માત્ર ચાર વર્ષની ઉંમરે ચાઈલ્ડ આર્ટીસ્ટ તરીકે તમિલ ફિલ્મ 'કંધન કરુણાઈ'માં કામ કર્યું હતું. ૧૯૭૧માં તો તેને મલયાલમ ફિલ્મ 'પૂમબતા' માટે કેરાલા સ્ટેટ ફિલ્મ ઍવોર્ડ પણ એનાયત થયેલો. શ્રીદેવીની પહેલી હિંદી ફિલ્મ હતી ૧૯૭૫માં આવેલી 'જુલી.' આ દરમિયાન તે તમિલ, તેલુગુ અને મલયાલમ જેવી રિજનલ ભાષાની ફિલ્મો કરતી રહી અને અમુક ઍવોર્ડસ પણ મળતા રહ્યા.

આજે તો શ્રીદેવીની મોટી દીકરી જાહ્નવી પણ ફિલ્મમાં આવવાની તૈયારી કરી રહી છે. શ્રીદેવીએ પણ નાની ઉંમરમાં જ કામ કરવાનું ચાલુ કરી દીધું હતું. એક જગ્યાએ તે ત્યારની અને આજની વાત કરતા કહે છે કે, 'મારી મા હંમેશ મારી પડખે ઊભી રહી છે. હું નાની હતી, શૂટિંગ માટે જતી હતી ત્યારે સેટ પર માને દરરોજ સામે ઊભેલી જોતી. હું તેને કારણે સિક્યોર ફીલ કરતી હતી. આજે જાહ્નવી સાથે મને નથી લાગતું કે એવું થઈ શકે! કદાચ હું તેની સાથે શૂટિંગ સેટ પર જઉં તો એ કહી દે કે, મમ્મી, તું અહીંથી જતી રહે. મને ઍમ્બેરેસ ફીલ થાય છે. એટલો ફરક પડી ગયો છે... જો કે, હું ત્યારના જેવી અપેક્ષા પણ નથી રાખતી. આપણે જ સમય મુજબ બદલાઈ જવું જોઈએ...'

૧૯૭૬માં શ્રીદેવીને કે. બાલાચંદ્રે તમિલ ફિલ્મ 'મુન્દ્રુ મુનીચુ' નામની ફિલ્મમાં બ્રેક આપ્યો. તેમાં શ્રીદેવીની ઑપોઝીટ રજનીકાંત અને કમલ હસન હતા. ફિલ્મની ખૂબ સરાહના થઈ અને આ ફિલ્મ બાદ રજનીકાંત અને કમલ હસને શ્રીદેવી સાથે જોડી જમાવી. કન્નડ સહિતની સાઉથની ફિલ્મોમાં શ્રીદેવીનું નામ થતું ગયું. તેની મુખ્ય ભૂમિકાવાળી પહેલી હિંદી ફિલ્મ 'સોલવા સાવન' હતી. અલબત્ત, આ ફિલ્મ એટલી સારી ન રહી. પરંતુ ૧૯૮૩માં આવેલી એક ફિલ્મે શ્રીદેવીની કિસ્મત પલટી નાખી. એ ફિલ્મ એટલે જિતેન્દ્ર સાથેની 'હિમ્મતવાલા.' હિમ્મતવાલા ફિલ્મનું સંગીત અને જિતેન્દ્ર-શ્રીદેવીની જોડી ખૂબ વખણાઈ. આ ફિલ્મ બાદ તેઓ તોહફા, મવાલી, જસ્ટીસ ચૌધરી વગેરે જેવી ફિલ્મોમાં સાથે દેખાયા. આ તમામ ફિલ્મો કમર્શિયલી સક્સેસ રહી. શ્રીદેવી ખૂબ સારી ડાન્સર સાબિત થઈ રહી હતી. હિમ્મતવાલા આવી તેની પાંચ મહિના બાદ કમલ હસન સાથેની બાલુ મહેન્દ્રની ફિલ્મ 'સદમા' આવી. આ ફિલ્મે એ સાબિત કરી દીધું કે શ્રીદેવી સેન્સિટીવ પાત્રો પણ ભજવી શકે છે. સદમા માટે શ્રીદેવી પહેલીવાર ફિલ્મફેર ઍવોર્ડ્સમાં સર્વશ્રેષ્ઠ અભિનેત્રી તરીકે નોમિનેટ થઈ હતી. ૧૯૮૬માં શ્રીદેવીની 'નાગીન' આવી. ત્યારબાદ તો તેની કેરિયર પૂરપાટ વેગે દોડવા માંડી. અમિતાભ બચ્ચન સાથેની 'આખરી રાસ્તા' અને 'ઈન્કલાબ' આવી. શ્રીદેવીના ડબલ રોલવાળી ફિલ્મ 'ચાલબાઝ' આવી. શ્રીદેવી ફર્સ્ટ ફીમેલ સુપરસ્ટાર ઓફ બોલીવુડ તરીકે ઓળખાવા લાગી. શ્રીદેવીને લીડ રોલ તરીકે લઈને વાર્તાઓ લખાવા લાગી. યશ ચોપરાએ શ્રીદેવી માટે 'ચાંદની' ફિલ્મ બનાવી.

૮૦ના દાયકામાં શ્રીદેવીની જોડી

અનિલ કપૂર સાથે પણ જામી હતી. એ ચાહે ‘મિસ્ટર ઇન્ડિયા’ હોય, ‘લમ્હે’ હોય, સોને પે સુહાગા, જાંબાઝ, જુદાઇ કે સુપરફ્લોપ ‘રૂપ કી રાની ચોરોં કા રાજા’ હોય! ૧૯૯૪માં અનિલ કપૂર સાથેની ‘લાડલા’ ફિલ્મનો શ્રીદેવીવાળો રોલ પહેલા દિવ્યા ભારતીને મળ્યો હતો અને મોટાભાગનું શૂટિંગ પઇ થઈ ચૂક્યું હતું. પરંતુ તેના અચાનક અવસાનને કારણે તે રોલ શ્રીદેવીને મળ્યો હતો.

૧૯૯૬માં શ્રીદેવીએ પ્રોડ્યુસર બોની કપૂર સાથે લગ્ન કર્યા. તેમને બે પુત્રીઓ છે : જાહ્નવી અને ખુશી. લગ્ન બાદ શ્રીદેવીએ ફિલ્મોમાંથી થોડા સમય માટે રિટાયરમેન્ટ લઈ લીધું અને નાના પડદા પર ‘માલિની ઐયર’ નામની સિરિયલ કરી, જે એવરેજ રહી. ૨૦૧૨માં શ્રીદેવીએ પુનરાગમન કર્યું ફિલ્મ ‘ઇંગ્લીશ વિંગ્લીશ’ થકી. જેના માટે બેસ્ટ એક્ટ્રેસના વિવિધ એવોર્ડ્સ મળ્યા અને ફિલ્મના ખૂબ વખાણ થયા. ૨૦૧૩માં ભારત સરકાર તરફથી શ્રીદેવીને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવી.

શરૂઆતમાં વાત કરી એમ, શ્રીદેવી ખૂબ જ ઓછું બોલે છે. ઇન્ટરવ્યુઝથી બનતા સુધી દૂર રહે છે. ૫૦ વર્ષો ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કાઢ્યા બાદ એ માત્ર એટલું જ કહે છે કે, હું ડાયરેક્ટરની એક્ટર છું. આઈ એમ ડાયરેક્ટર્સ એક્ટર. મારી આ સફર અને સફળતાનો શ્રેય તમામ ડાયરેક્ટર્સ અને સાથી કલાકારોને જાય છે. ■

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow
• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010
• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

# પ્રતિભાવ

‘કચ્છશ્રુતિ’ના દરેક અંક વાંચન સામગ્રીથી ભરપૂર હોય છે. દરેક અંકના મુખપૃષ્ઠ સુંદર અને નયનરમ્ય હોય છે. લેખો વાંચનયોગ્ય હોય છે અને ગમે છે.

ચૈત્રી નવરાત્રી હોતાં સમસ્ત મોઢ જ્ઞાતિના કુળદેવી દેવેશી માતંગી મોઢેશ્વરી અંગેનું “સ્તવન ગાન” ભક્તિગીત મોકલાવેલ. આપના તરફથી કચ્છશ્રુતિના માર્ચ-૨૦૧૮ના અંકમાં પ્રકાશિત કરવામાં આવેલ નથી.

કચ્છશ્રુતિમાં વિવિધ પ્રકારના લેખો - કાવ્યો સુંદર છે. લેખકોને ધન્યવાદ. તંત્રી મંડળને અભિનંદન અને શુભ કામના.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

★

**પ્રતિનિધિઓમાં જ જોર ના હોય તો – શું થાય?**

‘કચ્છમિત્ર’ તા. ૧૦-૩-૨૦૧૮ના પ્રકાશનમાં વાંચન વિશેષ વિભાગમાં “નર્મદાના વધારાના નીર : ચાલુ બજેટમાં કચ્છને અન્યાય”નો વિશ્લેષણાત્મક લેખ વાંચીને ખરેખર હૃદય દ્રવી ગયું અને થઈ રહેલા અન્યાયની વાસ્તવિક્તા દેખાઈ. જો કે નર્મદા પ્રશ્ને આ અગાઉ પણ ઘણા લોકોએ અનેક વખત અવાજ ઉઠાવેલ છે પણ કોઇ દાદ દેતું નથી અને અન્યાય ચાલુ જ રહે છે.

લેખમાં ઉત્તર ગુજરાતના ૩૫, સૌરાષ્ટ્રના ૪૮ અને કચ્છના ૬. એમાં પણ સત્તા પક્ષના ચાર જ પ્રતિનિધિઓ. એટલે સ્વાભાવિક રીતે અવાજ દબાઈ જવાનો! બાબુભાઈ બોખારિયાનું નિવેદન પણ આપે ટાંકેલ છે અને હાલના પ્રતિનિધિઓની રજૂઆતોનો પણ ઉલ્લેખ છે. પરંતુ તેનું ધાર્યું પરિણામ આવેલ નથી. કચ્છની પ્રજાએ અનેકવિધ અન્યાયો સહન કર્યા છે. પ્રજા હજુ પણ સહિષ્ણુ જ છે. એટલે આપની ધારદાર રજૂઆત સાથે સમગ્ર કચ્છની જનતા પોતાના કદમ આગળ ભરે તેવી અપેક્ષા છે. પણ ઉપર હેડિંગમાં જણાવ્યા પ્રમાણે હોય તો શું થાય?

*ભૂપેન્દ્ર એમ. મહેતા - ભુજ, કચ્છ*

**બે પ્રશ્નોના જવાબ મળતા નથી :**

*પ્રથમ દહીં બનાવનાર મેળવણ ક્યાંથી લાવ્યો હશે?*

*પ્રથમ ઘડિયાળ બનાવનારે કોની ઘડિયાળમાં જોઈને સમય મેળવ્યો હશે?*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## લૉ જર્નલ - એક્સિડેન્ટ્સ ક્લેઇમ્સ જર્નલના વિભાગીય તંત્રી મંડળમાં વરણી



દેશ અને વિદેશમાં વ્યાપક ફેલાવો ધરાવતા લૉ જર્નલ ગ્રુપના એક્સિડેન્ટ્સ ક્લેઇમ્સ જર્નલના વિભાગીય તંત્રી મંડળમાં હાલે કચ્છ - ભુજ સ્થિત વરિષ્ઠ ધારાશાસ્ત્રી **શંકરભાઈ એલ. ઠક્કર**ની તાજેતરમાં વરણી કરવામાં આવી છે. જે કચ્છ જિલ્લા માટે આનંદ અને ગૌરવની વાત છે.

તેઓશ્રી ભુજની શ્રી રામજી રવજી લાલન કૉલેજમાં બી.એ. (ઇકોનોમિક્સ + પોલિટિકલ હિસ્ટ્રી)નો અભ્યાસ પૂર્ણ કરી કાયદાશાસ્ત્રનો અભ્યાસ મુંબઈ ખાતે કે.સી. લૉ કૉલેજમાં કરેલ. અભ્યાસ દરમિયાન મુંબઈથી પ્રકાશિત થતાં 'જન્મભૂમિ' ગ્રુપમાં તંત્રી વિભાગમાં જોડાયેલા. તેમની રીપોર્ટર તરીકેની કામગીરી દરમિયાન, દેશના નામાંકિત મહાનુભાવોની મુલાકાત લેવાનો - મળવાનો સંયોગ તેમને પ્રાપ્ત થયેલ. પરિણામે રાજકીય, સામાજિક તેમજ સાહિત્ય ક્ષેત્રનો બહોળો અનુભવ મળ્યો હતો.

કૉલેજ કાળના અભ્યાસ દરમિયાન યોજાયેલ સંખ્યાબંધ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લઈને તેઓ હંમેશાં અગ્ર ક્રમાંક મેળવતા હતા. મુખ્ય મુદ્દા તારવી, તેના પર અભ્યાસપૂર્ણ છણાવટ કરવાની આગવી હથોટીના કારણે અન્ય પ્રતિસ્પર્ધીઓને પ્રથમ સ્થાનેથી ક્યારેય મચક આપેલ નહીં. ઉચ્ચ સિદ્ધાંતોના કારણે અકસ્માત વળતરના કેસોમાં તેમણે પ્રખર ધારાશાસ્ત્રી તરીકે નામના મેળવી છે.

તેમના અડધી સદીના બહોળા જ્ઞાન તથા અનુભવના કારણે રોજિંદા બની રહેલા માર્ક અકસ્માતના ભોગ બનનારને યોગ્ય આર્થિક વળતર મળી રહે છે, તે આ પ્રદેશના સદ્‌નસીબ ગણાય.

લૉ જર્નલના વિભાગીય તંત્રી મંડળમાં એમના સમાવેશથી કચ્છની જનતા આનંદ અને ગૌરવ અનુભવે એ સ્વાભાવિક છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિભાગીય તંત્રી મંડળમાં ભારતના ૧૩ મહત્ત્વના રાજ્યોમાંથી વરિષ્ઠ અને નામાંકિત ધારાશાસ્ત્રીઓની પસંદગી કરવામાં આવી છે. ગુજરાત તથા દેશમાંથી પ્રગટ થતા કોઈપણ લૉ જર્નલના વિભાગીય તંત્રી મંડળમાં કચ્છ જિલ્લાના ધારાશાસ્ત્રીની પસંદગી થયેલ હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે.

એમની કાર્યદક્ષતાનો લાભ પ્રજાને અવિરત મળતો રહેશે, એવી અપેક્ષા છે.

*રજૂઆત : કિશોર જે. શાહ - ભુજ*

## બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજની ચૂંટણીમાં સતત સાતમીવાર પ્રમુખ ચૂંટાતા હેમરાજ શાહ

તા. ૨૫-૩-૨૦૧૮ના રોજ બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજની વર્ષ ૨૦૧૮થી ૨૦૨૨ માટે યોજાયેલી ચૂંટણીમાં શ્રી હેમરાજ શાહની પેનલને જ્વલંત સફળતા મળી હતી. એ પછી ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં હેમરાજ શાહને મેનેજિંગ ટ્રસ્ટી તરીકે સર્વાનુમતે ચૂંટાયેલ જાહેર કરવામાં આવ્યા હતા. સમાજના સતત ૭મી વાર પ્રમુખ તરીકે ચૂંટાતા શ્રી શાહે જણાવ્યું હતું કે આ પારદર્શક વહીવટનો વિજય છે. એકાદ-બે મહિનામાં ૭ માળનું ગુજરાતી સમાજભવન અંધેરી લિંક રોડ પર મુંબઈની જનતાને સમર્પિત કરવામાં આવશે, એમ બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજની એક યાદીમાં જણાવાયું હતું.

## ગૌવંશને કતલ થતા બચાવીને પોલીસ ફરિયાદ કરવામાં આવી

તા. ૧૦-૩-૨૦૧૮ના રોજ ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના સંચાલક બચુભાઈ પી. રાંભિયા તથા તેમના કાર્યકર્તાઓએ અંબાજીથી ગેરકાયદેસર કતલખાને જતી ખીચોખીચ ગૌવંશ ભરેલી ગાડીનંબર WB 2562 અને બીજી ગાડી નંબર MP-14 HB 2805 નો પીછો કર્યા બાદ રણાસણ ટોલટેક્ષ પાસે પકડીને તેમાંથી ૧૦૧ ગૌવંશ કતલ થતા બચાવી નરોડા પોલીસ સ્ટેશનમાં આ બાબતે આગળની તપાસ અર્થે ફરિયાદ દાખલ કરેલ છે. ઉપર મુજબના તમામ ગૌવંશને ગીતા સૈનિકો દ્વારા નરોડા પાંજરાપોળમાં મૂકી આશ્રય અપાયેલ છે, એમ ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ, અમદાવાદની એક યાદીમાં જણાવાયું છે.

## ‘વિશ્વાસનું એવરેસ્ટ’ : પદ્મશ્રી અરુણિમા સિન્હા



ભારતના વુમન પાવરનો ભવિષ્યમાં જ્યારે પણ ઉલ્લેખ થશે ત્યારે અરુણિમા સિન્હાનું નામ તેમાં અગ્રિમ સ્થાને મૂકાશે. એક રેલવે દુર્ઘટનામાં કેટલાક અનિષ્ટ તત્ત્વો સાથે થયેલી ઝપાઝપી દરમિયાન ચાલુ ટ્રેનમાંથી બહાર ફેંકાયેલી એક યુવતી પોતાના બંને પગ કપાઈ ગયા પછી પણ વિશ્વના સૌથી ઊંચા પર્વતશિખર એવરેસ્ટ પર આરોહણ કરવાની ઝંખના સેવે. એટલું જ નહીં એ ઝંખનાને સાકાર કરી બતાવે એ ઘટના એકવીસમી સદીનો ચમત્કાર જ ગણાય!!

એ સાહસિક યુવતી એટલે અરુણિમા સિન્હા. પોલીસ ડિપાર્ટમેન્ટમાં હેડ કોન્સ્ટેબલ તરીકેની જોબ માટે ઈન્ટરવ્યુ આપવા જવા માટે તા. ૧૧ એપ્રિલ, ૨૦૧૧ના દિવસે લખનૌના ચારબાગ રેલવે સ્ટેશનથી દિલ્હી તરફ જતી પદ્માવતી એક્સપ્રેસ ટ્રેનમાં પ્રવાસ કરી રહી હતી. ટ્રેન બરેલી સ્ટેશન પહોંચે તે પહેલાં દારૂ પીધેલા ચાર-પાંચ યુવાનોએ અરુણિમાના ગળાની ચેઈન ખેંચવા કોશિશ કરી. એથ્લેટ્સમાં પારંગત અને રમતવીર સાહસિક અરુણિમા સિન્હાએ તે યુવાનોનો પ્રચંડ પ્રતિકાર કર્યો. નરાધમ યુવાનોએ અરુણિમા સિન્હાને ચાલુ ટ્રેનમાંથી ધક્કો મારીને બહાર ફેંકી દીધી. એ ગંભીર દુર્ઘટના પછીની સારવાર દરમિયાન અરુણિમા સિન્હાના બંને પગ કાપવા પડ્યા હતા. બંને પગ ગુમાવ્યા પછી પણ ખેલકૂદની ખુમારીને કારણે અરુણિમા સિન્હાએ એવરેસ્ટ આરોહણનું ખ્વાબ જોયું અને એ ખ્વાબ સિધ્ધ પણ કરી બતાવ્યું! આ સિદ્ધિએ અરુણિમાને વુમન પાવર ક્ષેત્રે પૂરા વર્લ્ડની મિશાલ બનાવી દીધી.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સન્માનિત પદ્મશ્રી અરુણિમા સિન્હાના અંગ્રેજી ભાષામાં લખાયેલા આત્મવૃત્તાંત “Born again on the mountain”ના ગુજરાતી ભાષામાં થયેલા અનુવાદ “વિશ્વાસનું એવરેસ્ટ”નું **ગૂર્જર પ્રકાશન - અમદાવાદ** તરફથી પ્રકાશન થયું છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલી અત્યાર સુધીની તમામ આત્મકથાઓમાં “વિશ્વાસનું એવરેસ્ટ” આગવી ભાત પાડતી અને નારીશક્તિનો મહિમા કરતી થ્રીલર ઓટોબાયોગ્રાફી છે. સુધા મહેતા દ્વારા અનુવાદિત આ આત્મકથાનો લોકાર્પણ સમારોહ તા. ૨૦ માર્ચ, ૨૦૧૮ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાતના ગવર્નર માનનીય શ્રી ઓ.પી. કોહલીના વરદ્ હસ્તે સંપન્ન થયો હતો. શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામિ શ્રી નિખિલેશ્વરાનંદજીની પાવન ઉપસ્થિતિમાં અને ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા ‘ગાંધીનગર સમાચાર’ના તંત્રી શ્રી કૃષ્ણકાંત જહાના અતિથિ વિશેષપદે આવો અનોખો સમારોહ યોજાયો હતો. ગૂર્જર પ્રકાશનના સંચાલક **શ્રી મનુભાઈ શાહે** ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. તમામ મહેમાનોએ અરુણિમા સિન્હાની સાહસિકતાને બિરદાવી હતી.

પદ્મશ્રી અરુણિમા સિન્હાએ એવરેસ્ટ આરોહણની ઘટનાને રોમાંચક સ્મરણો સહિત વ્યક્ત કરી હતી. સભાગૃહમાં ઉપસ્થિત અનેક સાહિત્યકારો, પત્રકારો ઉપરાંત સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણી મહાનુભાવોએ પદ્મશ્રી અરુણિમા સિન્હાને રૂબરૂ મળીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

***જો આપણને એવી સમજ પડે કે બીજી વ્યક્તિ મુશ્કેલરૂપ નથી પરંતુ તેના વિચારો તમારાથી અલગ છે. આ સમજાશે તો તમે અનેક લોકો સાથે સંબંધ જાળવી શકશો.***

## માનવ અસ્તિત્વને બચાવવા માટે ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો પ્રયોગ કરીએ



અમદાવાદ - ગાંધીનગર વિસ્તારની વિવિધ સેવાભાવી સંસ્થાઓએ સાથે મળીને તા. ૨૯મી માર્ચે મહાવીર જયંતિની વિશિષ્ટ ઉજવણી કરી હતી. આ પ્રસંગે 'પ્રભુ મહાવીર, તમે ફરી આવોને!' એ વિષય પર એચ.કે. હોલમાં **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ**એ ભગવાન મહાવીરના સિદ્ધાંતોની વર્તમાન સંદર્ભમાં ચર્ચા કરી હતી. એમણે કહ્યું હતું કે ભગવાન મહાવીર અહિંસાની ભાવનાના માત્ર વ્યાખ્યાકાર નહોતા, બલકે એક પ્રયોગવીર હતા અને તેમણે પોતાના સિદ્ધાંતોને અહિંસાની પ્રયોગભૂમિ બનાવી હતી. ભગવાન મહાવીરે દર્શાવ્યું કે **જાતિ, કુળ કે જન્મનો મહિમા નિરર્થક છે. માણસ પોતાના કાર્યથી, ગુણથી અને પરિશ્રમથી મહાન થઈ શકે છે. સમત્વ એ જ સાચો ધર્મ છે.** વળી કુમારપાળ દેસાઇએ કહ્યું કે વસ્તુમા પરિગ્રહ નથી પરંતુ માનવીની આકાંક્ષા, ઈચ્છા, તૃષ્ણા અને મમત્વ ભાવનામાં પરિગ્રહ છે. સ્ત્રીઓને સ્વતંત્રતા બક્ષવા માટે ભગવાન મહાવીરે બે મહાન પરિવર્તનો કર્યા. એક તો જૈન ધર્મના મુખ્ય વ્રતોમાં બ્રહ્મચર્યને સ્થાન આપ્યું અને બીજું સ્ત્રી સંન્યાસીની થઈ દીક્ષિત થાય તો સંસારના સર્વ બંધનોથી મુક્ત બને તેમ કહ્યું.

આ રીતે પોતાના વ્યાખ્યાનના સમાપનમાં વિચારક ડૉ. કુમારપાળ દેસાઇએ કહ્યું કે આજે માનવ અસ્તિત્વને બચાવવા માટે અને સમષ્ટિના શુભ કાજે આપણે કહેવું જોઈએ કે "પ્રભુ મહાવીર, તમે ફરી આવો ને!" આ પ્રસંગે પીકોલા શાહ અને ડૉ. નિમેષ શાહે ગીત પ્રસ્તુતિ કરી હતી અને જુદી જુદી સંસ્થાના અગ્રણીઓએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સર્વશ્રી અરવિંદભાઈ પી. શાહ અને અન્ય સહુએ કર્યું હતું. આ કાર્યક્રમમાં સંવેગ લાલભાઈ, ગૌરવભાઈ શેઠ, પૂજ્યશ્રી શર્મિષ્ઠાબેન, શ્રીપાળભાઈ શાહ, હસમુખભાઈ ગઢેચા, રાકેશભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ

### ચૈત્રીબીજ - શ્રી દરિયાલાલ જયંતિ તથા વાર્ષિક અહેવાલ સમારોહ

શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ દ્વારા ચૈત્રી બીજ - શ્રી દરિયાલાલ જયંતિ મહોત્સવ તથા વાર્ષિક અહેવાલની રજૂઆતનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૮-૩-૨૦૧૮ના રોજ પાલડી - અમદાવાદ ખાતે ખૂબ જ ઉત્સાહ અને ઉમંગભેર રીતે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી થઈ હતી અને ત્યારબાદ સમાજના જ નાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી.

સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠક્કર (અનમ)એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ચૈત્રીબીજ - દરિયાલાલ જયંતિ નિમિત્તે આવકાર સાથે સૌનું અભિવાદન કર્યું હતું. વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ માટે નવી કારોબારી સમિતિના સભ્યોની રચના અને તેની જાહેરાત અગાઉના એક કાર્યક્રમમાં થઈ હતી. તે મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ માટે શ્રી કીર્તિભાઈ મણિલાલભાઈ બારૂના પ્રમુખપદના હોદ્દાની વિધિસર જાહેરાત કરવામાં આવી હતી. જેને સમાજના જ્ઞાતિજનોએ તાળીઓના ગડગડાટથી વધાવીને નવા પ્રમુખશ્રીનું અભિવાદન કર્યું હતું.

ત્યારબાદ સમાજના ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ઠક્કરે નવા પ્રમુખશ્રીનો ટૂંક પરિચય આપીને તેમને નવી કામગીરી માટે શુભેચ્છા પાઠવી હતી. બીજી તરફ, પ્રમુખપદેથી વિદાય લઈ રહેલા શ્રી જગદીશભાઈ ઠક્કરની સમાજ પ્રત્યેની ઉત્કૃષ્ટ સેવાકીય કામગીરીની નોંધ લીધી હતી. સભાગૃહમાં ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોએ સ્ટેન્ડિંગ ઑવેશન આપીને તેમનું આદરપૂર્વક સન્માન કર્યું હતું.

આ અવસરે સમારંભના કુલ ૨૧ સૌજન્ય દાતાશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમ માટે નોંધપાત્ર દાતાશ્રીઓ નક્કી કરીને તેઓના નામ નોંધાવવા માટે સમાજના શ્રી વિજયભાઇ એસ. ઠક્કરનું વિશેષ સન્માન કરવામાં આવેલ. સમાજના મંત્રી શ્રી વિશાલભાઈ ઠક્કરે ચાલુ વર્ષના વાર્ષિક અહેવાલ સાથે વાર્ષિક હિસાબની વિગતો રજૂ કરી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત લગભગ ૫૦૦ જ્ઞાતિજનોએ શ્રી દરિયાલાલ દેવની સમૂહ આરતી કરીને ભોજન - પ્રસાદનો સ્વાદ માણ્યો હતો.

***મંત્રીશ્રી : શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ***

*વૃત્તિ શ્રેષ્ઠ હોય તો કોઈ પણ પ્રવૃત્તિ શ્રેષ્ઠ જ થવાની.*

વિવિધતા

# હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃદ્ધિ

## નારીના વિવિધ રૂપ : ગેમ-૧



ભાવના એ. ઝવેરી

*ભારતીય સમાજમાં સ્ત્રીના અનેક રૂપ ગણાવાયા છે. જીવનના દરેક તબક્કે અલગ નામ સાથે ઓળખ ધરાવતી સ્ત્રીના કેટલાક રૂપ દર્શાવાયા છે.*

**ગેમ : નારીના વિવિધ રૂપ**

૧. એકથી બાર વર્ષની ઉંમરે કહેવાય
૨. બારથી પંદર વર્ષની ઉંમરે કહેવાય
૩. સોળ વર્ષની ઉંમરે કહેવાય
૪. વીસ વર્ષની ઉંમરે કહેવાય
૫. ચાલીસ વર્ષની ઉંમરે કહેવાય
૬. સાંઇઠ વર્ષની ઉંમરે કહેવાય
૭. પરણેલી સ્ત્રી જેનો પતિ હયાત છે
૮. જેનો પતિ મરણ પામ્યો હોય તેવી સ્ત્રી
૯. પતિએ જેનો ત્યાગ કર્યો છે તેવી સ્ત્રી
૧૦. હરણ જેવી આંખોવાળી સ્ત્રી
૧૧. જેનું એક પણ બાળક મરણ ન પામ્યું હોય તે.
૧૨. સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી
૧૩. ઉત્તમ લક્ષણો ધરાવતી સ્ત્રી
૧૪. સુંદર કંઠ ધરાવતી સ્ત્રી.
૧૫. વિવિધ શાસ્ત્રોમાં પારંગત સ્ત્રી
૧૬. પતિના વિરહમાં તડપતી સ્ત્રી
૧૭. કોઈ વાતમાં સમજે નહીં તેવી સ્ત્રી
૧૮. પતિની પાછળ મરનાર સ્ત્રી
૧૯. જે બહાદુર અને નીડર હોય તે સ્ત્રી
૨૦. જેને એક પણ બાળક ન હોય તે.
૨૧. તાજા તાજા લગ્ન થયા હોય તે સ્ત્રી
૨૨. દેખાવમાં કુરુપ અને કાળી સ્ત્રી
૨૩. પ્રભુ ભક્તિમાં લીન હોય તેવી સ્ત્રી
૨૪. અન્યાય સામે વિકરાળ રૂપ ધારણ કરી સામનો કરે તે.
૨૫. દર્દીઓની સારવાર કરનાર
૨૬. સ્વર્ગની પરી

**(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)**

# આધાર કાર્ડ વગર નિરાધાર પ્રજા

એક સમય હતો કે લોકો પાસે માત્ર એક જ કાર્ડ હતું અને તે 'રાશનકાર્ડ.' મોરારજીભાઈ દેસાઈના સમયમાં તો આ કાર્ડ પણ જતું રહ્યું હતું. પરંતુ હવે તો જાણે કે ભારતની સરકાર અને તેનું તંત્ર કાર્ડ પર જ ચાલે છે! જાતજાતના અને ભાતભાતના રોજે રોજ નવા કાર્ડ નીકળી રહ્યા છે. બેંકમાં જાવ તો એ.ટી.એમ. કાર્ડ, ખરીદી કરવા જાવ તો ક્રેડિટ કાર્ડ, વાણિજ્ય વેપાર આદિ માટે પાન કાર્ડ, મોબાઈલ ફોન માટે સીમ કાર્ડ, ચૂંટણીમાં મત આપવા માટે ચૂંટણી કાર્ડ. આ ઉપરાંત સરકારી અન્ય યોજનાઓ માટે અનેક કાર્ડ નીકળી પડ્યા છે. આજે લોકોના ખિસ્સામાં રૂપિયા ઓછા ને કાર્ડ વધુ હોય છે. આટલા બધા કાર્ડ સાચવવા અઘરા થઈ પડે છે કેમકે રૂપિયા ખોવાઈ જાય તો ચાલે પણ આમાંથી કોઈ કાર્ડ ખોવાઈ જાય તો માણસ બેહોશ થઈ જાય છે. આમ રૂપિયાની ચિંતા કરતા આ કાર્ડની ચિંતા વધી ગઈ છે!!

તેમાં પણ આધાર કાર્ડે તો લોકોને પાયમાલ કરી નાખ્યા છે. જ્યાં જાવ ત્યાં આધાર કાર્ડ બતાવવું પડે છે. બેંકમાં ખાતું ખોલાવવું હોય, ગેસનો બાટલો નોંધાવવો હોય, સબસીડી મેળવવી હોય, રેલવેની ટિકિટ જોઈતી હોય, વિદ્યાર્થીને સ્કોલરશિપ કે મજૂરને મજૂરીના પૈસા જોઈતા હોય તો પણ આધાર કાર્ડની જરૂર પડે છે. આજે લોકોની એવી હાલત થઈ ગઈ છે કે આધાર વગર પ્રજા નિરાધાર થઈ ગઈ છે. જાણે કે દેશને એક આધારનો જ આધાર છે.

રાજનેતાઓ ચૂંટણી ટાણે જાતજાતના વચનો આપે છે. ગઈ લોકસભાની ચૂંટણીમાં ભાજપવાળાઓએ 'કોંગ્રેસ મુક્ત ભારત'નું સૂત્ર આપ્યું હતું. તેમ હવે કોઈ રાજકીય પક્ષ **'આધાર કાર્ડ મુક્ત પ્રજા'**નું વચન આપશે તો તે પક્ષ જંગી બહુમતીથી ચૂંટાઈ આવશે એમ લાગે છે!!

*રજનીકાંત ઓઝા - ભુજ (કચ્છ)*

## કવિ માધવ રામાનુજના હસ્તે 'કલર્સ ઑફ રણ' પુસ્તકનું વિમોચન



કચ્છમાં ભચાઉ તાલુકાના ચોબારી ગામે વાગડ પ્રાકૃતિક સંઘના નેજા હેઠળ તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં જાણીતા કવિ અને સર્જક માધવ રામાનુજે રામજી મેરિયાના અંગ્રેજી પુસ્તક 'કલર્સ ઑફ રણ'નું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે સંખ્યાબંધ કચ્છી કલાકારો, કવિઓ અને સાહિત્ય રસિકોની ઉપસ્થિતિમાં કવિ માધવ રામાનુજે પોતાની કવિતાનું પઠન કરી સાહિત્ય રસિકોના દિલ જીતી લીધા હતા. કલર ફોટોગ્રાફ્સ અને રણની વિવિધ માહિતીસભર પુસ્તકનું વિમોચન કરતાં કવિએ વાગડમાં આધુનિક યાત્રાધામ વિકસી રહ્યા હોવાની લાગણી વ્યક્ત કરી હતી. **આ અવસરે અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહેલા અને 'કચ્છશ્રુતિ' તથા 'સેતુ' મેગેઝિનના માનદ્ સલાહકાર હંસરાજભાઈ કંસારા**એ કચ્છના લેખકો, કલાકારો અને કવિઓને માણીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. કવિ પ્રભુ સિદ્ધપુરા તથા કવિ મૂળજી ચાવડાએ પોતાની રચના રજૂ કરીને સર્વેની દાદ મેળવી હતી. આ કાર્યક્રમ સવારે ચોબારી અને બપોર બાદ એકલ માતા મંદિરના પાછળના સફેદ રણમાં યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય પંકજભાઈ મહેતા, પૂર્વ નાણાંમંત્રી બાબુભાઈ મેઘજી શાહ, યોગી દેવનાથ બાપુ, ચિત્રકાર બાબુભાઈ સોની સહિત અનેક કલા રસિકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાણા ભગત કલાકાર વૃંદે કચ્છી ગુજરાતી સંગીત પીરસીને સૌની પ્રશંસા મેળવી હતી. કાર્યક્રમની સાથે કચ્છ વાગડની લોકકલા, સંસ્કૃતિ, જીવસૃષ્ટિ અને રણની તસવીરોનું પ્રદર્શન પણ યોજાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પત્રકાર અશ્વિન ઝિંઝુવાડિયાએ તથા આભારદર્શન હંસરાજભાઈ કંસારાએ કર્યું હતું.

## ભુજમાં વિજયરાજજી પુસ્તકાલયમાં કવિ માધવ રામાનુજ સાથે સાહિત્ય રસિકોનું મિલન યોજાયું

કવિતાનું સર્જન કરતાં તેના વિશે બોલવું વધારે વિકટ છે. કાવ્ય સર્જન વખતે શબ્દો રીતસરનું આક્રમણ કરતા હોય છે. જાણીતા સર્જક, કવિ, પત્રકાર માધવ રામાનુજે તાજેતરમાં ભુજ ખાતે વિજયરાજજી પુસ્તકાલયમાં સાહિત્ય રસિકો અને સર્જકો સાથેના મિલનમાં આ પ્રમાણે જણાવ્યું હતું. કવિ માધવ રામાનુજે પોતાની અમદાવાદ પ્રાણી સંગ્રહાલયના ડૉ. રૂબીન ડેવિડ તથા પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના જીવનચરિત્ર પરથી લખેલી નવલકથા કયા સંજોગોમાં લખાઇ તેની રસપ્રદ વિગત રજૂ કરી હતી. તેમણે પોતાની કાવ્ય રચનાઓની પણ રજૂઆત કરી હતી. શરૂમાં, વિજયરાજજી પુસ્તકાલયના પ્રમુખ ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન કરી માધવ રામાનુજ તથા અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહેલા હંસરાજભાઈ કંસારાનું સ્વાગત કર્યું હતું. કવિ માધવ રામાનુજે અસ્ખલિત વાણીમાં રસિકોને રસ તરબોળ કર્યા હતા. કાર્યક્રમમાં સંજય ઠક્કર, કરમશીભાઈ પટેલ, કીર્તિભાઈ ખત્રી, હરેશભાઈ ધોળકિયા, નિરૂપમ છાયા, ડૉ. કાંતિભાઈ ગોર, ગૌતમ જોશી, **ગ્રંથપાલ વિજયરાજજી જાડેજા** સહિત બહોળી સંખ્યામાં સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

*(વર્તમાનપત્ર પર આધારિત)*

***સંકલન : દિનેશ આર. મહેતા***

***કામ હોય ત્યારે જ કોઈને યાદ કરીને 'કેમ છો?' એમ પૂછો તો તે સ્વાર્થ કહેવાય. કામ ન હોય છતાં અવારનવાર રૂબરૂ કે ફોન દ્વારા 'કેમ છો?' પૂછો તો એને સંબંધ કહેવાય.***

### ગેમ : નારીના વિવિધ રૂપ : જવાબો

(૧) બાલિકા, (૨) કુમારિકા, (૩) ષોડશી, (૪) નવયૌવના, (૫) પ્રૌઢા, (૬) વૃદ્ધા, (૭) સૌભાગ્યવતી, (૮) વિધવા, (૯) ત્યક્તા, (૧૦) મૃગનયની, (૧૧) અખોવન, (૧૨) અભિસારિકા, (૧૩) સુલક્ષણા, (૧૪) કોકીલ કંઠી, (૧૫) વિદુષી, (૧૬) વિજોગણ, (૧૭) દાધારંગી, (૧૮) સતી, (૧૯) વીરાંગના, (૨૦) વાંઝણી, (૨૧) નવોઢા, (૨૨) કદરૂપી, (૨૩)પૂજારણ, (૨૪) ચંડિકા, (૨૫) પરિચારિકા, (૨૬) અપ્સરા.

# પુસ્તક પરિચય

## કચ્છી કહેવતો વિશે ગુજરાતી ભાષામાં ભાવાર્થ સાથે ઉપયોગી પુસ્તક

*સમીક્ષા : બાબુલાલ ગોર - ભુજ*

## કચ્છી ચોવકું (કહેવતો)

*લે. : શ્રી અરવિંદભાઈ ડી. રાજગોર*

વર્તમાન સમયમાં કચ્છી ભાષાને જાણવા, સમજવા તરફ આકર્ષણ સતત વધતું રહ્યું છે. હાલ કચ્છી ભાષામાં વિવિધ પુસ્તકો લખાઈ રહ્યા છે અને પ્રકાશિત પણ થઈ રહ્યા છે. પ્રસ્તુત પુસ્તક કચ્છી ચોવકું (કહેવતો)ના લેખક શ્રી અરવિંદભાઈ રાજગોર મૂળ તો કોટડી મહાદેવ ગામ, તાલુકો માંડવી, કચ્છના છે. વ્યવસાયે વર્ષોથી મુંબઈ ઘાટકોપરમાં વસવાટ કરી રહ્યા છે. માતૃભૂમિ કચ્છ અને માતૃભાષા કચ્છી માટે તેમને ખૂબ જ પ્રીતિ છે. એટલે માતૃભાષા કચ્છીમાં સાહિત્ય સર્જન કરતા રહ્યા છે. તેમણે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરીને કચ્છી ભાષા માટે ઉપયોગી કાર્ય કરેલ છે. **આ પુસ્તકમાં કચ્છી કહેવતો ગુજરાતી ભાવાર્થ સાથે પ્રસિધ્ધ કરેલ છે. તેના કારણે ગુજરાતી ભાષા જાણનાર બિન કચ્છી ભાષીને પણ તેના વાંચન દ્વારા કચ્છી ભાષા સમજવામાં સરળતા થશે.** આથી અગાઉ આ પુસ્તકની બે આવૃત્તિઓ પ્રકાશિત થઈ ચૂકી છે. તેને કચ્છ અને ગુજરાતના વાચકોએ બહોળો આવકાર આપેલ. તેથી આ નવી આવૃત્તિ વધુ કહેવતોનો સમાવેશ કરીને પ્રકાશિત કરેલ છે.

કહેવતો વિશે કહેવાયું છે તે પ્રમાણે "વિશ્વની દરેક ભાષાઓમાં કહેવતોનો વપરાશ થાય છે." આ સંદર્ભમાં અરબી ભાષામાં એક કહેવત છે : "મીઠા વગરનું ભોજન લૂખું, તેમ કહેવત વગરની ભાષા લૂખી." ભાષામાં કહેવતોનો ઉપયોગ કરવાથી તે ભાષા બોલચાલમાં તથા લખાણમાં અને પ્રવચનમાં પ્રભાવશાળી પુરવાર થાય છે.

કહેવતો, એ વિદ્વાનો અને અનુભવીઓના મુખેથી નીકળેલા વચનો છે, જે ભાષાને જોરદાર બનાવે છે. આ સંદર્ભમાં પ્રસ્તુત છે એક કહેવત કચ્છીમાં ગુજરાતી ભાવાર્થ સાથે :

### *"અક ડિસીને ઘોડા ગુડ્યાં"*

માડુકે ડ્રા પેતો તડેં મગજ કમ નતો કરે, ન કરેજા કમ ઈ કરે વિઞેતો. ચોર પણ અક કે લશ્કર સમજીને ડ્રાજા માર્યા ઘોડેકે મારેજી ક્યોં તેંજી ગાલ ન્યાર્યું.

ઘાડે તે વઈને કિતરાક ચોર ભગાતે, વાટમેં અકજા જાડ હવામેં હલંધા ડિસી, અંધારેમેં ચોરેંકે લગો પુઠિયા રાજાજો લશ્કર અચેંતો. ઈં સમજી ડ્રામેં ને ડ્રામેં પિંઢ ડુંગરજી ઝાડિયેમેં લિકી વ્યા ને ઘોડા લશ્કરજે માડુએંકે કમ ન અચેં તેંલા ઘોડે કે કપે વિધાં. કેડી મૂર્ખાઈ ક્યો. તેનુંણા ચોવાજેતો – "અક ડિસીને ઘોડા ગુડ્યાં."

*ભાવાર્થ :* આકડા જોઈને ઘોડા ગુડે (મર્યા).

માણસને ડર પેસે છે ત્યારે મગજ કામ નથી કરતું. ન કરવાના કામ એ કરી નાખે છે. ચોરો પણ આંકડાના ઝાડને લશ્કર સમજીને ડરના માર્યા ઘોડાઓને મારવાની મૂર્ખાઈ કરી તેની વાત જોઈએ.

ઘોડા ઉપર બેસીને કેટલાક ચોર નાસી જઈ રહ્યા હતા. રસ્તામાં આકડાના ઝાડને પવનથી હાલતા જોઈ અંધારામાં ચોરોને લાગ્યું કે પાછળ રાજાનું લશ્કર આવે છે. એમ સમજી ડરમાં ને ડરમાં પોતે ડુંગરની ઝાડીઓમાં સંતાઈ ગયા અને ઘોડા લશ્કરના માણસોને કામ ન આવે તે માટે ઘોડાને કાપી નાખ્યા (મારી નાખ્યા.) આવી મૂર્ખાઈ કરી ત્યારથી કહેવાય છે, "આકડા જોઈને ઘોડા ગુડે."

આ રીતે ગુજરાતી ભાવાર્થ સાથે આ પુસ્તકમાં ૨૦૧ કહેવતો વિશેના લેખો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. પ્રારંભમાં કચ્છી ભાષામાં ઉચ્ચારની સમજ આપતું લખાણ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. અભ્યાસુઓ, સંશોધકો તથા રસજ્ઞ ભાવકો માટે આ વાંચવા યોગ્ય સરસ પુસ્તક છે.

*પ્રકાશક :* અરવિંદભાઈ દયારામભાઈ રાજગોર
૧, શંકર જ્યોત, પ્લોટ નં.-૨૫૬, આર.એન. નારકર રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
મો. ૯૯૮૭૯૬૫૭૯૮

*નવી આવૃત્તિ :* ૨૦૧૭

*પૃષ્ઠ સંખ્યા :* ૩૫૨

*કિંમત :* રૂા. ૨૬૦/-

### મેઘાલયનો અનોખો પુલ

***મેઘાલયના ચેરાપુંજીમાં પુલ બનાવવામાં નથી આવતા પણ ઉગાડવામાં આવે છે. અહીં રબ્બર ટ્રી અને સોપારીના ઝાડના મૂળને ભેગા કરીને ૧૦૦ ફુટથી વધુ લાંબા પુલ બનાવવામાં આવેલ છે.***

## કોમ્પ્યુટરને સવાલ

આત્મા એટલે શું?
પૂછ્યું કોમ્પ્યુટરને
પ્રશ્નાર્થ ચિહ્ન બની તે ઊભું રહ્યું.

જગન્નિયંતા ઈશ્વરના
અસ્તિત્વ વિશે પૂછ્યું,
તો આશ્ચર્યચિહ્ન ચમકી ઊઠ્યું.

માનવી ને કોમ્પ્યુટર -
સર્વોપરી છે કોણ?
લાગ્યું મનમાં ને મનમાં
કે એ મલકી ઊઠ્યું.

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## કંટક સાથે ગુલાબ

કંટકમાંયે જુઓ ગુલાબ આવ્યો છે,
કોણ કહે છે જમાનો ખરાબ આવ્યો છે?
સૂર્ય લાવે સવાર કે સવાર લાવે સૂર્ય?
સવાલ પહેરીને જવાબ આવ્યો છે.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

## પાછી આવી છું

જીવન મરણની પેલે પારથી પાછી આવી છું
બસ, હવે જાત માટે જીવવા આવી છું

સંઘર્ષ વેદનાને જીરવીને પાછી આવી છું
બસ, હવે બેપરવા બનીને જીવવા આવી છું

તમસો મા જ્યોતિર્ગમય સાંભળી પાછી આવી છું
બસ, હવે સુગંધી જીવન જીવવા આવી છું

**મૃત્યુની અલગ દુનિયા જોઈને પાછી આવી છું**
**બસ, હવે દુનિયાના અવનવા રંગો જોવા આવી છું**

ગળામાં બાઝેલા ડૂચાને ચીસમાં ફેરવવા આવી છું
બસ, હવે જાત માટે જીવવા પાછી આવી છું

*(કેન્સરગ્રસ્ત સખીના પુનઃજીવનને યાદ કરીને)*

*રમીલા પી. મહેતા - ભુજ (મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯)*

## બીજ ખીલેં....

દાગ છૂંદી ડંખ મારે, આપણા લ્યો!
ખોફ ઝીંકી આગ ઓકે તાપણા લ્યો!
વૃધ્ધતાને આંચકાથી માર આપે,
શ્વાસ ટૂંપી, જીવ પીંખે, ખાંપણા લ્યો!
ચૂમવા અંબર ઈજન દે, કેમ ઠેલે?
હર્ષ ઉગે, આથમે ખાલીપણા લ્યો!
રૂપ-સીરત મેળ ખાતાં, રંગ જામ્યો,
છૂટતાં ને ભાગતાં એકલપણા લ્યો!
બાગની મધુરપ, નદીની ખડખડાટી,
ને મહાલે સોણલાં થોડાઘણા લ્યો!
શબ્દ જોડે પ્રીત બાંધી છે 'કમર' જ્યાં,
બીજ ખીલે, એમ ખીલે, ધારણા લ્યો!

*ખત્રી હુસેન ઇસ્માઇલ, કમર-કચ્છી – ભુજ, કચ્છ.*
*મો. ૯૭૨૭૫ ૯૨૩૯૮*

## કુડા માડુ

ધોનિયા કે ભનાઇ ફેરેં કુડા માડુ,
સચો, ખોટો કરીને ફેરેં કુડા માડુ.
કોધરત વટે આય ન્યાય માડુ,
પાં ભેરો કીં ન હલંધો કુડા માડુ.
લખું ભનાઇ ગિનધા કુડા માડુ,
મેડે હિતે પ્યો રોંધો 'દિલકશ' કુડા માડુ.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮, ૮૫૩૦૭ ૧૬૦૪૬*

## મોકલું છું...

વાંચજે શબ્દોને ઉકેલી મોકલું છું,
ગઝલ લાગણીથી લખેલી મોકલું છું.
મહેકતી રહેલી સદાય બાગમાં જે,
પામવા ખુશ્બુ ચમેલી મોકલું છું.
ચોતરફ દોડતી નસનસમાં જે,
લાગણી સૌથી નિરાલી મોકલું છું.
ભટકતી રહેતી યાદો જે કૈંક રાતોથી,
આજ એ તારલે મઢેલી મોકલું છું.
કે 'અતુલ' વસું જ્યાં દરવાન પેઠે,
રહેવા દિલની હવેલી મોકલું છું.

*અતુલ ઉપાધ્યાય 'અતુલ' - ભુજ, કચ્છ (મો. ૯૯૦૯૧ ૨૦૫૦૨)*

# પરિવાર સમાચાર

## સરનામા ફેરફાર

- **કુણાલ નરેન્દ્ર શાહ**
  બી-૩૦૨, ત્રીજે માળે, સન ઈવૉક,
  જીટીપીએલ બિલ્ડિંગની લાઈનમાં,
  ઑફ સિંધુ ભવન રોડ,
  બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.
  ફોન : (૦૭૯) ૪૮૯૧૧૮૭૬

- **CA કે. કે. ઠક્કર**
  એન-૧૦૦૩, ઈસ્કોન પ્લેટીનમ,
  બોપલ રિંગ રોડ, સમર્પણ બંગ્લોઝની પાસે,
  અમદાવાદ-૩૮૦ ૦૫૮.

- **મહેન્દ્રભાઈ વિશનજી શાહ**
  એ-૫૦૧, દેવ સોલીટેર, બંસરી બંગ્લોઝની બાજુમાં,
  વિનસ એટલાન્ટીસની પાછળ, પ્રહલાદનગર,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૪૨૭૬૩૧૮૪૧

- **સંજયભાઈ શાંતિલાલ મહેતા**
  ૩૦૨, કલા સ્ક્વેર, ત્રીજે માળે, ગીતાબાગ,
  પાણીની ટાંકીની બાજુમાં, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૩૨૭૦ ૨૪૦૧૨

- **વિશાલભાઈ મહેન્દ્રભાઈ શાહ**
  એ-૬૦૧, દેવ સોલીટેર, બંસરી બંગ્લોઝની બાજુમાં,
  વિનસ એટલાન્ટીસની પાછળ, પ્રહલાદનગર,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

*૧૯૧૯ની ૧૩મી એપ્રિલે અમૃતસરના જલિયાંવાલા બાગમાં ચળવળકારીઓ એકઠા થયા હતા. એ વખતે પંજાબીઓનો તહેવાર વૈશાખી હતો. ત્યાંના અંગ્રેજ અધિકારી રેજિનાલ્ડ ડાયરે પોતાની સેનાને આ ટોળી પર ગોળીબાર કરવાનો હુકમ આપ્યો હતો. આ સમયે લગભગ ૧૦૦૦ વ્યક્તિઓના મોત થયા હતા.*

## લગ્ન વિષયક : કન્યા જોઇએ છે



*નામ* : **ચિંતન દીપક શાહ**
*પિતાનું નામ* : દીપક હરિલાલ પોપટલાલ શાહ
*માતાનું નામ* : હીનાબેન
*જન્મ તારીખ* : ૧૩-૨-૧૯૮૬
*ઊંચાઈ* : ૫'૫" ● *વજન* : ૫૫ કિ.ગ્રા
*દેખાવ* : સારો
*અભ્યાસ* : એસ.એસ.ઇ. - નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓપન સ્કૂલિંગ
*શોખ* : મ્યુઝિક, મુવી ● *વ્યવસાય* : સર્વિસ
*જ્ઞાતિ* : કચ્છી ગૂર્જર વીસા (સ્થાનકવાસી)
*મૂળ વતન* : ભુજ, કચ્છ
*ભાઈ* : – ● *બહેન* : એક (પરણિત)
*સરનામું* : સી/૭૦૫, રિવરસાઈડ પાર્ક, APMC માર્કેટની સામે, વૈશાલી ટાઉનશિપની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
*મોબાઈલ* : ૮૦૧૭૧ ૩૩૨૬૭, ૯૦૫૧૪ ૯૯૩૭૪
*ઈ-મેઈલ* : dipakshah146@gmail.com

## લગ્ન વિષયક : કન્યા જોઇએ છે

શ્રી કચ્છી જૈન ગૂર્જર જ્ઞાતિ. દક્ષિણ ભારત સ્થિત સુખી પરિવારના દેખાવડા યુવક ૧૯૭૨, ૫'૧૧", ગ્રેજ્યુએટ અને પોતાના બિઝનેસમાં વેરી વેલ સેટલ્ડ. ઘરમાં માતા અને પોતે બે જણા છે. ૨૦ વર્ષ બાદ માત્ર પગમાં તકલીફ થતાં વોકર્સ / સ્કુટર દ્વારા વ્યવસ્થિત મુવમેન્ટ થાય છે તેમજ પોતાની મોડીફાઈડ ટાઈપની કાર ડ્રાઈવ પણ કરે છે. તેના માટે શારીરિક રીતે સક્ષમ, સંસ્કારી, વેજિટેરિઅન કન્યા આવકાર્ય છે.
**સામાન્ય પરિવાર, શહેર, જ્ઞાતિ, અભ્યાસ બાધ નથી.**
**સંપર્ક : ૯૦૩૭૬ ૮૨૦૬૨, ૯૪૪૭૩ ૬૮૯૪૬,**
**૯૯૨૪૩ ૪૨૬૨૮, ૯૬૩૮૪ ૦૫૩૦૦**

- ❖ *ફેસબુક લીલા રંગમાં રંગાયેલ કેમ દેખાય છે તેનો કોઈ દિવસ વિચાર આવ્યો છે? જવાબ એ છે કે ફેસબુકના સી.ઈ.ઓ. અને ફાઉન્ડર માર્ક ઝુકરબર્ગને કલર બ્લાઈન્ડનેસની બીમારી હતી. તેથી તેમને પીળા અને લાલ રંગમાં તફાવત દેખાતો ન હોવાથી ફેસબુકનો રંગ લીલો રાખવામાં આવેલ છે.*
- ❖ *જો આપણે એકથી લાખ સુધીના અંકોને અંગ્રેજીમાં લખીએ તો કોઈ પણ અંકના લખાણમાં 'C' અક્ષરનો ઉપયોગ નહીં આવે.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદને પ્રાપ્ત થયેલ ડોનેશન/સૌજન્યની વિગત

| | |
|---|---|
| રૂા. ૨૧,૫૦૦/- | **શ્રી ચીમનલાલ વલમજી પલણ – બોનાફાઈડ બ્રોકર્સ / રાધાવલ્લભ ગ્રુપ**<br>(તા. ૨૧-૩-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ ધારાસભ્યશ્રીઓના સન્માનના કાર્યક્રમનો સંપૂર્ણ ખર્ચ) |
| પુસ્તકોના ૮ સેટ | **શ્રી મનુભાઈ શાહ - ગૂર્જર પરિવાર**<br>(તા. ૨૧-૩-૨૦૧૮ના રોજ ધારાસભ્યશ્રીઓને સન્માનવા ૬ બુકનો એક સેટ કે જેની એક સેટની કિંમત રૂા. ૧,૦૪૦/- થાય તેવા ૮ સેટ) |
| રૂા. ૫,૦૦૦/- | **શ્રી અજય કાંતિલાલ શાહ (આયોનાઈટ સોફટવેર પ્રા.લિ.)** તરફથી<br>તેમના સુપુત્ર રાહુલના લગ્ન પ્રસંગે સમાજને સપ્રેમ ભેટ. |

## વિદ્યાર્થી દત્તક યોજના

કચ્છશ્રુતિ માર્ચ-૨૦૧૮ના અંકમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા દાખલ કરવામાં આવનાર ''વિદ્યાર્થી દત્તક યોજના'' વિશેની જાણકારી આપવામાં આવેલ હતી.

વિદ્યાર્થીઓને દત્તક લેવા માટે સમાજના સક્ષમ પરિવારો સાથે વિનિમય ચાલી રહેલ છે અને અત્યાર સુધી જરૂરી સંખ્યાના વિદ્યાર્થીઓને દત્તક લેવા માટે દાતા પરિવારશ્રીઓ તરફથી સારો એવો સહકાર સાંપડી રહેલ છે.

''વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ'' દ્વારા કચ્છશ્રુતિના મે-૨૦૧૮ના અંકમાં વિગતવાર માહિતી આપવામાં આવશે કે જેની સહુ કોઈએ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

''વિદ્યાર્થી દત્તક યોજના'' વિદ્યાર્થીઓ માટે અમલી બનાવવામાં આવી રહેલ છે કે જેના અંતર્ગત અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારોના ધોરણ-૧૦, ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા આર્થિક રીતે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને સહાયરૂપ બની શકાય.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *સંચાલિત* ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરી સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જવા પામેલ છે અને સમાજના અનેક લોકોએ તેનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધેલ છે. આ લાઈબ્રેરીમાં વાંચવાલાયક એટલે કે કચ્છ વિભાગ, નવલકથા વિભાગ, નવલિકા વિભાગ, સામાજિક વિભાગ, હાસ્ય વિભાગ, રહસ્યકથા વિભાગ, જીવનચરિત્ર વિભાગ વગેરે વિવિધ વિભાગના પુસ્તકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આપશ્રી હજુ સુધી આ લાઈબ્રેરીના સભ્ય ના બન્યા હો તો આપશ્રીને વહેલાસર આ લાઈબ્રેરીના સભ્ય બની, વિવિધ વાંચન સામગ્રીનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

લાઈબ્રેરીના સભ્ય બનવા માત્ર રૂા. ૧૦૦/- (નોન રીફંડેબલ) ભરી, જિંદગી પર્યંતના સભ્ય બની શકાય છે.

એક સાથે વધુમાં વધુ ૩ બુક ઘેર લઈ જવા આપવામાં આવશે કે જે વધુમાં વધુ ૩૦ દિવસ રાખી શકાશે.

સહુને આ લાઈબ્રેરીના સભ્ય બની શિષ્ટ વાંચનનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

***કન્વીનર - લાઇબ્રેરી સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

# કચ્છશ્રુતિ લવાજમ

હાલે કચ્છશ્રુતિના અંકો અનેક ડિપોઝીટ ધારકોને વિનામૂલ્યે મોકલવામાં આવે છે. સાથે સાથે અનેક કચ્છી મહાનુભાવોને કોમ્પ્લિમેન્ટરી કોપી તરીકે પણ મોકલવામાં પણ આવી રહેલ છે.

છેલ્લા અનેક મહિનાઓથી કચ્છશ્રુતિનું લવાજમ ભરવા માટે દરેક મહાનુભાવને અપીલ કરવામાં આવી રહેલ છે. જેની સામે અનેક ડિપોઝીટ ધારકોએ તેમજ કોમ્પ્લિમેન્ટરી કોપી મેળવનાર મહાનુભાવોએ સ્વેચ્છાએ પોતાના લવાજમની રકમ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલી આપેલ છે. અનેક મહાનુભાવોએ પોતાના નવા સભ્યપદ પણ નોંધાવેલ છે. દરેક સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર. તેમ છતાં હજુ અનેક ડિપોઝીટ ધારકોએ પોતાના લવાજમની રકમ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પર મોકલી આપેલ નથી. એ જ રીતે જેઓને કોમ્પ્લિમેન્ટરી કોપી મળે છે તે મહાનુભાવોએ પણ પોતાના લવાજમની રકમ મોકલી આપેલ નથી.

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદને હવે નાછૂટકે નિર્ણય લેવો પડે તે પરિસ્થિતિ ઊભી થવા પામેલ છે કે તે માત્ર લવાજમ ભરનાર સભ્યોને જ કચ્છશ્રુતિ મોકલવાનું ચાલુ રાખી શકશે.**

ડિપોઝીટ ધારક ઈચ્છે તો પોતાની ડિપોઝીટની રકમ ડિપોઝીટ ભર્યાની રસીદ રજૂ કરીને કોઈ પણ સમયે પરત મેળવી શકે છે અથવા તો તેટલી ઓછી રકમ ભરીને બાકીના લવાજમની રકમ ભરી શકે છે. કચ્છશ્રુતિના ડિપોઝીટ ધારકે માત્ર રૂા. ૩૦૦/૫૦૦ ડિપોઝીટ તરીકે ભરીને છેલ્લા ૨૦/૧૫/૧૦ કે ૫ વર્ષથી કચ્છશ્રુતિ વિનામૂલ્યે મેળવેલ છે. સરવાળે, એ બોજ તો કચ્છી સમાજની આર્થિક પરિસ્થિતિ પર આવે છે. તેથી એ મહાનુભાવોને વિનંતી કે શક્ય હોય તો લવાજમની પૂરેપૂરી રકમ શક્ય ત્વરાએ મોકલી આપે. જેથી તેઓને નિયમિતપણે કચ્છશ્રુતિ મળવાનું ચાલુ રહી શકે અને તેઓ સમાજના સમાચારોથી વંચિત ના રહેવા પામે.

જે મહાનુભાવોને કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવી રહેલ છે એ મહાનુભાવોને પણ વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પર મોકલી આપે.

*કચ્છશ્રુતિના પ્રવર્તમાન લવાજમના દર નીચે મુજબ છે :*

| | | |
|---|---|---|
| બે વર્ષનું લવાજમ | : | રૂા. ૫૦૦/- |
| પાંચ વર્ષનું લવાજમ | : | રૂા. ૧૦૦૦/- |
| આજીવન (પંદર વર્ષનું) લવાજમ | : | રૂા. ૧,૫૦૦/- |

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

નામ / Name : **શ્રી કચ્છી સમાજ — અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.**
બેંક : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬.
**Bank** : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006.
ખાતા નંબર : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952**
આઈએફએસ કોડ : **IFS Code : SBIN0005306**

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને SMS, વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું સભ્યપદ

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત સમગ્ર કચ્છી પરિવારોની એકમાત્ર માતૃસંસ્થાની ગણના કરવામાં આવે તો તે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ છે.

એક અંદાજ મુજબ આ બે જિલ્લામાં ૫૦૦૦થી પણ વધુ કચ્છી પરિવારોનો કાયમી વસવાટ છે કે જેઓને એકસૂત્રે બાંધી રાખતી હોય તો તે સંસ્થા એટલે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ છે.

આ સંસ્થાને મજબૂત બનાવવી તે આપણા સહુનું કર્તવ્ય છે.

આપશ્રીને વિનંતી કરવામાં આવે છે કે હજુ સુધી આપશ્રી આ સંસ્થાના સભ્ય ના બન્યા હો તો વહેલી તકે તેના સભ્ય બની જવું જરૂરી છે. આપશ્રીની આજુબાજુમાં રહેતા કચ્છી પરિવારોને પણ આપશ્રી માર્ગદર્શન આપી આ સંસ્થાના સભ્ય બનાવી શકશો.

સંસ્થાના સભ્ય બનવા માટે એક જ વખત લાઈફટાઈમ સભ્ય ફી ભરવાની હોય છે કે ડોનેશન આપવાનું હોય છે, જેની વિગત નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| પેટ્રન સભ્ય | : | રૂા. ૫,૦૦,૦૦૦/- | (ડોનેશન સ્વરુપે) |
| દાતા સભ્ય | : | રૂા. ૧,૦૦,૦૦૦/- | (ડોનેશન સ્વરુપે) |
| માનદ્ સભ્ય | : | રૂા. ૧૦,૦૦૦/- | (ડોનેશન સ્વરુપે) |
| આજીવન સભ્ય | : | રૂા. ૧,૦૦૦/- | (સભ્ય ફી સ્વરુપે) |

આપશ્રી, આપશ્રીની ઈચ્છા મુજબ કોઈ પણ એક કેટેગરીના સભ્ય બની શકો છો.

સભ્યપદના ફોર્મ, સમાજની ઓફિસેથી પ્રાપ્ત થઈ શકશે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## ‘કચ્છશ્રુતિ’ના પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

| | | |
|---|---|---|
| • શ્રી નિખિલ પ્રફુલભાઈ શાહ | અમદાવાદ | ૧૫ વર્ષ |
| • શ્રી કમલેશ શામજીભાઈ લાલન | અમદાવાદ | ૧૫ વર્ષ |
| • શ્રી અમિતકુમાર સ્વરૂપચંદ કોરડિયા | અમદાવાદ | ૧૫ વર્ષ |
| • શ્રી પ્રફુલચંદ્ર પી. હીરજી | મુંબઈ | ૧૫ વર્ષ |
| • શ્રી અતુલ કેશવલાલ સંઘવી | અમદાવાદ | ૧૫ વર્ષ |
| • શ્રી કીર્તિકુમાર કેશવલાલ સંઘવી | અમદાવાદ | ૧૫ વર્ષ |
| • શ્રી વિનોદ વસંતરાય જોશી | અમદાવાદ | ૧૫ વર્ષ |
| • શ્રી પ્રો. એચ.સી. ધોળકિયા | વડોદરા | ૫ વર્ષ |
| • શ્રી કિરીટ વસંતલાલ સંઘવી | અમદાવાદ | ૧૫ વર્ષ |
| • શ્રી દીપક ધીરજલાલ ગડા | અમદાવાદ | ૨ વર્ષ |
| • શ્રીમતી બાલાબેન આર. ઠક્કર | અમદાવાદ | ૫ વર્ષ |
| • શ્રી જ્ઞાનચંદ ત્રિકમદાસ ભાનુશાલી | અમદાવાદ | ૨ વર્ષ |
| • શ્રી ભદ્રેશભાઈ વી. શાહ | ચેન્નાઈ | ૧૫ વર્ષ |
| • શ્રી નારાયણભાઈ પી. શાહ | અમદાવાદ | ૨ વર્ષ |
| • શ્રી આર. યુ. અસનાની | અમદાવાદ | ૨ વર્ષ |
| • ભુદરભાઈ દેવજીભાઈ ઠક્કર | અમદાવાદ | ૧૫ વર્ષ |

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નવા નોંધાયેલા સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| • શ્રી દર્શન જનાર્દન વૈશ્નવ | - | અમદાવાદ | આજીવન |
| • શ્રી નિખિલ પ્રફુલભાઈ શાહ | - | અમદાવાદ | આજીવન |
| • શ્રી મનિષ પ્રફુલભાઈ શાહ | - | અમદાવાદ | આજીવન |
| • શ્રી અમિતકુમાર સ્વરૂપચંદ કોરડિયા | - | અમદાવાદ | આજીવન |
| • શ્રીમતી મનિષાબેન નૌતમલાલ ત્રિપાઠી | - | ગાંધીનગર | આજીવન |
| • શ્રી વિનોદભાઈ વસંતરાય જોશી | - | અમદાવાદ | આજીવન |
| • શ્રી કિરીટ વસંતલાલ સંઘવી | - | અમદાવાદ | આજીવન |
| • શ્રી ચિત્રસેન રવજી શાહ | - | અમદાવાદ | આજીવન |
| • શ્રી અનિલ હંસરાજ ઘોઘારી | - | અમદાવાદ | આજીવન |
| • શ્રી હસમુખભાઈ ખીમજીભાઈ મહેતા | - | અમદાવાદ | આજીવન |
| • શ્રી જ્ઞાનચંદ ત્રિકમદાસ ભાનુશાલી | - | અમદાવાદ | આજીવન |
| • ભુદરભાઈ દેવજીભાઈ ઠક્કર | - | અમદાવાદ | આજીવન |
| • સુનિલકુમાર ગોવિંદજીભાઈ શાહ | - | અમદાવાદ | આજીવન |

*મનુષ્યના હાડકાંઓ સ્ટીલથી પાંચ ગણા વધુ શક્તિશાળી હોય છે.*

# ‘કચ્છશ્રુતિ’ના અંકો પરત આવવા બાબત

નીચે મુજબના સભ્યોને મોકલવામાં આવેલ ‘કચ્છશ્રુતિ’ના માર્ચ-૨૦૧૮ના અંકો પરત આવેલ છે. જે વાચકને આ સભ્યોના હાલના સરનામાની ખબર હોય તેઓને આ સભ્યોના સરનામા સંસ્થાના કાર્યાલય ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ના સરનામા પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

| ક્રમ | સબસ્ક્રાઇબર નંબર | નામ | સરનામા |
|---|---|---|---|
| ૧. | ૧૫૧૬ | શ્રી સચીન કનુભાઈ કોટક | એ-૨૧, કહાન એપાર્ટમેન્ટ, સરકારી ટ્યુબવેલ પાસે, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮. |
| ૨. | ૧૫૧૫ | શ્રી પ્રકાશભાઈ ભાણાભાઈ રાપરિયા | બી-૭૦૩, ફેરડિલ હાઉસ, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. |
| ૩. | ૩૫૧ | આશાબેન સતીષભાઈ મજીઠિયા | ફેશન વર્લ્ડ, ૯, હરસિધ્ધિ ચેમ્બર્સ, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. |
| ૪. | ૧૫૧૭ | શ્રી ઉમેદભાઈ ગણેશભાઈ ઠક્કર | ૬૦૩, આદિશ્વર ટાવર, શનિદેવ મંદિર પાસે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. |
| ૫. | ૧૧૬૮ | શ્રી મનુભાઈ ગઢવી | સંતોષી માતાજીના મંદિર સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. |

# પરત આવેલ ટપાલ

નીચે મુજબના કચ્છી પરિવારના સભ્યોને લખવામાં આવેલ ટપાલ પરત આવેલ છે. તેમના હાલના સરનામા કોઈ પાસે હોય તો તે સરનામા સમાજના કાર્યાલય પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

| ક્રમ | નામ | સરનામા |
|---|---|---|
| ૧. | શ્રી તુલસીભાઈ ખીમજીભાઈ પટેલ | એ-૭૦૨, સાગર સમ્રાટ ટાવર, જલારામ મંદિર ક્રોસિંગ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| ૨. | શ્રી વી. જે. ધોળકિયા | બી-૧૧૨, શક્તિ નગર, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. |
| ૩. | રશ્મિબેન ગોવિંદભાઈ | આદર્શ નિવાસી આદિજાતિ કન્યાશાળા, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨ ૦૦૨. |
| ૪. | શ્રી વસંતભાઈ દામજીભાઈ ઠક્કર | ૫૪, સત્યમ બંગલો, કર્ણાવતી ક્લબ સામે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. |
| ૫. | શ્રી મેહુલ અજિતકુમાર ત્રિવેદી | ૩૦૧, રૂદ્રાલય એપાર્ટમેન્ટ, મ્યુનિ. સ્કૂલ, મુક્તિ મેદાન પાછળ, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. |
| ૬. | શ્રી મધુસુદન પ્રાણશંકર ભટ્ટ ‘જ્યોતિષ’ પરિવાર | પ્લોટ નં.-૨૨૧, જૈન દેરાસર પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર-૩૮૨ ૦૨૨. |
| ૭. | શ્રી કીર્તિભાઈ ભુદરલાલ રૈયા | ૪, મધુજીવન સોસાયટી, કાલુપુર બેંકની સામે, અંકુર - નારાણપુરા, રોડ, નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. |
| ૮. | આશાબેન સતીષભાઈ મજીઠિયા | ફેશન વર્લ્ડ, ૯, હરસિધ્ધ ચેમ્બર, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. |
| ૯. | શ્રી કનૈયાલાલ હરિલાલ ઠક્કર | ૨, સત્યમ એપાર્ટમેન્ટ, સંસ્કારભારતી સોસાયટી, જૈન દેરાસર પાસે, નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. |
| ૧૦. | શ્રી અમિતકુમાર દિલીપભાઈ ચૌહાણ | પ્લોટ નં. ૯૯૦/૨, સેક્ટર-૫/સી, ગાંધીનગર-૩૮૨ ૦૦૭. |
| ૧૧. | શ્રી રમેશભાઈ ભવાનભાઈ ઠક્કર | એ-૧, સૂર્યા કોમ્પ્લેક્સ, નવનીત હાઉસની સામે, ગુરૂકુળ, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨. |
| ૧૨. | શ્રી ઉમેદભાઈ ગણેશભાઈ ઠક્કર | ૬૦૩, આદિશ્વર ટાવર, શનિદેવના મંદિરની સામે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. |
| ૧૩. | શ્રી લક્ષ્મીચંદ શામજી છેડા | ૧૫, સ્વપ્ન લોક, ૧લે માળે, લૉ ગાર્ડન સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| ૧૪. | શ્રી દિલીપભાઈ ડી. આઈયા | પ્લોટ નં. ૭૬/૩, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨ ૦૨૦. |
| ૧૫. | અલ્પનાબેન દિનેશચંદ્ર નાનજી રૂપારેલ | બી-૪૦૨, પંચગીની એપાર્ટમેન્ટ, રામદેવનગર ચાર રસ્તા, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. |
| ૧૬. | કસ્તુરીબેન ખીમજી આણંદજી લોડાયા | ૨, કાંકરિયા એપાર્ટમેન્ટ, સરદાર પટેલ હોસ્પિટલ સામે, રામબાગ, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. |
| ૧૭. | શ્રી કીર્તિ ભારમલ નાગડા | ૧૫, મારૂતિનંદન બંગ્લોઝ, કે.કે. નગર ચાર રસ્તા, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧. |
| ૧૮. | શ્રી આનંદ રસિકભાઈ ભાણજીભાઈ પટેલ | લવાડ ફાર્મ, બાયડ રોડ, દહેગામ-૩૮૨ ૩૦૫. |
| ૧૯. | શ્રી કાનજીભાઈ હરજીભાઈ લાલજીભાઈ પટેલ | નિષ્કલંક ભુવન, કેરોસીન ડૅપો પાસે, ગાંધીનગર - મહુડી રોડ, પેથાપુર, ગાંધીનગર-૩૮૨ ૬૧૦. |
| ૨૦. | શ્રી કમલેશભાઈ સવજીભાઈ લધાભાઈ પટેલ | ૯૦૨/૨, ડી.એસ.પી. ઓફિસ સામે, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨ ૦૨૮. |
| ૨૧. | શ્રી અશોકકુમાર શિવરામ રતાણી | પ્રતાપનગર સોસાયટી, પેથાપુર, ગાંધીનગર-૩૮૨ ૬૧૦. |
| ૨૨. | શ્રી ખીમજીભાઈ રવજીભાઈ છેડા પરિવાર | એ/૧-૧, આમ્રપાલી ફ્લેટ, સુખીપુરા બસ સ્ટોપ પાસે, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. |
| ૨૩. | શ્રી ખુશાલ નરશી સોની | ૫, નૂતન પાટીદાર કો.ઓ.હા. સોસાયટી, જવાહર ચોક, વલ્લભવાડી, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. |
| ૨૪. | શ્રી ખીમજીભાઈ કાલીદાસ તન્ના | હકીમ શેરી, ખરવાડ, સરખેજ, અમદાવાદ. |
| ૨૫. | શ્રી કેશવભાઈ અરજણભાઈ પટેલ | ૪૩, ઉત્તર ગુજરાત પટેલ સોસાયટી, અસારવા, અમદાવાદ-૩૮૦ ૦૧૬. |

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## માર્ચ / એપ્રિલ - ૨૦૧૮

**★ બુધવાર, તા. ૭-૩-૨૦૧૮**

- બુધવાર, તા. ૨૧-૩-૨૦૧૮ના ધારાસભ્યશ્રીઓના સન્માન તથા ચિંતન શિબિરના કાર્યક્રમ માટે શાહીબાગ ખાતેનું સરકિટ હાઉસ - એનેક્સી બુક કરાવ્યું. રાજ્યકક્ષાના મંત્રીશ્રી તથા અંજાર વિભાગના ધારાસભ્ય શ્રી વાસણભાઈ આહીર, ભુજ વિભાગના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી વીરેન્દ્રસિંહ જાડેજા, ગાંધીધામ વિભાગના ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી તથા રાપર વિભારના ધારાસભ્ય શ્રીમતી સંતોકબેન આરેઠિયા સાથે ફોન પર વાત કરી તેઓશ્રીને આ કાર્યક્રમમાં પધારવા આમંત્રિત કર્યા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તેઓશ્રીએ કન્ફર્મ પણ કર્યું.
- સમાજનું ખાતું સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં છે. હાલે કેટલાક સમયથી તેઓનું ક્લિયરિંગ હાઉસ આપણે ઈસ્યુ કરેલ ચેકો 'સિગ્નેચર ડીફર થાય છે' તે નેજા હેઠળ રીટર્ન કરે છે. જો કે અગાઉ રીટર્ન કરેલ ચેકોની પેનલ્ટીનું પેમેન્ટ તેમણે રીટર્ન કરી દીધેલ. તેમ છતાં આજે બીજા બે ચેક રીટર્ન કર્યા. તેના થકી આપણી સાથે કામ કરનાર પાર્ટીઓને તકલીફ પડે છે. તેથી અન્ય કોઈ બેંકમાંથી ખાતું ઑપરેટ કરવાની વિચારણા ચાલુ કરવામાં આવેલ છે.

**★ શુક્રવાર, તા. ૯-૩-૨૦૧૮**

- વર્ષ ૨૦૧૭ના અંત ભાગના તથા વર્ષ ૨૦૧૮ના કચ્છશ્રુતિની જાહેરાતના બીલો લગભગ તૈયાર કરી ટાઈપમાં મૂક્યા.
- બુધવાર, તા. ૨૧-૩-૨૦૧૮ના ધારાસભ્યશ્રીઓના સન્માનના કાર્યક્રમના નિમંત્રણો પોસ્ટથી તથા વોટ્સ ઍપથી મોકલવાના શરૂ કર્યા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ, કારોબારી સભ્યો, દરેક ઘટક સમાજના પ્રમુખશ્રી - મંત્રીશ્રી તથા વિશિષ્ટ આમંત્રિતોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવી રહેલ છે. ધારાસભ્યશ્રીઓના સન્માનનો આ કાર્યક્રમ મુખ્યત્વે શ્રી ચીમનભાઈ પલણના આર્થિક પીઠબળના કારણે યોજાઈ રહેલ છે.

**★ શનિવાર, તા. ૧૦-૩-૨૦૧૮**

- ગુલબાઈ ટેકરા ખાતે વિદ્યાર્થિનીઓ માટેના કે.પી. વિદ્યાર્થીગૃહ ખાતે આજરોજ મેગેઝિન ક્લબની એક મીટિંગ યોજવામાં આવેલ હતી. લગભગ ૨૫૦ વિદ્યાર્થિનીઓ રહી શકે તેવું આ કડવા પાટીદારોનું વિદ્યાર્થિની ગૃહ છે. ત્યાં અન્ય જ્ઞાતિની વિદ્યાર્થિનીઓને પણ જગ્યા હોય તો રહેવા આપે છે. વર્ષ ૨૦૧૭-૧૮થી જ તેનું નવું મકાન બનાવી તેને શરૂ કરવામાં આવેલ છે.
- આજરોજ શ્રી કચ્છી સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીના પ્રમોટર સભ્યોની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર ઉપસ્થિત રહેવા પામેલ હતા. સોસાયટીના ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયાએ અત્યાર સુધી આ સોસાયટી, સોસાયટીના રજિસ્ટ્રાર પાસે રજિસ્ટર કેમ ના કરી શકાઇ તેની વિગતો આપેલ હતી અને હવે તેના નિયમો બદલાઈ ગયેલ હોવાથી નવેસરથી ઓનલાઈન રજિસ્ટર કરાવવી પડશે તેવી વિગતો પણ સમજાવેલ હતી. ઉપસ્થિત સભ્યોમાંથી કેટલાક સભ્યોનું મંતવ્ય હતું કે સમાજ માટે સોસાયટી ખાસ ઉપયોગી ન હોવાથી સોસાયટીની કાર્યવાહી બંધ કરવામાં આવે. જ્યારે કેટલાક સભ્યોનું મંતવ્ય હતું કે સમાજ માટે આ એક ખૂબ જ અગત્યનું અને ઉપયોગી સાધન હોવાથી અને સમાજના કેટલાક સભ્યોને તેના થકી આર્થિક રીતે વ્યવસાય વધારવામાં તે ઉપયોગી હોવાથી આ સોસાયટીની કાર્યવાહી ચાલુ રાખવામાં આવે. આજની સભામાં પ્રમોટર સભ્યોની ઉપસ્થિતિ પાંખી હોવાથી હવે પછી ફરીથી વધુમાં વધુ પ્રમોટર સભ્યો ઉપસ્થિત રહે એ રીતે મીટિંગ બોલાવી, તેમાં નિર્ણય લેવામાં આવે તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું.

**★ સોમવાર, તા. ૧૨-૩-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સરનામા - ટેલિફોન ડિરેક્ટરીની એક હાર્ડ કોપી આ સમિતિના કન્વીનર શ્રી ભરતભાઈ ઓઝાએ જે તૈયાર કરી આપેલ છે તેમાંથી જે સભ્યો સમાજના કે કચ્છશ્રુતિના સભ્યો નથી તેમને પત્રો મોકલવાનું કામ ચાલુ છે. આજે પણ ૫૦ જેટલા સભ્યોને પત્રો મોકલી આપવામાં આવ્યા.

**★ મંગળવાર, તા. ૧૩-૩-૨૦૧૮**

- સામાજિક સુરક્ષા સમિતિના જનરલ નીતિ-નિયમો બનાવી શ્રી જેન્તીભાઈ લાકડાવાલાએ તેમની સમિતિના સભ્યોને મોકલી આપેલ હતા. એ નિયમોના ધોરણે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સામાજિક સુરક્ષા સમિતિના નીતિ-નિયમો બનાવી જેન્તીભાઈ લાકડાવાલાને મોકલી આપ્યા.
- શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતા સરકિટ હાઉસ એનેક્સી જઈ તા. ૨૧-૩ના ધારાસભ્યશ્રીઓના સન્માનના

કાર્યક્રમની પૂર્વ તૈયારી કરી આવ્યા. ૨૧-૩ના કાર્યક્રમના સમૂહ ભોજનનો મેનુ પણ ફાઈનલ કરી આવ્યા.

★ **બુધવાર, તા. ૧૪-૩-૨૦૧૮**

- બુધવાર, તા. ૨૧-૩-૨૦૧૮ના ધારાસભ્યશ્રીઓના સન્માનના કાર્યક્રમ માટે ધારાસભ્યશ્રીઓને રૂબરૂ આમંત્રણ આપવા શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી દિનેશ મહેતા તથા શ્રી જેન્તીભાઈ લાકડાવાલા ગાંધીનગર ગયા હતા. શ્રી વાસણભાઈ આહીર, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા તથા શ્રીમતી માલતીબેન મહેશ્વરી રૂબરૂ મળેલ હતા. અન્યો સાથે ફોન પર વાત કરી આમંત્રણ આપેલ હતા.
- ગાંધીનગરથી પાછા ફરતા પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાને રૂબરૂ મળી કાર્યક્રમમાં પધારવાનું આમંત્રણ આપેલ હતું.
- ગાંધીનગરથી પાછા ઘરે પહોંચતા શ્રી દિનેશ મહેતાને સ્કુટર પર એક્સિડન્ટ થયેલ કે જેના કારણે તેમના ડાબા હાથે સારી એવી ઈજા થયેલ હતી.

★ **સોમવાર, તા. ૧૯-૩-૨૦૧૮**

- શ્રી મનુભાઈ શાહ - ગૂર્જર પ્રકાશનને ત્યાંથી ધારાસભ્યશ્રીઓના સન્માન માટે છ બુકનો એક સેટ એવા ૮ સેટ સમાજની ઓફિસ પર આવી ગયા હતા.

★ **બુધવાર, તા. ૨૧-૩-૨૦૧૮**

- આજે સાંજના ૭ વાગે સરકિટ હાઉસ એનેક્સી, શાહીબાગ ખાતે કચ્છમાંથી ગત વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટાયેલ બધા જ છ ધારાસભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી તથા અંજાર વિભાગના ધારાસભ્ય શ્રી શ્રી વાસણભાઈ આહીર, ભુજ વિભાગના ધારાસભ્યશ્રી ડૉ. નીમાબેન આચાર્ય, અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા તથા અંજાર વિભાગના ધારાસભ્ય શ્રીમતી સંતોકબેન આરેઠિયા ઉપસ્થિત રહેલ હતા. માંડવી વિભાગના ધારાસભ્યશ્રી વીરેન્દ્રસિંહ જાડેજા તથા ગાંધીધામ વિભાગના ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી અનિવાર્ય સંજોગોના કારણે ઉપસ્થિત રહી શકેલ ન હતા. અંદાજિત ૭૦ જેટલા કચ્છી અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહેવા પામેલ હતા. *(આ કાર્યક્રમનો વિગતવાર અહેવાલ કચ્છશ્રુતિના આ જ અંકમાં અન્યત્ર આપેલ છે.)*

★ **ગુરુવાર, તા. ૨૨-૩-૨૦૧૮**

- ગઈકાલના ધારાસભ્યશ્રીઓના સન્માન તથા ચિંતન શિબિરના કાર્યક્રમનો અહેવાલ તૈયાર કરી કચ્છમિત્ર પર તથા અન્ય કચ્છી મેગેઝિનો પર મોકલી આપેલ હતો. સન્માન કાર્યક્રમના ફોટા પણ આજે આવી ગયેલ હતા.

★ **શનિવાર, તા. ૨૪-૩-૨૦૧૮**

- ધારાસભ્યશ્રીઓના સન્માનના કાર્યક્રમનો અહેવાલ આજરોજ 'કચ્છમિત્ર'માં પ્રસારિત કરવામાં આવેલ છે.

★ **મંગળવાર, તા. ૨૭-૩-૨૦૧૮**

- સ્પાન ટ્રેડ એસોસિએશનની આજે સાંજના ૪ વાગે એ.જી.એમ. મળેલ હતી. જેમાં વર્ષના હિસાબોને મંજૂર કરવામાં આવ્યા. ત્રીજી લિફ્ટ નાખવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને સ્પાનનું નવું બંધારણ પણ સર્વાનુમતે પાસ કરવામાં આવ્યું.

★ **શનિવાર, તા. ૩૧-૩-૨૦૧૮**

- ૨૦૧૭ના છેલ્લા મહિનાઓના કચ્છશ્રુતિના જાહેરાતના બીલો તથા વર્ષ ૨૦૧૮ના કચ્છશ્રુતિના જાહેરાતના બીલો બની ગયા પછી ટોટલ ઉઘરાણીનું સ્ટેટમેન્ટ બનાવી તેને આજથી ટાઈપમાં મૂક્યું.

★ **સોમવાર, તા. ૨-૪-૨૦૧૮**

- દીપ ઈન્ડસ્ટ્રીઝના શ્રી પારસભાઈ સાવલા સાથે ફોન પર વાત થયેલ. વિદ્યાર્થી દત્તક યોજના માટે તેઓશ્રીએ ૫ વિદ્યાર્થીઓની જવાબદારી સ્વીકારેલ હતી. તેમને આભારનો પત્ર લખીને મોકલી આપવામાં આવેલ.

★ **મંગળવાર, તા. ૩-૪-૨૦૧૮**


- પટેલ ટૂર્સવાળા શ્રી મેઘજીભાઈ પટેલની રૂબરૂ મુલાકાત લેવામાં આવી. વિદ્યાર્થી દત્તક યોજનામાં તેઓશ્રીએ એક વિદ્યાર્થીની જવાબદારી સ્વિકારી. પબ્લિક વેહીકલ પરના ગુજરાત રાજ્યના અસાધારણ વેરા અંગે તેઓએ વિગત આપેલ હતી. એ પ્રમાણે ધારાસભ્યશ્રીઓને લખવાનો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો. કચ્છશ્રુતિ માટે તેઓશ્રીની મલ્ટીકલર ફુલ પેઈજ ૬ મહિનાની જાહેરાત નક્કી કરવામાં આવી.
- તા. ૧૨-૪-૨૦૧૮ના યોજવામાં આવનાર ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગનો એજન્ડા તૈયાર કરીને આજે બધા જ ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યો પર મોકલી આપવામાં આવેલ.
- બીનાબેન સાવલાને મુંબઈ ફોન કરી વિદ્યાર્થી દત્તક યોજના માટે એક વિદ્યાર્થીની જવાબદારી સ્વિકારવાનું તેમની સાથે નક્કી કરવામાં આવ્યું.

★ **બુધવાર, તા. ૪-૪-૨૦૧૮**

- આજે સાંજના ૬ વાગે સામાજિક સુરક્ષા સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં સર્વશ્રી જેન્તીભાઈ લાકડાવાલા, અશોક મહેતા, ભરત ઓઝા, અતુલભાઈ સોની, મનુભાઈ કોટડિયા, દીપકભાઈ ચૌહાણ તથા દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા. આ યોજના વિશે અનેકવિધ ચર્ચા કરવામાં આવી. આ યોજનામાં આગળ વધવું કે નહીં તે પર પણ ચર્ચા કરવામાં આવી. છેવટે વધુ સભ્યોની હાજરીમાં મીટિંગ બોલાવી, આ બાબતે નિર્ણય કરવો તેવું નક્કી કરવામાં આવેલ હતું. ■

# શબ્દ શોધ : ૭૧

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨
● પ્રદીપ જોશી - આદિપુર ●



## આડી ચાવીઓ

૧. એતબાર, ભરોસો (૩)
૪. મનની શાંતિ, શાંત પડવું કે પાડવું એ (૩)
૬. દુષ્ટ, હરામનું ખાનારું (૫)
૭. સ્નાયુ અને સાંધાઓને ગતિશીલ રાખવા એમને મસળવાની ક્રિયા (૩)
૯. મડદાને દાટવાની ક્રિયા (૩)
૧૧. સરસ્વતી દેવી (૩)
૧૩. દક્ષતા, ચતુરાઈ (૪)
૧૪. અતિશય, પુષ્કળ (૪)
૧૬. અધોગતિ (૩)
૧૮. મુંબઈનું એક જાણીતું પરું (૩)
૨૦. સોનું, ધન (૩)
૨૧. જુલમ કરવામાં પૂરું (૫)
૨૪. ધૂર્ત, ઠગારો (૫)
૨૫. 'કાતર'નો કચ્છી ભાષામાં શબ્દ (૩)
૨૬. પોતાની કળા માટે જાણીતું એક પક્ષી (૨)

## ઊભી ચાવીઓ

૧. વિસામો, થાક લેવો એ (૩)
૨. સાહજીક, સ્વાભાવિક (૩)
૩. સપ્તાહનો પ્રથમ દિવસ (૪)
૪. ૨૨ સપ્ટેમ્બરથી ૨૨ નવેમ્બર સુધીની ઋતુ (૩)
૫. આંખ (૩)
૮. સારા સ્વભાવની સ્ત્રી (૩)
૧૦. મોસમનો પાક (૩)
૧૧. ડહાપણ (૩)
૧૨. છેડો, પાલવ (૩)
૧૩. સરસ્વતી દેવીનું પીઠ સ્થાન, શંકરાચાર્યજીની દ્વારકામાંની ગાદી (૫)
૧૫. જરૂર પૂરતો ખર્ચ કરવાનું કાર્ય (૫)
૧૭. આરોપ, આક્ષેપ (૪)
૧૯. પરવાનગી (૨)
૨૦. હાથ (૨)
૨૨. બેસ્ટ ઓફ _______ (૨)
૨૩. બળ, તાકાત (૨)

## શબ્દશોધ : ૭૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| દા | સ | | | | શિ | વા | લ | ય |
| મ | હા | દે | વ | | વ | | | |
| | ય | વ | ન | | | | ગા | |
| | કા | | | | સો | ડ | મ | |
| | ર | સ | ના | | મ | કા | ઇ | |
| | ક | ન | ક | | વા | ર | | આ |
| | | | | | ર | | પ | ર |
| મ | હા | સા | ગ | ર | | પા | ર્વ | તી |
| સ | મ | | ર | મ | જા | ન | | |

### શબ્દ શોધ : ૬૯ / ૭૦ નો ઉકેલ મોકલાવનારના નામ

● મહાભાઈ આર. વોરા - ભુજ
● જીગરભાઈ આર. દોશી - માધાપર
● વસંતબેન વી. ગોર - ગાંધીધામ
● દિલીપ કે. શાહ - ભુજ
● નીલેશ વી. શાહ - ભુજ
● કીર્તિદા વી. વોરા - અંજાર
● અભય સી. મહેતા - મુંદ્રા
● કમલ એસ. ઝવેરી - માંડવી
● અશોક એન. મહેતા - ભુજ
● રશ્મિ એસ. સાવલા - ભુજ

*૨૫૨૦ એવો નાનામાં નાનો નંબર છે કે જેને ૧થી ૧૦ સુધીના બધા જ આંકડાથી ભાગી શકાય છે.*


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS
CAGES
CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES
STEEL
CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE
CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED
COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ
જેમાં ફુલી ડિજીટીલાઇઝ્ડ આઈસીયુઓ અને
ઓપરેશન થીયેટર,
૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને
૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

● પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
● GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન. ● સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

**મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર**

- એનેસ્થેસિયોલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઇનોલોજી
- ઇએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટ્રેટીક એન્ડ આઇવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઇ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ [illegible] ડિસીઝ
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રૂમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક
ટ્રાન્સકેથેટેર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા
5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)
ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) · NABH · NABH · GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

CIMS® Care Institute of Medical Sciences

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:


હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004
પ્રેરણા સ્રોત
શ્રી લોહાણા મહાપરિષદ
અખિલ ગુજરાત લોહાણા સમાજ
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
શ્રી કચ્છી સમાજ અમદાવાદ
અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ


Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV
GROUP
Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers
Website : www.ramdevgroupindia.com


જીવદયા
કરુણા
અહિંસા
ધ્રુણી
પાંજરાપોળ
શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક


Bharat B. Gala
Nanvinchandra D. Dedhia
Raju
ENTERPRISE
RE- ROLLING /
S.S PATTA-PATTI
179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005480, 9825733710


ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬
દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપલ


INSTA-POWER
DISTRIBUTION TRANSFORMER
OTHER PRODUCTS
Furnace Transformer
Lighting Transformer
Isolation Transformer
Online UPS
Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
COMFORT INSTA-POWER LTD.


જાહેરાત આવકાર્ય


જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬


Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com

**DHOLU CONSTRUCTION AND PROJECTS LIMITED**
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax : +91 79 2656 44 36 email: dholucon@gmail.com
**MINING CONTRACTORS**

**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal H. Shah : 98250 33598 • Mumbai : Punit H. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

**Available on HIRE**
- Gas Engine Driven Generators Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors Range : 10 HP to 3000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar
Phone # 91-79-27571128
Fax # 91-79-27502494
Email info@deepindustries.com

**PRARAMBH**
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
**RUDANI INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency | Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 | Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 | Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)